Thursday, 03 July 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦


કાર્યને વાવશો તો સ્વભાવને લણસો,
સ્વભાવને વાવશો તો ચારિત્રને લણસો
અને ચારિત્ર્યને વાવશો તો ચારિત્રને લણસો
અને ચારિત્ર્યને વાવશો તો ભાગ્યને લણસો.
- શ્રી મહાપાત્ર
માઁ વિશ્વંભરી તીર્થયાત્રા ધામ
મુ. રાબડા, તા.જી. વલસાડ
www.jaymaa.org

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી
RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૧૭૨ ● સંવત-૨૦૮૧ અષાઢ સુદ આઠમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## દીવ-દમણનો રહેવાસી બતાવી પોર્ટુગલ-યુ.કે.ની ખોટી નાગરિકતા મેળવનાર સમીર લાખાણીની મુંબઈ એરપોર્ટ પરથી કરાઈ ધરપકડ

**૩૭ વર્ષિય સમીર મામોડિયા નામના શખ્સને મુંબઈ એરપોર્ટ પરથી કસ્ટડીમાં લેવામાં આવ્યોઃ મુંબઈ એરપોર્ટ ઉપરથી ઝડપાયેલા શખ્સનું અસલી નામ સમીર લાખાણી છે જે ભૂતપૂર્વ ભારતીય નાગરીક છે**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**મુંબઈ, તા. ૦૨**

મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ઉપર આંતરરાષ્ટ્રીય છેતરપિંડી કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સોમવારે લંડનથી આવેલા ૩૭ વર્ષિય સમીર મામોડીયા નામના શખ્સની તપાસ દરમિયાન તેની પાસેથી દીવ-દમણનો રહેવાસી હોવાની નકલી ઓળખ હોવાનું જણાયું હતું. જેથી તેને એરપોર્ટ પરથી કસ્ટડીમાં લેવાયો હતો. લુક આઉટ એલર્ટને કારણે તેની અટકાયત કરાઈ હતી. ત્યારબાદ થયેલા ચોંકાવનારા ખુલાસાએ સૌને ચોંકાવી દીધા હતા. મુંબઈ એરપોર્ટ ઉપર ઝડપાયેલા શખ્સનું અસલી નામ સમીર લાખાણી છે. જે ભૂતપૂર્વ ભારતીય નાગરીક છે. તેણે નકલી અને ખોટા સંબંધો અને ઉપનામનો ઉપયોગ કરી પોર્ટુગલ અને યુ.કે. એમ બે યુરોપીયન દેશોની નાગરિકતા મેળવી હતી. ૨૦૧૫થી આ બનાવટી ઓળખનો ઉપયોગ કરતો હતો અને આંતરરાષ્ટ્રીય સ્તરે મુસાફરી કરતો હતો. અધિકારીઓએ બતાવ્યા પ્રમાણે લાખાણીએ આ કૌભાંડમાં ૨૦૦૮માં શરૂ કર્યુ હતું. ભારતીય પાસપોર્ટ ઉપર યુ.કે.ની વિઝા નહીં મળ્યા હોવાથી ૨૦૧૫માં ગેરકાયદે ઈમિગ્રેશન એજન્ટની મદદ લઈ સમીર મામોડીયા નામે નકલી પાસપોર્ટ મેળવ્યો હતો. જેમાં તેમણે દીવ-દમણનો રહેવાસી દર્શાવ્યો હતો. નકલી ઓળખને આધારે પોર્ટુગલ નાગરિકનો પુત્ર હોવાનો દાવો કરીને પોર્ટુગલ નાગરિકતા અને બ્રિટિશ પાસપોર્ટ અને નાગરિકતા



મેળવી લીધી હતી અને સતત ૭ વર્ષથી આંતરરાષ્ટ્રીય મુસાફરી કરી હતી. છેલ્લી મુસાફરી લંડનથી મુંબઈ બ્રિટિશ પાસપોર્ટ પર હતી. આરોપી વિરુદ્ધ સહારા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી. આ અંગે વિદેશ અને ગૃહ મંત્રાલયને જાણ કરવામાં આવી છે.

## દાનહના મસાટ ગામે ટ્રેક્ટરે સાઈકલસવારને ટક્કર મારતા સાયકલસવારનું સારવાર દરમ્યાન થયું મોત

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા. ૦૨**

દાદરા નગર હવેલીના મસાટ ગામે જલારામ કાંટા નજીક ટ્રેક્ટરની આગળ ચાલતી સાયકલને ટક્કર મારતા સાયકલ સવારનું અકસ્માત દરમિયાન મોત થયું છે.



પ્રાપ્ત વિગત અનુસાર જીતુ રાઠવા (ઉ.વ.૨૦) રહેવાસી સામરવરણી જે સાયકલ પર સેલવાસ તરફ આવી રહ્યો હતો. તે સમયે મસાટ જલારામ કાંટા નજીક પાછળથી ટ્રેક્ટર નંબર ડીડી-૦૧-એ-૩૩૯૧ના ચાલકે સાયકલ સવારને ટક્કર મારતા નીચે પટકાયો હતો. આ અકસ્માત બાદ ટ્રેક્ટર ચાલક ટ્રેક્ટર લઈને ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જેને સ્થાનિકોએ પીછો કરી પકડી પાડયો હતો.

૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા જીતુ રાઠવાને સારવાર અર્થે નમો હાસ્પિટલમાં લઈ જવામા આવ્યો હતો. જયાં એનુ સારવાર દરમિયાન મોત થયું હતું. આ ઘટનામાં ટ્રેક્ટર અને ડ્રાઈવરને પકડી સેલવાસ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

## મધદરિયે ભારે પવનને કારણે બોટનું એન્જિન બંધ થઈ ગયુંઃ બોટમાં સવાર ૪થી ૫ ખલાસીઓનો આબાદ બચાવ

**મધદરિયે ભારે પવન હોવાથી એન્જિન બંધ થઈ ગયું, બોટ તણાઈને નાની દમણના દરિયા કિનારે પહોંચી**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ,તા.૦૨**

દમણના દરિયા કિનારે તૂટેલી બોટ તણાઈ આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. બોટમાં સવાર ચારથી પાંચ ખલાસીઓનો આબાદ બચાવ થયો છે. આ ખલાસીઓ બોટ લઈને નવસારી જઈ રહ્યાં હતાં. મધદરિયે ભારે પવનને કારણે બોટનું એન્જિન બંધ થઈ ગયું હતું. જેના કારણે બોટ દરિયાના મોજા સાથે વહેલી નાની દમણના કિનારે પહોંચી હતી.





પ્રાપ્ત વિગતો પ્રમાણે નાની દમણના દરિયા કિનારે તૂટેલી હાલતમા એક બોટ તણાઈ આવી હતી. બોટના એન્જિનમાં ખરાબી આવતા ખલાસીઓ તેને રિપેર કરવા માટે નવસારી જઈ રહ્યાં હતાં. આ બોટમાં ચારથી પાંચ ખલાસીઓ હતાં. દરિયામા ભારે પવન હોવાથી ભારે મુશ્કેલીઓ બાદ ખલાસીઓનો આબાદ બચાવ થયો છે. બોટ દરિયાના મોજાં સાથે વહેતી નાની દમણના દરિયા કિનારે આવી પહોંચી હતી.

ધોલાઈ બંદરના એક ખલાસીએ ખરીદી હતી. જેમાં ખામી સર્જાઈ હતી.

મધદરિયે ભારે પવન અને તોફાનના કારણે બોટનું એન્જિન બંધ થઈ ગયું હતું. બોટને મોટા પાયે નુકસાન થયું છે.

બોટમાં સવાર તમામ ખલાસીઓ સુરક્ષિત છે અને તેઓ દમણ ઉતરી ગયાં છે. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ પણ પહોંચી હતી. પોલીસે ખલાસીઓ સાથે પુછપરછ કરીને વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતના દરિયામાં અજાણી બોટ દેખાઈ હોવાની કેટલીક ઘટનાઓ તાજેતરમાં સામે આવી હતી.

## SC-STને નોકરીમાં મળશે પ્રાધાન્યઃ ૭૫ વર્ષમાં પહેલીવાર સુપ્રીમ કોર્ટ દ્વારા લેવાયો મોટો નિર્ણય

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૦૨**

૨૪ જૂને પસાર કરાયેલા પરિપત્રમાં પદોના અનામત અંગે માહિતી આપવામાં આવી છે. હવે દર વર્ષે થતી ભરતીમાં ૧૫% SC અને ૭.૫% ST અનામત લાગુ પડશે. આવી સ્થિતિમાં, કુલ ૩૦ પદો SC માટે અનામત રહેશે. આ ઉપરાંત, ૧૫ પદો ST વર્ગ માટે અનામત રહેશે. સામાજિક ન્યાયની માંગને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટ દ્વારા આ મહત્વપૂર્ણ નિર્યણ લેવામાં આવ્યો છે. લાંબા સમયથી માંગ કરવામાં આવી રહી હતી કે કોર્ટ ભરતીમાં પણ ક્વોટા લાગુ કરવામાં આવે.

કોર્ટ દ્વારા આપવામાં આવેલ ભરતીની વિગતોમાં જણાવવામાં આવ્યું છે કે સિનિયર પર્સનલ આસિસ્ટન્ટની ૯૪ પદો માટેની ભરતીમાં, ૧૪ SC ક્વોટા માટે હશે. આ ઉપરાંત, ૬ પદો ST ક્વોટા માટે અનામત રહેશે. ૭૪ પદો બિન-અનામત રહેશે. તેવી જ રીતે, આસિસ્ટન્ટ લાઈબ્રેરિયન માટે ૨૦ જગ્યાઓમાંથી ૩ SC અને ૧ ST ક્વોટામાં રાખવામાં આવી છે. જુનિયર કોર્ટ આસિસ્ટન્ટની વાત કરીએ તો, કુલ ૪૩૭ જગ્યાઓ છે, જેમાંથી ૬૫ જગ્યાઓ SC માટે અનામત રહેશે. આ ઉપરાંત, ૩૨ જગ્યાઓ ST માટે રહેશે. ૩૪૦ જગ્યાઓ બિનઅનામત રહેશે.

એટલું જ નહીં, જુનિયર કોર્ટ આસિસ્ટન્ટની ૨૦ જગ્યાઓ પર પણ ક્વોટા લાગુ પડશે. જુનિયર કોર્ટ એટેન્ડન્ટની ૬૦૦ જગ્યાઓ પર અનામત લાગુ પડશે. આ ઉપરાંત ચેમ્બર એટેન્ડન્ટની જગ્યા પર પણ ક્વોટા લાગુ પડશે.

પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે જો અનામતનો નિયમ લાગુ નહીં થાય તો રજિસ્ટ્રારને ફરિયાદ કરવી.

## સંઘપ્રદેશના આશાસ્પદ અને પ્રતિભાશાળી યુવાનોના સોનેરી ભવિષ્યને રોળવાનું પાપ મોદી સરકારના આગમન પહેલાં સતત થયું હતું

**ખોટા બૂમ-બરાડા પાડવા કરતા પ્રદેશના સાંસદોએ સુપ્રિમ કોર્ટના આદેશથી ગ્રુપ-બીની ભરતી ઓલ ઈન્ડિયાના સ્તરે કરવા લેવાયેલા નિર્ણયને પરત ખેંચવા દેશની સંસદમાં ખરડો પસાર કરવા અથવા ઉચ્ચ સ્તરે મજબૂતાઈથી યોગ્ય લોબિંગ કરી ઉકેલ શોધવો જરૂરી**

(..ગતાંકથી ચાલુ)

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના આશાસ્પદ અને પ્રતિભાશાળી યુવાનોના સોનેરી ભવિષ્યને રોળવાનું પાપ દેશમાં મોદી સરકારના આગમન પહેલાં ઘણીવાર થઈ ચુક્યું છે. ૧૯૮૭માં ગોવાને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો મળતાં સ્વતંત્ર કેન્દ્ર શાસિત પ્રદેશ તરીકે અસ્તિત્વમાં આવેલા દમણ અને દીવમાં ત્યારથી લઈને શ્રી લાલુભાઈ પટેલ સાંસદ બન્યા ત્યાં સુધી સરકારી નોકરી લાખો રૂપિયા આપ્યા બાદ જ મળતી હતી.

**સ્પેશ્યલ કોમેન્ટ**
**-મુકેશ ગોસાવી**

દમણ અને દીવમાં પ્રાથમિક શિક્ષકોની ભરતીમાં થયેલ કૌભાંડના લિસોટા હજુ પણ દેખાઈ રહ્યા છે અને રૂપિયા આપી મુર્ખ બનેલાઓની પણ લાંબી લાઈન છે.

લેખિત પરીક્ષાના પેપર ફૂટી ગયા હોવાનો તમાશો કરવાવાળા જ હમણાં ગાઈ-વગાડીને કહી રહ્યા છે કે, દમણ-દીવના યુવાનોનું ભવિષ્ય રોળાઈ રહ્યું છે.

**ભૂતકાળમાં દાનહ અને દમણ-દીવમાં સરકારી નોકરી મેળવવા થયેલા ખેલની ખુબ કંપાવનારી કહાની છેઃ આજે બૂમરાણ મચાવનારા પણ તે સમયે પાપના ભાગીદાર સાક્ષી હતા**

દાદરા નગર હવેલીની વાત કરીએ તો ૨૦૦૪-૨૦૦૫માં જિલ્લા કલેક્ટર તરીકે શ્રી વિજય કુમારના આગમન બાદ લેવાયેલા તમામ ઈન્ટરવ્યુ અને લેખિત પરીક્ષાઓમાં કોઈપણ પ્રકારની ગરબડ નહીં થતાં અને રાજકીય આગેવાનોએ આપેલા લીસ્ટ પ્રમાણેના ઉમેદવારોની પસંદગી નહીં થઈ હતી અને તે સમયે કલેક્ટર તરીકે 'વિજય કુમાર હટાવો' અભિયાન પણ જોરશોરથી ચાલ્યું હતું.

દાદરા નગર હવેલીમાં પહેલી વખત પી.એસ.આઈ.ની પોસ્ટ માટેના ઈન્ટરવ્યુ માટે લેખિત પરીક્ષા તે સમયે યોજવામાં આવી હતી. ત્યારે રાજકીય આકાના ઉમેદવારોના પેપર પરીક્ષાખંડમાં બેસીને લખાયા હતા જેના ઘણાં સાક્ષીઓ પણ ઉપલબ્ધ છે.

૨૦૦૯માં ભાજપની ટિકિટ ઉપર ચૂંટાયેલા શ્રી લાલુભાઈ પટેલ સાંસદ તરીકે બિરાજમાન થતાં તેમણે સરકારી નોકરી માટે કોઈપણ ઉમેદવાર પાસેથી પૈસા નહીં લેવાનો અને યોગ્ય લાયક ઉમેદવારની પસંદગી ઉપર જોર આપ્યું હતું. સાંસદ શ્રી લાલુભાઈ પટેલના સદ્‌નશીબે તે વખતે પ્રશાસક તરીકે શ્રી નરેન્દ્ર કુમારનું પણ આગમન થયું હતું અને તેમણે સરકારી નોકરીના ઈન્ટરવ્યુની પદ્ધતિમાં પારદર્શકતા લાવી મેરિટના આધારે પસંદગી પ્રક્રિયા શરૂ કરી હતી, જેનો લાભ જે તે સમયે ઘણાં ઉમેદવારોને પણ મળ્યો હતો.

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં યુવાનોના ભવિષ્યને સમૃદ્ધ અને સુરક્ષિત કરવાનું કામ ૨૦૧૬ના વર્ષના આખરથી શરૂ થયું હતું. દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં છેલ્લા ૧૦ વર્ષમાં એક્સાઈઝ ઈન્સ્પેક્ટર, પોલીસ સબ ઈન્સ્પેક્ટર જેવા સંવેદનશીલ અને બેસૂમાર આવક આપતા પદો ઉપરાંત એક્સાઈઝ ગાર્ડ, ફોરેસ્ટ ગાર્ડ જેવી પોસ્ટ ઉપર પણ સંપૂર્ણ પારદર્શકતા અને એક પણ રૂપિયાની લાગવગ વગર લાયકાતના ધોરણે ભરતી થઈ છે.

ભૂતકાળમાં સરકારી નોકરી મેળવવા માટે મા-બાપોએ પોતાની કિંમતી જમીન પાણીના ભાવે વેચવી પડતી હતી, ઊંચા દરે વ્યાજ ઉપર લોન લેવી પડતી હતી કે પછી સોના-ચાંદીના દાગીના નોકરી મેળવવા માટે વેચવા પડતા હતા. આ દમણ-દીવ અને દાદરા નગર હવેલીની વાસ્તવિક સ્થિતિ હતી અને અવદશાનો પ્રારંભ ૧૯૯૧-'૯૨ના વર્ષથી પુરજોશમાં શરૂ થયો હતો.

સુપ્રિમ કોર્ટના આદેશના કારણે ગ્રુપ-બીની ભરતી માટે ઓલ ઈન્ડિયાના ઉમેદવારોને આમંત્રિત કરવા પડે છે. આ પ્રશ્નનો ઉકેલ અમારા મતે દેશની સંસદમાં ખરડો પસાર કરીને અથવા પ્રદેશ માટેનું મજબૂતાઈથી લોબિંગ કરીને આવી શકે છે. જેની જવાબદારી દમણ અને દીવ તથા દાદરા નગર હવેલીના સાંસદોની મુખ્યત્વે રહે છે. તેઓએ આ મુદ્દે દેશના પ્રધાનમંત્રી, ગૃહમંત્રી તેમજ મંત્રી પરિષદ સમક્ષ પ્રદેશના હિતમાં એક વિશેષ કેસ તરીકે આ મુદ્દો સમજાવવા કોશિષ કરવી જોઈએ. પરંતુ પ્રદેશનું દુર્ભાગ્ય છે કે, પ્રદેશના ચૂંટાયેલ સાંસદ પોતાની ફરજ ભૂલીને બીજાના દોષ ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની કોશિષ કરી રહ્યા છે જે ખરેખર પ્રદેશ માટે દુઃખદ છે.

### એક્સ્ટ્રા કોમેન્ટ

આજે ભલે કોઈને ખ્યાલ નહીં હોય, પરંતુ આવતા દિવસોમાં સંઘપ્રદેશની થયેલ કાયાપલટ અને નવઘડતર માટે દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને પ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલને લોકો કાયમ યાદ રાખશે એટલું જ નહીં, પરંતુ તેમની પૂજા પણ કરશે.

## સેલવાસના આમલી વિસ્તારમાં બે દુકાનોના તાળા તૂટ્યાઃ ગલ્લામાં રાખેલા રોકડા રૂા.૧૫ હજારની ચોરી


**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૨**

સેલવાસના આમલી વિસ્તારમાં ૬૬ કેવી રોડ પર એક મોબાઈલની દુકાન અને ઈલેક્ટ્રીકની દુકાનના તાળા તોડી મોબાઈલ અને રોકડા રકમની ચોરી થઈ હોવાની ઘટના બનવા પામી છે. પ્રાપ્ત વિગત અનુસાર આમલી વિસ્તારના ૬૬ કેવી રોડ પર આવેલ સાંઈ મોબાઈલની દુકાનનાં તાળા તોડી એમાથી અંદાજીત ૬૩ હજાર રૂપિયાના એન્ડ્રોઈડ મોબાઈલની ચોરી થઈ હોવાની અને એની સામે જ સાંઈ ઈલેક્ટ્રિકલ એન્ડ હાર્ડવેરની દુકાનના તાળા તોડી ગલ્લામાં રાખવામાં આવેલ રોકડા ૧૫ હજાર રૂપિયા લઈને ચોર ફરાર થઈ ગયા હતા. આ ઘટના અંગે દુકાનદારો દ્વારા પોલીસને જાણ કરતા પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. સેલવાસ પોલીસે ફરિયાદ નોંધી સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.









વાપી, મોટાપોંઢા, ચણોદ, કરવડ, કોપરલી સહિત આજુબાજુના વિસ્તારના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરોઃ
સુરેશ ઉમતીયાઃ 98259 89444




## સુવિચાર - સદ્‌વિચાર

મુર્ખાઓ પાસેથી વખાણ સાંભળવા કરતા
બુદ્ધિશાળી વ્યક્તિનો ઠપકો સાંભળવો ફાયદાકારક છે

## કવિતા

### ભલો તને દરબાર

હજી વધારે હોય વીતક તો લઈ આવો કરતાર,
તમે દીધેલાં બધાં તમારે સ્હેવાં તારણહાર.

પાન અમે, સુખદુ:ખનાં ટીપાં પળમાં દડવી દઈએ,
ભલે હવામાં લ્હેરા લઈએ તોય ભોંયનાં રહીએ;

અમે એકલું વહ્યું આયખું, ભલો તને દરબાર
જંપ જડે તો પડખું અમથું જરાક ઢાળી લઈએ,

વિપત આવતી તો ચોખલિયે વધાવવાને જઈએ;
અજવાળે નકરાં અંધારાં થાતાં અમ આધાર.

- ઊજમશી પરમાર

## આજની જોક

ગુટકા ખાને વાલોમેં ઉચ્ચ સંસ્કાર હોતે હૈ
વે બડે શાંત ઔર મૌન રહતે હૈ
ગુટકા થુંક કર કેવલ તભી બોલતે
હે જબ બોલને કિ કિંમત ગુટકે સે
અધિક હોતી હો..!
વર્ના હૂં... હા...મે હી જવાબ દેતે હૈ

## કબીર વાણી

**કબીર સુતા ક્યા કરે, જાગી ન જપે મુરારી,**
**એક દિન તુ ભી સોવેગા, લમ્બે પાવ પસારી.**

**- અર્થાત-**

કબીરદાસ ઉપરના દોહામાં પોતાની મીઠી વાણીમાં જણાવે છે કે, અજ્ઞાનની ઘોર નિંદ્રામાં શું કામ સુતા રહો છો? જ્ઞાનની જાગૃતિ મેળવી પ્રભુનું નામ લો. સજાગ બની પરમકૃપાળુ પરમાત્માનું ધ્યાન ધરો. એ દિવસ દુર નથી કે જ્યારે તમારે લાંબી નિંદ્રામાં સુઈ જવાનું છે. જ્યાં સુધી જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. જ્યાં સુધી જાગી શકાય છે ત્યાં સુધી જાગતા કેમ નથી? પ્રભુનું નામ સ્મરણ કેમ નથી કરતા?

## આજનો દિન વિશેષ

### દિગેન્દ્ર કુમાર

દિગેન્દ્ર કુમાર MVC, SM (જન્મ ૩ જુલાઈ ૧૯૬૯) ભારતીય સેનાની રાજપૂતાના રાઈફલ્સ રેજિમેન્ટની ૨જી બટાલિયનના ભૂતપૂર્વ સૈનિક છે. કારગિલ યુદ્ધમાં બહાદુરીના કાર્યો માટે તેમને ૧૫ ઓગસ્ટ ૧૯૯૯ના રોજ મહાવીર ચક્ર એનાયત કરવામાં આવ્યો હતો. તેઓ ૩૧ જુલાઈ ૨૦૦૫ના રોજ સેનામાંથી નિવૃત્ત થયા હતા.



કુમારનો જન્મ શિવદાન સિંહને થયો હતો અને તે ભારતમાં રાજસ્થાનના સીકર જિલ્લામાં, તહસીલ નીમ-કા-થાના, JAT પરિવારના ઝાલારા ગામમાં રહેતા હતા. તેમની માતાનું નામ રાજકૌર હતું. શિવદાન સિંહ આર્ય સમાજના પ્રખર અનુયાયી હતા. દિગેન્દ્ર કુમાર ભારતીય સેનામાં જોડાયા હતા અને ૧૯૯૯ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ખરાબ રીતે ઘાયલ થયા હતા. કુમારને એક પુત્રી (સમિતા) અને બે પુત્રો (જપેન્દ્ર અને મહાવીર) છે. મહાવીરે સંસ્કાર સ્કૂલ જયપુરમાં અભ્યાસ કર્યો છે અને તે રાષ્ટ્રીય બાસ્કેટબોલ ખેલાડી છે અને રાજસ્થાનનો ભૂતપૂર્વ કેપ્ટન છે. જપેન્દ્ર દિલ્હી ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (અગાઉ ડીસીઈ) માં અભ્યાસ કરે છે. સમિતા રાષ્ટ્રીય કબડ્ડી ખેલાડી છે.

કુમાર ૩ સપ્ટેમ્બર ૧૯૮૫ના રોજ રાજપૂતાના રાઈફલ્સની ૨જી બટાલિયનમાં જોડાયા હતા. તાલીમ પૂર્ણ થયા બાદ તેમની બટાલિયન કાશ્મીરમાં તૈનાત કરવામાં આવી હતી. ૧૯૮૭માં તેમની પસંદગી ઈન્ડિયન પીસ કીપિંગ ફોર્સ માટે થઈ અને શ્રીલંકામાં ઓપરેશન પવનમાં ભાગ લીધો.

## આજની રેસીપી

### વેજ ક્રિસ્પી ગોબી ૬૫, રેસ્ટોરન્ટ સ્ટાઈલ



ઘટકો : ૧ કિલો કડક ફ્રેશ ફલાવર, મીઠું સ્વાદ મુજબ, ૨ ચમચી ધાણા પાઉડર, ૨ ચમચી મરચુ પાઉડર, ૧ ચમચી વિનેગર, ચપટી ખાંડ, ૧/૨ ચમચી સોયા સોસ, ૧ ચમચી કેચઅપ, ૧ ચમચી ચીલી સોસ, ૧/૨ કપ ચોખા નો લોટ, ૧ કપ કોર્ન ફલોર, થોડુ પાણી, તેલ, લીમડો,

**રાંધવાની સૂચનાઓ : ૧ કલાક,**

(૧) સૌ પ્રથમ ફલાવરના મીડિયમ ટુકડા કરી ગરમ પાણીમાં ચપટી સોલ્ટ નાખી ૧/૨ બોઈલ કરી કોરા કરી લો.

(૨) એક બાઉલમાં આદુ લસણની પેસ્ટ, ધાણા પાઉડર, મરચુ પાઉડર, કેચઅપ, સોયા સોસ, રેડ ચીલી સોસ, વિનેગર, મીઠું, ચપટી ખાંડ, ચોખાનો લોટ, કોર્ન ફલોર નાખી થોડુ પાણી એડ કરી મીડિયમ બેટર તૈયાર કરો હવે તેમા ગોબી નાખી બરાબર મીક્ષ કરો.

(૩) હવે તેને ગરમ તેલમાં મીડિયમ તાપે ગોલ્ડન બ્રાઉન થાય ત્યાં સુધી ફ્રાય કરવા.

(૪) ત્યારબાદ તેને પ્લેટમાં કાઢી સર્વિંગ કરો.

(૫) તો તૈયાર છે રેસ્ટોરન્ટ સ્ટાઈલ ક્રિસ્પી ગોબી ૬૫.

---

મોહરમ (તાજીયા) નિમિત્તે

# પારડી પોલીસ સ્ટેશન ખાતે મળી શાંતિ સમિતિની બેઠક યોજાઈ

## મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહ્યા : કોમી એખલાસથી તહેવાર ઉજવવા કરાયેલી અપીલ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૦૨**



આગામી તારીખ ૬/૭/૨૦૨૫ના રોજ આવી રહેલ મુસ્લિમોના મોહરમ (તાજીયા) ના તહેવારને લઈ પારડી પોલીસ સ્ટેશનના પીઆઈ શ્રી જી.આર.ગઢવીના અધ્યક્ષ સ્થાને એક શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

પારડી પોલીસ સ્ટેશનના પીઆઈ શ્રી જી.આર. ગઢવીએ ઉપસ્થિત સૌ નગરના હિંદુ-મુસ્લિમ નાગરિકોને આ તહેવાર સુલેહ, શાંતિ અને ભાઈચારાની ભાવના સાથે કોમી એખલાસતા જળવાઈ રહે એ રીતે ઉજવવાની અપીલ કરી હતી. સાથે સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ મુસ્લિમ બિરાદરો પાસેથી મોહરમ (તાજીયા) અંગેની જાણકારી મેળવી હતી. તારીખ ૫/૭/૨૦૨૫ના રોજ રાત્રે બિરસા મુંડા સર્કલ પાસે આવેલ મસ્જિદ પાસેથી કંસારવાડ ખાતે આવેલ બહુચરા માતાજીના મંદિર સુધી આશરે નવ જેટલા સુશોભિત કરેલ લાઈટિંગના શણગાર સાથેના તાજીયા નિકળશે. ત્યારબાદ બીજા દિવસે તારીખ ૬/૭/૨૦૨૫ના રોજ બપોરે આજ સ્થળેથી નવ જેટલા તાજીયા નીકળી પારડી નગરમાં કંસારવાડ બહુચરા માતાજીના મંદિર થઈ દમણી ઝાંપા સુધી પહોંચી પારડી પાર નદીમાં ઠંડા કરવામાં આવશે.

આજની આ શાંતિ સમિતિની બેઠકમાં પારડી નગરપાલિકાના પ્રમુખ શ્રી ચેતનભાઈ નાયકા, કારોબારી અધ્યક્ષ શ્રી ચેતનભાઈ પટેલ (ભંડારી), આરોગ્ય ચેરમેન શ્રી કિરણભાઈ પટેલ, પારડી શહેર ભાજપ પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલ, પારડી નગરપાલિકા સદસ્ય શ્રી જીગ્નેશ માંગેલા, શ્રી જીગ્નેશ પટેલ, કોલકના સરપંચ શ્રી ગ્રેવીંન ટંડેલ, શ્રી રાકેશભાઈ રાણા, શ્રી સ્મિત લાલ, શ્રી ઉપેન્દ્રભાઈ દેસાઈ, અઝીઝ કોલકકર, ઈબ્રાહીમ મનીઆર, અનવર મનીઆર, ઈસ્હામુદીન મનીઆર, જાબીર શેખ, શબ્બીર શેખ, ફરહાન મનીઆર, અબુ શેખ, ફઝલ પઠાણ શકીલ મલેક, દિલાવર પઠાણ, જાવેદખાન પઠાણ, મહેબૂબ મનીઆર, શબ્બીર અહમદ કુરેશી અને નોમાજીખાન પઠાણ જેવા મોટી સંખ્યામાં પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# દીવ પોલીસે રૂા.૨૩.૫ લાખના ખોવાયેલા ૨૫ મોબાઈલ ફોન પાછા મેળવ્યા



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા. ૦૨**

એક મહત્ત્વપૂર્ણ સફળતામાં, દીવના પોલીસ અધિક્ષક અને દીવના સબ-ડિવિઝનલ પોલીસ અધિકારી (SDPO)ની દેખરેખ હેઠળ દીવ સ્પેશિયલ સ્ટાફ ટીમ, સાયબર સેલ ટીમે આશરે ૨૩.૫ લાખ રૂપિયાના ૨૫ ખોવાયેલા અને ગુમ થયેલા મોબાઈલ ફોન સફળતાપૂર્વક શોધી કાઢ્યા છે.

આ સિદ્ધિ દીવના પોલીસ સ્ટેશનોના સ્ટેશન હાઉસ અધિકારીઓ સાથે સંકલનમાં સાયબર સેલ અને સ્પેશિયલ સ્ટાફ દીવ દ્વારા સતત પ્રયાસોનું પરિણામ છે. અદ્યતન તકનીકી સાધનો, ડિજિટલ સર્વેલન્સ અને ઝીણવટભરી તપાસનો ઉપયોગ કરીને, ટીમ વિવિધ પ્રદેશોમાં ઉપકરણોને શોધી કાઢવામાં સક્ષમ હતી. પુન:પ્રાપ્ત કરાયેલા મોબાઈલ ફોન હવે તેમના હકદાર માલિકોને પરત કરવામાં આવ્યા છે, જેનાથી નાગરિકોને ભારે રાહત મળી છે અને પોલીસ દળમાં લોકોનો વિશ્વાસ વધુ મજબૂત થયો છે. આ કામગીરી દીવ પોલીસની સાયબર-સંબંધિત ગુનાઓનો સામનો કરવા અને આવા કિસ્સાઓમાં ઝડપી કાર્યવાહી સુનિશ્ચિત કરવા માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવાની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડે છે.

દીવના પોલીસ અધિક્ષકે સમગ્ર સાયબર સેલ ટીમ અને સ્પેશિયલ સ્ટાફ દીવના તમામ અધિકારીઓના પ્રયાસોની પ્રશંસા કરી છે, અને તેમને સમાન સમર્પણ અને સતર્કતા સાથે કામ કરવાનું ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કર્યા છે.

દીવ પોલીસ તેના નાગરિકોની સલામતી અને સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે અને જનતાને વિનંતી કરે છે કે આવી કોઈપણ ઘટનાની તાત્કાલિક જાણ કરવામાં આવે જેથી સમયસર તપાસ અને પુન:પ્રાપ્તિ થાય.

પોલીસ વિભાગ તમામ નાગરિકોને સેન્ટ્રલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિટી રજિસ્ટર (CEIR) પોર્ટલ (https://www.ceir.gov.in) પર નોંધણી કરાવીને ખોવાયેલા / ગુમ થયેલા મોબાઈલ ફોનના કેસોની તાત્કાલિક જાણ કરવા પ્રોત્સાહિત કરે છે. આ કેન્દ્રીયકૃત સિસ્ટમ ચોરાયેલા ઉપકરણોને બ્લોક કરવામાં સક્ષમ બનાવે છે અને તેમને વધુ કાર્યક્ષમ રીતે ટ્રેક કરવામાં અને પુન:પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

# દીવના મોટી વાછડાવાળીની એક યુવતીનું કરંટ લાગતા નિધન

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૨**

આજે સાંજ ૫ વાગ્યાની આસપાસ સાઉદવાડી વિસ્તારમાં આવેલ મોટી વાછડાવાળીની રહેવાસી રચના રતિલાલ (ઉમર વર્ષ ૨૪)ના ઘરે તેના ભાઈના લગ્ન હોવાથી ઘરે મહેમાન આવતા પેડાસ્ટેડ ફેનને મહેમાન તરફ ફેરવવા જતા પંખામાં શોર્ટ લાગ્યો હતો.

અનુમાન લગાડવામાં આવી રહ્યુ છે કે, શોર્ટ લાગતા રચના ફેંકાઈ ગઈ હતી, તેને તાત્કાલિક દીવ સરકારી હોસ્પિટલ લાવતા ફરજ પરના ડોક્ટર રચનાને મૃત ઘોષિત કરી હતી. ત્યારે તેને માથાના ભાગે ઈજા થતાં તેનું મૃત્યુ થયું હતું.

મૃત્યુની ખબર સાંભળતા પરિવારના સભ્યોમાં અરેરાટી મચી ગઈ હતી. દીવ પોલીસને જાણ થતાં તેઓ પણ સરકારી હોસ્પિટલ ખાતે પહોંચી તપાસ હાથ ધરી હતી.

લગ્ન પ્રસંગના માહોલમાં આ ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં માતમ છલાઈ ગયો હતો.



# સુરત પોલીસનું ટવીટર હેક, નામ બદલી આપત્તિજનક વિડીયો અપલોડ કરાયો

## આ ઘટના બાદ એક્સ હેન્ડલનું નામ ''સુરત પોલીસ'' ને બદલે ''સુરત એરેના પોલીસ'' કરી દેવામાં આવ્યું હતું

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૦૨**

સુરત પોલીસનું સત્તાવાર એક્સ એકાઉન્ટ હેકર્સ દ્વારા હેક કરવામાં આવ્યું છે. આ ઘટના બાદ એક્સ હેન્ડલનું નામ ''સુરત પોલીસ'' ને બદલે ''સુરત એરેના પોલીસ'' કરી દેવામાં આવ્યું હતું. હેકર્સ દ્વારા એકાઉન્ટ પર આપત્તિજનક વીડિયો પણ અપલોડ કરવામાં આવ્યા હોવાની વિગતો સામે આવી છે. આ હેકિંગની ઘટના બાદ સુરત પોલીસે તાત્કાલિક ધોરણે વીડિયો અપલોડ કરવાનું બંધ કરી દીધું હતું. સામાન્ય રીતે જયારે અન્ય વ્યક્તિઓના સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક થાય છે, ત્યારે સાયબર પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવે છે પરંતુ આ કિસ્સામાં ખુદ સુરત પોલીસનો પેજને હેક કરી સાયબર ચાંચિયાઓએ પડકાર ફેંક્યો છે, સુરત સાયબર સેલ દ્વારા આ સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ દ્વારા હેકર્સને શોધખોળ હાથ ધરવામાં આવી છે અને આ ઘટના પાછળ કોનો હાથ છે તે અંગે સઘન તપાસ ચાલી રહી છે. આ ઘટનાએ સુરત પોલીસની ઓનલાઈન સુરક્ષા અને સાયબર સુરક્ષાના મહત્વ પર ફરી એકવાર ભાર મૂક્યો છે. સાયબર સેલ દ્વારા હેક થયેલા એકાઉન્ટને પુન:સ્થાપિત કરવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટેના પગલાં લેવામાં આવી રહ્યા છે, તેવું શહેર પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે.

# વાપી સમર્પણ જ્ઞાન સ્કૂલમાં ડૉક્ટર્સ ડે ની કરાયેલી ઉજવણી

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૨**


વાપી ખાતે આવેલ સીબીએસઈ સ્કૂલ સમર્પણ જ્ઞાન સ્કૂલમાં લાયંસ ક્લબ ઓફ વાપી તરંગીની અને સમર્પણ જ્ઞાન સ્કૂલનાં સંયુક્ત ઉપક્રમે ૧ જુલાઈ, ડૉક્ટર્સ ડે નિમિત્તે ડૉક્ટરો પ્રત્યે આભાર વ્યક્ત કરવા અને વિદ્યાર્થીઓમાં આરોગ્યપ્રતિ મનોબળ વધારવા સ્કૂલમાં ઉત્સાહપૂર્વક ડોક્ટર્સ ડે કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ ખાસ અવસરે મેડીકલ ઓફિસર-આયુર્વેદ ડીસ્પેન્સરી હરીઆ વલસાડથી ડૉ. સ્વાતી પંચાલ બીએએમએસ અને આયુર્વેદ ડીસ્પેન્સરી સલવાવથી ડૉ.ફાલ્ગુની પટેલ એમડીને શાળામાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. બંને ડૉક્ટરોએ વિદ્યાર્થીઓ સાથે આરોગ્ય સંબંધિત મુદ્દાઓ પર માર્ગદર્શન આપ્યું હતું. ડૉ.સ્વાતી પંચાલે સ્વચ્છતા અને દૈનિક આરોગ્ય આચરણ અંગે માહિતી આપી, જ્યારે ડૉ.ફાલ્ગુની પટેલે સંતુલિત આહાર અને શારીરિક કસરતના મહત્વ પર પ્રકાશ પાડ્યો. બંને ડોક્ટરોનું શાળા તરફથી પુષ્પગુચ્છ અને ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સ્કૂલ ફાઉન્ડર ટ્રસ્ટી લાયન મૂકેશ પટેલે ડૉક્ટર્સના નિ:સ્વાર્થ સેવા કાર્ય વિશે જણાવી વિદ્યાર્થીઓને આ વ્યવસાય પ્રત્યે માન અને કૃતજ્ઞતા રાખવા પ્રેરિત કર્યા હતા. અને ચેરપર્સન લાયન હીના પટેલે ડૉક્ટર્સના સમાજમાં યોગદાન માટે આભાર વ્યક્ત કરી, વિદ્યાર્થીઓને સમાજસેવા તરફ પ્રેરણા આપવા સંદેશ આપ્યો હતો. આ ઉજવણીથી વિદ્યાર્થીઓમાં આરોગ્ય પ્રતિ જાગૃતિ તેમજ ડૉક્ટરો પ્રત્યે આદરની ભાવના વધુ મજબૂત બને એ હેતુને ધ્યાનમાં લઈ આ ઉજવણી કરાઈ હતી. જેની સાર્થકતા બાળકોના હર્ષોલ્લાસમાં જણાઈ રહી હતી.




## ૩ જુલાઈ, પ્લાસ્ટિક બેગ ફ્રી ડે

# પ્લાસ્ટિકનો તિરસ્કાર, પર્યાવરણનો પુરસ્કાર



### કાપડની થેલીનો જ ઉપયોગ કરીએ

પ્લાસ્ટિકની શોધ ઈ.સ ૧૮૬૨માં ઈંગ્લેન્ડનાં એલેકઝાન્ડર પાર્કસે કરી હતી. પ્લાસ્ટિક એ આજની સૌથી વધુ વપરાતી સામગ્રીમાંની એક છે. આજે પ્લાસ્ટિક બેગ તાકીદની જરૂરિયાત બની ગઈ છે. તેના અનુકૂળ સ્વભાવને કારણે રોજિંદા જીવનમાં તેનો ઉપયોગ વધી રહ્યો છે. રોજિંદી પ્રવૃત્તિઓથી સંબંધિત બધી પ્રવૃત્તિઓમાં પ્લાસ્ટિકની ભૂમિકા હોય છે. મોબાઈલ, ટીવી, ફ્રિજ, એસી, ખુરશી, ટેબલ, કમ્પ્યુટર વગેરે જેવી સંખ્યાબદ્ધ વસ્તુઓ છે જે પ્લાસ્ટિકની બનેલી હોય છે, પરંતુ પ્લાસ્ટિક એ નાશ ન થઈ શકે તેવું પ્રદૂષણ છે અને તે જમીન, પાણી અને હવાને પ્રદૂષિત કરે છે એટલે કે સમસ્ત પર્યાવરણને નુકસાન કરે છે. ગમે ત્યાં ફેકી દીધેલી પ્લાસ્ટિકની થેલીઓ અન્ય ખોરાકની સાથે ખાઈ જવાથી અનેક પશુઓ પણ મોતને ભેટે છે અને આ મૃત પશુઓનાં અવશેષો નાશ પામ્યા બાદ પણ પ્લાસ્ટિક જેમનું તેમ રહે છે. પ્લાસ્ટિકનો નાશ થતાં ૧૦૦૦ વર્ષ લાગે છે. તેને બાળવાથી પણ તે પર્યાવરણમાં ડાયોક્સીન સહિત હાનિકારક વાયુઓ છોડે છે. પર્યાવરણ માટે ભારોભાર નુકસાનકારક એવા પ્લાસ્ટિકની બેગનો ઉપયોગ દિનપ્રતિદિન વધી રહ્યો છે. જાગૃત નાગરિક તરીકે પર્યાવરણ અને આરોગ્ય માટે ખુબ જ હાનિકારક એવા પ્લાસ્ટિકની બેગનો ઉપયોગ ટાળીને દરેક વ્યક્તિ પર્યાવરણને બચાવે તે હાલનાં ગ્લોબલ વોર્મિંગનાં સમયની માંગ છે. વર્તમાન સમયમાં પ્લાસ્ટિકનો વપરાશ સતત વધતો જાય છે. પ્લાસ્ટિક પ્રદૂષણથી ખોરાક અને પાણી પણ બાકાત રહ્યા નથી. પ્લાસ્ટિક બેગનો યૂઝ માત્ર એક મીનિટમાં થઈ જાય છે પરંતુ તેને પૃથ્વીમાં સડતા એક હજાર વર્ષ જેટલો સમય લાગે છે. જેમ બને એમ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ટાળીને કાપડની બનેલી થેલીઓનો જ ઉપયોગ કરવો જોઈએ. સરકારે પણ સિંગલ યુઝડ પ્લાસ્ટિકથી બનેલી ૧૯ જેવી પ્રોડેક્ટસ પર પ્રતિબંધ મુક્યો છે. જેમાં પ્લાસ્ટિકની સ્ટીકવાળા ઈયરબડસ, કટલેરી, બલુન માટે પ્લાસ્ટિક સ્ટીક, પ્લાસ્ટિકનાં ઝંડા, પ્લાસ્ટિકની પ્લેટ, કેન્ડી સ્ટીક, કપ, આઈસ્ક્રીમ સ્ટીક, સિગારેટનું પેકેટ, સટ્રો, કાંટા, ટ્રે, ચમચી, રેપ કે પેક કરવાની ફિલ્મ, ચપ્પુ વગેરેનો સમાવેશ થાય છે. હવે જાગૃત થવાનો વારો લોકોને છે.

**- મિત્તલ ખેતાણી( મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

સુરતની સ્ટીમ હાઉસ ઈન્ડિયાએ

# આઈપીઓ માટે સેબીમાં તેનું કોન્ફિડેન્શિયલ ડીઆરએચપી ફાઈલ કર્યું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૦૨**

ઈન્ડસ્ટ્રીયલ ક્લાયન્ટ્સ માટે સેન્ટ્રલાઈઝ્ડ સ્ટીમ સપ્લાય માટે સમર્પિત ભારતની પ્રથમ કંપની સ્ટીમ હાઉસ ઈન્ડિયાએ આઈપીઓ માટે સેબીમાં તેનું કોન્ફિડેન્શિયલ ડીઆરએચપી ફાઈલ કર્યુ છે. ઈશ્યૂની સાઈઝ કેટલી છે તે અંગે ૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ જાહેર જાણકારીમાં જણાવવામાં આવ્યું નથી પરંતુ સૂત્રોના મતે ઈશ્યૂ સાઈઝ રૂા. ૫૦૦-૭૦૦ કરોડ વચ્ચે હોઈ શકે છે.

સંજૂ ગ્રુપના ઔદ્યોગિક વારસા પર નિર્મિત આ કંપનીની સ્થાપના ૨૦૧૪માં થઈ હતી અને તેનું મુખ્ય મથક સુરતમાં છે. તેના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર વિશાલ એસ. બધિયાના નેતૃત્વમાં સ્ટીમ હાઉસ ઈન્ડિયા ઈન્ડસ્ટ્રીયલ સ્ટીમ સેક્ટરમાં ક્રાંતિને આગળ ધપાવી રહી છે અને સમગ્ર દેશમાં ૧૬૭ ક્લાયન્ટ્સને સેવાઓ આપે છે.

કંપનીની વિસ્તરણ કામગીરી અમદાવાદના પિરાણા, દહેજ એસઈઝેડ, વાપી ફેઝ-૩, અંકલેશ્વરફેઝ ૩, પાનોલીફેઝ ૨, ઝઘડિયા, નાંદેસરી ફેઝ ૨ ખાતે ચાલી રહી છે અને આંધ્રપ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર, હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને હરિયાણામાં વિસ્તરણની કામગીરીની યોજના છે.

તેનું વાપીમાં પ્રથમ વેસ્ટ ટુ સ્ટીમ બોઈલર પહેલથી ચાલુ છે જ્યાં તે પેપર મિલ્સ પાસેથી રિસાયકલન કરી શકાય તેવા પ્લાસ્ટિક વેસ્ટ લે છે અને તેને કન્વર્ટ કરે છે. પબ્લિક રિપોર્ટ મુજબ માર્ચ ૨૦૨૪માં તેણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી 5MW W2S પ્રોજેક્ટ મેળવ્યો હતો. તેમાં પીપીપી મોડલ હેઠળ દૈનિક ૩૦૦ ટનની ક્ષમતાના પ્લાન્ટનું ડિઝાઈનિંગ, નિર્માણ અને ચાલુ કરવા અને જાળવણી કરવાનો સમાવેશ થાય છે.

સ્ટીમ હાઉસ પાઈપ લાઈન આધારિત મોડલને અનુસરે છે અને સચિન, વાપી, અંકલેશ્વર, સરીગામ, પાનોલી અને નાદેસરી જેવા મહત્ત્વના ઔદ્યોગિક કેન્દ્રોમાં ૪૫ કિમીથી વધુનું પાઈપ લાઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવે છે.

ક્લાયન્ટ્સને તેમના ઘર આંગણે જ સ્ટીમનો અવિરત પુરવઠો મળે છે જેના લીધે વ્યક્તિગત નાના બોઈલર્સનો ઉપયોગ કરવાની સરખામણીએ ઉત્પાદન પડતરમાં ૨૫-૩૦ ટકાનો ઘટાડો થાય છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના વાર્ષિક અહેવાલમાં જણાવાયું છે કે કંપનીની કુલ આવક રૂા. ૨૯૧.૭૧ કરોડ થઈ છે, જ્યારે તેની એબિટા પાછલા નાણાંકીય વર્ષમાં રૂા. ૫૮.૭૯ કરોડથી નોંધપાત્ર રીતે વધીને રૂા. ૭૦.૧૪ કરોડ થઈ છે. આજ સમયગાળા માટે તેની નફાકારકતા રૂા. ૨૫.૯૭ કરોડ રહી છે.

# નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ-સેલવાસ દ્વારા ''રાષ્ટ્રીય ડૉક્ટર દિવસ'' મનાવાયો

**ડૉક્ટર જ સાચા નાયક છે, જે ચુપચાપ માનવતાની સેવા કરે છે, તેઓ ફક્ત રોગોના ઉપચાર કરે છે એટલું જ નહીં, પરંતુ આશા સાંત્વના અને જીવન પણ આપે છે: ડૉક્ટર રામચંદ્ર ગોયલ**

**ડૉક્ટરના વ્યવસાયની મર્યાદા અને મૂલ્યોને નિભાવવાની શપથ અને સામુહિક સંકલ્પ સાથે લીધેલી પ્રતિજ્ઞા**






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૦૨**

સંપૂર્ણ ભારતમાં પ્રસિદ્ધ ડૉક્ટર 'ભારત રત્ન' પુરસ્કારથી સન્માનિત અને પશ્ચિમ બંગાળના દ્વિતીય મુખ્યમંત્રી ડૉ. બિધાનચંદ્ર રાયની જયંતિ અને પુણ્યતિથિના રૂપે ૧લી જુલાઈના રોજ ''રાષ્ટ્રીય ડૉક્ટર દિવસ'' મનાવવામાં આવે છે. જેના ઉપલક્ષમાં આજે સેલવાસની નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં સમર્પિત કરુણાશીલ અને નિઃસ્વાર્થ સેવા આપનાર ડૉક્ટરોનું સન્માન કરવામાં આવ્યું હતું, અને કઠિન પરિસ્થિતિમાં એમના અદ્વિતીય યોગદાનને બિરાદાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમારંભના મુખ્ય અતિથિ તરીકે આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગના સલાહકાર અને મેડિકલ કોલેજના સી.ઈ.ઓ. ડૉ. વી.કે.દાસ, નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ડીન ડૉ. રામચંદ્ર ગોયલ, વાઈસ ડીન ડૉ. નારાયણ કામત, મુખ્ય ચિકિત્સા અધિકારી ડૉ. શૈલેષ આર્લેકર સહિત હોસ્પિટલની નર્સો, મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ સહિત કોલેજ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

આ કાર્યક્રમમાં વિવિધ વિભાગના ડૉક્ટરોએ પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા. જેમાં ડૉક્ટર રામચંદ્ર ગોયલે જણાવ્યું હતું કે, ડૉક્ટર જ સાચા નાયક છે, જે ચુપચાપ માનવતાની સેવા કરે છે. તેઓ ફક્ત રોગોના ઉપચાર કરે છે એટલું જ નહીં, પરંતુ આશા સાંત્વના અને જીવન પણ આપે છે. રાષ્ટ્રીય ડૉક્ટર દિવસના અવસરે સેલવાસની મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા રોચક પહેલા સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે ઉપસ્થિત તમામ શપથ અને સામુહિક સંકલ્પ સાથે ડૉક્ટરના વ્યવસાયની મર્યાદા અને મૂલ્યોને નિભાવવાની પ્રતિજ્ઞા પણ લીધી હતી.

# વલસાડ જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતના અધ્યક્ષસ્થાને આત્મા ગવર્નિંગ બોર્ડની મીટિંગ મળી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૦૨**

વલસાડ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતની અધ્યક્ષતામાં આત્મા ગવર્નિંગ બોર્ડની મીટીંગ તેમજ પ્રાકૃતિક કૃષિની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં વલસાડ જિલ્લા આત્મા પ્રોજેક્ટના ડાયરેક્ટરશ્રી ડી. એન. પટેલ દ્વારા આત્મા તેમજ પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત થયેલી કામગીરીનો અહેવાલ રજૂ કરાયો હતો. સાથે સાથે આવનાર સમયમાં પ્રાકૃતિક કૃષિ સંદર્ભે થનાર કામગીરી વિશે સભ્યોને જાણકારી આપવામાં આવી હતી. આ મીટિંગ દરમિયાન જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા વલસાડ જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો પ્રચાર પ્રસાર વધુ થાય તે સંદર્ભે જરૂરી કામગીરી કરવા માર્ગદર્શન આપ્યું હતું.

# વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળના નવા કાર્યાલયનું શ્રેષ્ઠ દાનવીરના હસ્તે કરાયેલું ઉદ્‌ઘાટન





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૨**

વલસાડ તાલુકા પંચાયત ઓફિસની સામે, ગિરધર ચેમ્બર્સ પહેલા માળે વલસાડ મુકામે તા.૨૭-૦૬-૨૦૨૫ ના રોજ વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળના નવા કાર્યાલયનું ઉદ્‌ઘાટન શિક્ષણપ્રેમી, સમાજસેવક, કર્મવીર, ધર્મવીર, દાનવીર, શ્રેષ્ઠ દાતા, આ મંડળના માર્ગદર્શનક કિશોરભાઈ ગાંધીના હસ્તે કરવામાં આવ્યું હતું. એમણે આ કાર્યાલય માટે રૂા.૧,૧૧,૧૧૧ દાન પેટે આપીને તેઓ કાર્યકર્તાઓના પ્રેરણાસ્રોત બન્યા છે. શ્રી ગણપતભાઈએ સૌનાં વતી કિશોરભાઈ ગાંધીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ શુભ પ્રસંગે સૌના વિઘ્નહર્તા ગણેશજીની પૂજાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. દાતા કિશોરભાઈ ગાંધી, પ્રમુખ ગણપતભાઈ પટેલ, મહામંત્રી પ્રવીણભાઈ પટેલ, તેમજ અન્ય મહાનુભાવો પણ આ ગણેશપૂજામાં જોડાયા હતા. અમારૂં આ નિવૃત્ત કર્મચારી સેવા મંડળ ઉત્તરોત્તર ખૂબજ પ્રગતિ કરે એવી ગણપતિ બાપાને હૃદયથી પ્રાર્થના કરી હતી. ઘણી મોટી સંખ્યામાં આ મંડળના પદાધિકારીઓ તેમજ સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. જય ગણેશ જય ગણેશ જય ગણેશ દેવા માતા જેની પાર્વતી પિતા મહાદેવા ગણેશ સ્તુતિના આ નાદથી કાર્યાલયનું સમગ્ર વાતાવરણ ભક્તિભાવથી ભીંજાઈ ગયું હતું. ''જનસેવા એજ પ્રભુ સેવા'' ના ભાવ સાથે લોકોના લાભદાયી શુભકાર્યો આ મંડળ થકી થતા રહે, એવી સૌએ પરમ કૃપાળુ પરમાત્માને હૃદયથી પ્રાર્થના કરી હતી. સમૂહ ભોજન કરીને સૌ આનંદ અને ખુશીની લાગણી વ્યક્ત કરતાંની સાથે વિખૂટા પડ્યા હતા.

# વલસાડ જિલ્લાના ૩૦૫૬૧ ખેડૂતોને તા.૧૦ જુલાઈ સુધી ફાર્મર રજીસ્ટ્રી (ખેડૂત નોંધણી) કરાવવા તાકીદ

**પી.એમ. કિસાન યોજના હેઠળ જિલ્લામાં કુલ ૧૫૪૭૧૨ ખેડૂતો પૈકી ૧૨૪૧૫૧ ખેડૂતોએ નોંધણી કરાવી દીધી: નોંધણી કરાવનાર ખેડૂતોને જ આગામી પી.એમ. કિસાનના હપ્તાનો લાભ મળવાપાત્ર થશે**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૦૨**


ભારત સરકાર દ્વારા ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર-કૃષિ સબબ એગ્રીસ્ટેક પ્રોજેકટ અમલમાં મૂકવામાં આવ્યો છે, જેમાં તમામ ખેડૂત ખાતેદારોને ફાર્મર રજીસ્ટ્રી (ખેડૂત નોંધણી) કરાવવી ફરજીયાત કરવામાં આવ્યું છે. ''ફાર્મર રજીસ્ટ્રીનો મુખ્ય ઉપયોગ કૃષિ તથા સંલગ્ન વિભાગો દ્વારા ચાલતી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ જિલ્લાના તમામ ખેડૂતોને સરળ, પારદર્શક અને સમયસર પૂરો પાડી શકાય તે માટેનો છે. આ સિવાય ફાર્મર રજીસ્ટ્રીથી ખેડૂતોની ઓળખ પ્રસ્થાપિત કરી શકાશે તેમજ કૃષિ સેવાઓ જેવી કે કૃષિ ધિરાણ, ટેકાના ભાવે ખરીદી, પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના જેવી યોજનાઓના લાભ ખેડૂતોને ઝડપથી ઉપલબ્ધ કરાવી શકાશે. ''હાલમાં પી.એમ કિસાન યોજના અંતર્ગત લાભ મેળવવા તમામ ખેડૂતોની ફાર્મર રજીસ્ટ્રી ફરજીયાત કરવામાં આવી છે.

વલસાડ જિલ્લામાં કુલ ૧૫૪૭૧૨ જેટલા સક્રિય ખેડૂતો છે, જેઓ પી.એમ કિસાન યોજના હેઠળ સતત લાભ મેળવી રહ્યા છે. જે પૈકી કુલ ૧૨૪૧૫૧ લાખ જેટલા ખેડૂતોએ ફાર્મર રજીસ્ટ્રીની કાર્યવાહી પૂર્ણ કરી છે, જ્યારે ૩૦૫૬૧ જેટલા ખેડૂતોએ ફાર્મર રજીસ્ટ્રી કાર્યવાહી પૂર્ણ કરી નથી. રાજ્ય સરકાર દ્વારા અપાયેલી સૂચના મુજબ પી.એમ કિસાન હેઠળ નોંધાયેલા ખેડૂતો પૈકી નોંધણી કરાવેલ હશે તેવા જ ખેડૂતોને આગામી હપ્તાનો લાભ મળવાપાત્ર થશે. આથી તમામ બાકી ખેડૂતોએ જે તે ગામના વી.સી.ઈ /સી.એસ.સી.સેન્ટર/ ગ્રામસેવક/તલાટીનો સંપર્ક કરી તારીખ ૧૦/૦૭/૨૦૨૫ સુધીમાં ખેડૂત નોંધણી કરાવી લેવા જિલ્લા વહીવટી તંત્ર મારફત દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

બહાર ગામ રહેતા ખેડૂતો gjfr.agristack.gov.in/farmer-registry-gj/#/વેબસાઈટ પર જઈ સેલ્ફ રજીસ્ટ્રેશન કરી શકે છે અથવા કોઈ પણ નજીકના સી.એસ.સી (કોમ્પ્યુટર સહાયતા કેન્દ્ર) પર જઈ ફાર્મર રજીસ્ટ્રી કરાવી શકે છે. આ માટે તમામ ખેડૂતોએ આધાર કાર્ડ/ જમીનના ઉતારાની નકલ- ૮અ/૭-૧૨ તેમજ આધાર કાર્ડ લીંક હોય તે મોબાઈલ સાથે રાખવો ખાસ જરૂરી છે તથા દસ્તાવેજની નકલ કોઈ પણ ઓપરેટરને આપવાની રહેતી નથી. ફકત ફાર્મર રજીસ્ટ્રી માટે જરૂરી વિગતો ઓપરેટરને જણાવવાની રહે છે એમ વલસાડ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# રોટરી વલસાડ રેન્જર્સ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૦૨**

રોટરી ક્લબ ઓફ વલસાડ રેન્જર્સ દ્વારા દર વર્ષે ડોક્ટર ડે ની ઉજવણીના ભાગ રૂપે આ વર્ષે પણ વલસાડ રક્તદાન કેન્દ્ર ખાતે રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ૩૩ બોટલ જીવનદાયી રક્તદાન પ્રાપ્ત થયું હતું. કાર્યક્રમના પ્રોજેક્ટ ચેરમેન સિદ્ધાર્થ શાહ, પ્રેસિડન્ટ ભરત જૈન અને માનદ મંત્રી હેમિલ શાહે તમામ દાતાઓ તથા સભ્યો અને પરિવારજનોનો વિશેષ આભાર માન્યો હતો. આ પ્રસંગે મનોજ જૈન (આઈ.પી.પી.), ડૉ. દિપેશ શાહ, ભવિન શાહ, સુનિલ જૈન સહિત અન્ય સભ્યોએ કેમ્પને સફળ બનાવવા યોગદાન આપ્યું હતું.

# વલસાડ આરટીઓ કચેરી દ્વારા વાહનોના પંસદગીના નંબર માટે ફેર હરાજી થશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૦૨**

વલસાડ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા મોટરીંગ પબ્લિકની સગવડતા માટે પસંદગીના નંબરની ફાળવણી માટે ઓનલાઈન ફેર હરાજી શરૂ કરવામાં આવી છે. જેમાં ટુ વ્હીલર (બે પૈંડાવાળા વાહનો)માં GJ15EL, ફોર વ્હીલર (ચાર પૈડાવાળા વાહનો) માટે GJ15CR અને ટ્રાન્સપોર્ટ વ્હીકલ (આઠ પૈડાવાળા માલવાહક વાહનો) માટે GJ15AX, થ્રી વ્હીલર (ત્રણ પૈડાવાળા વાહનો) માટે GJ15AW અને નોન ટ્રાન્સપોર્ટ વ્હીકલ (અન્ય વાહનો) માટે GJ15 SV સિરિઝના ૦૦૦૧ થી ૯૯૯૯ નંબર માટે ફેર હરાજી શરૂ કરવામાં આવી છે.

આ નંબરો મેળવવાની ઈચ્છા ધરાવનાર વાહન માલિકો તેમના વાહનો રજિસ્ટ્રેશન કરાવી ઓનલાઈન http/ privahan.gov.in/fancy પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી ફેર હરાજીમાં ભાગ લઈ શકશે. તે માટેની સૂચના આ મુજબ છે. (૧) તા.૦૮-૦૭-૨૦૨૫ના રોજ દિવસે ૦૪-૦૦ વાગ્યાથી તા. ૧૦-૦૭-૨૦૨૫ના દિવસે ૦૩-૫૯ વાગ્યા સુધી NEW-AUCTION/ RE-AUCTION માટેનું ફોર્મ રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે અને ઓનલાઈન એપ્લિકેશન કરવાની રહેશે. (૨) તા.૧૦-૦૭-૨૦૨૫ના રોજ દિવસે ૦૪-૦૦ કલાકથી તા.૧૨-૦૭-૨૦૨૫ના રોજ દિવસે ૦૪-૦૦ કલાક સુધી NEW-AUCTION/ RE-AUCTION માટેનું બિડિંગ ખૂલશે. (૩) અરજદારોએ વાહન ખરીદ કર્યાની તારીખથી ૭ દિવસની અંદર CNA ફોર્મ ભરેલું હોવું જોઈએ. વેલીડ CNA ફોર્મ રજૂ નહી કરનાર અરજદારને હરાજીમાં નિષ્ફળ જાહેર કરવામાં આવશે. (૪) હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણાં જમા કરાવવાના રહેશે. અરજદાર જો આ નિયત સમયમર્યાદામાં નાણાં ચુકવવામાં નિષ્ફળ જાય તો જે તે નંબર માટે મૂળ ભરેલી રકમ જપ્ત કરી જે તે નંબરની ફરી હરાજી કરવામાં આવશે.


ઓનલાઈન ઓક્શન દરમિયાન અરજદારે RBI દ્વારા નકકી કરેલા દરે ચાર્જ ચુકવવાના રહેશે. વાહનના સેલ લેટરમાં સેલ તારીખથી નિયમ મુજબના દિવસની અંદરના જ અરજદારો હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકશે. સમય બહારની અરજીઓ રદ્દ કરવામાં આવશે એવું ઈન્ચાર્જ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# દેગામથી ૪૯ વર્ષીય સુરેખાબેન પટેલ ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૦૨**

વાપીના દેગામ ખાતે ભીનાર ફળિયામાં રહેતા ૫૨ વર્ષીય બુધીયાભાઈ ડાયાભાઈ નાયકા પટેલના ૪૯ વર્ષીય પત્ની સુરેખાબેન છેલ્લા ૧૦ વર્ષથી અસ્થિર મગજ ધરાવે છે. જે તા.૧૬/૦૬/૨૦૨૫ના રોજ કલાક ૦૭/૩૦ થી કલાક ૧૦/૦૦ વાગ્યા દરમિયાન ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વિના ક્યાંક નીકળી ગયા હતા. જેમની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો લાગ્યો ન હતો. જેથી પતિએ ડુંગરા પોલીસ મથકે પત્ની ગુમ થયાની જાણ કરી હતી. ગુમ થનાર સુરેખાબેન શરીરે મધ્યમ બાંધો, શ્યામ વર્ણ અને ચાર ફૂટ પાંચ ઈંચ ઉંચાઈ ધરાવે છે. જેણે પીળા કલરની સાડી અને ચપ્પલ પહેરી હતી. જે કોઈને પણ તેણીની ભાળ મળે તો ડુંગરા પોલીસ મથકે ફોન નં.૬૩૫૯ ૬૨૬૧૩૨ અને ૮૯૮૦૮ ૦૬૫૫૦ પર જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

# ધરમપુરના ડુંગરાળ અને જંગલ પ્રદેશમાં પૌષ્ટીકતાની સાથે ઔષધીય ગુણોથી ભરપુર ''અળવા'' ફળની માંગ







**જંગલી ચીકુના ઉપનામથી ઓળખાતા આ ફળ સ્વાદમાં ખાટા-મીઠા હોય છે, એક નંગ રૂા.૧૦ના ભાવે વેચાય છે**

**આ ફળ વર્ષમાં એક જ વાર ચોમાસાની શરૂઆતમાં થાય છે, જેના દ્વારા આદિવાસીઓ રોજગારી પણ મેળવે છે: સ્થાનિક દામુભાઈ દીવા**

**આલેખન - જિજ્ઞેશ સોલંકી**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૦૨**

ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીની જ્યોત જલાવનાર રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સતત એવું કહેતા હોય છે કે, ''જંગલમાં કોઈ પણ ઝાડ કે વૃક્ષને કોઈ ખાતર કે જતુંનાશક દવા નાંખવા જતુ નથી છતાં વિશાળ વટવૃક્ષની જેમ ઉગી નીકળે છે અને અઢળક ફળ ફળાદી આપી સંસારનું પાલન પોષણ કરે છે.'' તેમના આ વાક્યો સાર્થક થતા હોય એમ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના અંતરિયાળ ડુંગરાળ પ્રદેશના જંગલમાં ''અળવા''ના ફળ ચોમાસાની સિઝનમાં જોવા મળી રહ્યા છે. અળવાના વૃક્ષ એકદમ પ્રાકૃતિક રીતે ઉગી નીકળે છે. તેના ફળ પૌષ્ટીકતાની સાથે સાથે ઔષધીય ગુણ પણ ધરાવતા હોવાથી લોકોમાં માંગ વધી છે.

વલસાડ જિલ્લાનો ધરમપુર અને કપરાડા તાલુકો વિવિધ ઔષધીય વનસ્પતિ માટે જાણીતો છે. હાલમાં ધરમપુરના ઘટાદાર જંગલોમાં ''અળવા'' નામના ફળો જોવા મળી રહ્યા છે. જેને સ્થાનિક લોકો ''જંગલી ચીકુ'' તરીકે પણ ઓળખે છે. આ ફળ અને તેના પાંદડાનો ઔષધી તરીકે વિવિધ રૂપમાં ઉપયોગ કરવામાં આવે છે.

આ ફળના નામ અને ગુણ અંગે નવસારી કૃષિ યુનિવર્સિટી સંલગ્ન અસ્પી બાગાયત કોલેજના પ્રોફેસર અને ફળ વિભાગના હેડ ડો. ડી. કે. શર્મા જણાવે છે કે, આ ફળનું વૈજ્ઞાનિક નામ "Meyna Laxiflora" છે. દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં તેને જંગલી ચીકુ તરીકે ઓળખવામાં આવે છે. આ ફળનો ઉપયોગ સ્થાનિક આદિવાસી લોકો પાચનને લગતી સમસ્યા જેવી કે, એસીડિટી, ગેસ, અપચો અને જઠરના વિકારો દૂર કરવામાં માટે કરે છે. આ સિવાય કફ અને પિત્તને બહાર કાઢે છે. શરીરમાં ઠંડક આપે છે અને એન્ટીઓક્સિડન્ટથી ભરપૂર છે, તેના બીજનો પાઉડર પાણી સાથે પીવાથી પથરીને પણ મટાડે છે, તેના પાંદડાની પેસ્ટ નાળિયેર તેલ સાથે લગાવવામાં આવે તો સોજો પણ મટી શકે છે. પાંદડાનો ઉપયોગ ડેન્ડ્રફ નાશક શેમ્પુ તરીકે પણ થાય છે. તેના ફળ કાચા હોય ત્યારે લીલા, ચળકતા અને જામફળ જેવા લંબગોળ આકારના હોય છે. પાકયા પછી તે ફળ રાખોડી ભૂરા અને કથ્થઈ કલરના દેખાય છે. ફળ સ્વાદમાં ખાટા-મીઠા હોય છે.

ધરમપુર તાલુકા ડુંગરાળ પ્રદેશમાં આવેલા ટીટુખડક ગામમાં રહેતા સ્થાનિક જાણકાર શ્રી દામુભાઈ બચુભાઈ દીવા જણાવે છે કે, અળવાના કાચા ફળને લોકો અથાણા તરીકે પણ ઉપયોગમાં લે છે. અહીંના ગામના લોકો આ ફળનો ઉપયોગ ડાયાબીટીસ, સુગર અને ઝાડા ઉલટીમાં ઈલાજ તરીકે કરે છે. જાણકાર લોકો આ ફળને શોધતા શોધતા અમારા ગામ સુધી આવી પહોંચે છે. આ ફળના પાંચ થી છ નંગ રૂા.૫૦ના ભાવે વેચાય છે. એટલે કે, એક ફળ રૂા. ૧૦ના ભાવે વેચાય છે. આ ફળ ચીકુ કરતા નાનુ હોય છે. જે વર્ષમાં એક જ વાર ચોમાસાની શરૂઆતમાં થાય છે. આ ફળને સુકવીને અથવા પકવીને ખાઈ શકાય છે. આદિવાસી વિસ્તારના લોકો આ ફળને વેચીને રોજગારી પણ મેળવે છે.

જંગલમાં મળતી અનેક વન ઔષધી અને ફળ અક્સીર ઈલાજ તરીકે ગણાય છે. જંગલમાં આપમેળે જ સૃષ્ટિના ઋતુચક્ર મુજબ ખેતી થતી હોય છે, કુદરતની આ જ સિસ્ટમ પરથી રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પણ જંગલ મોડલ ફાર્મની પધ્ધતિ વિકસાવી છે. જેના આધારે આજે વલસાડ જિલ્લાના અનેક ગામો જંગલ મોડલ ફાર્મ આધારિત ખેતી કરી રહ્યા છે જે માટે રાજ્ય સરકારના દ્વારા સહાય પણ આપવામાં આવે છે.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# પોતાના સ્વાર્થ માટે બેવડા ધોરણો અપનાવવાની નીતિ ધરાવતા અમેરિકા સાથેના સંબંધોમાં ભારતે સાવધાની રાખવી ખૂબ જરૂરી

**અ**ષાઢી બીજથી ખેડૂતો સામાન્ય રીતે ખરીફ પાક માટેનું ખેતીકામ વેગીલુ બનાવતા હોય છે. અખાત્રીજથી કરેલી તૈયારીઓ પછી વાવણીલાયક વરસાદ થાય, અને તે પછી નવું કૃષિવર્ષ ઉત્તમ નિવડે, તે માટેની પ્રાર્થનાઓ પણ અષાઢી બીજની ઉજવણી દરમ્યાન થતી હોય છે. આપણી સંસ્કૃતિ વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના ધરાવે છે અને પ્રાચીનકાળથી વિધિકલ્યાણની પ્રવૃત્તિઓ ભારતવર્ષમાં કરતું રહ્યું છે. ભારતે ઘણાં વિદેશી આક્રમણો ખમ્યા છે અને કેટલીક વિદેશી સલ્તનતો સેંકડો વર્ષ સુધી ભારત પર શાસન કરી રહી હતી, અને કેટલાક કટ્ટર શાસકોએ આપણી સર્વમાંગલ્ય, માંગલ્યે તથા વસુધૈવ કુંટુંબકમ્‌ની સહિષ્ણુ ઉદાર અને સર્વસમાવેશી સંસ્કૃતિનું નિકંદન કાઢવાનો પ્રયાસ કર્યો, તેમ છતાં ભારતીય સંસ્કૃતિ આજે પણ ટકી રહી છે અને વિશ્વને સત્ય, અહિંસા અને માનવતા માટે મરી મિટવાની તત્પરતાનો પાઠ શીખવી રહી છે, એટલું જ નહીં અસૂરો અથવા માનવવિરોધી દૂષ્ટોને પૂરેપૂરી તકો આપવા છતાં સુધરે નહીં, તો તેના અંજામ સુધી પહોંચાડવાની તાકાત પણ બતાવી રહી છે. આપણો પડોશી દેશ પાકિસ્તાન માનવતા વિરોધી છે, તો બીજો પડોશી દેશ ચીન સ્વાર્થી, સામ્રાજ્યવાદી તથા વધુ દગાબાજ છે. આ બંને દેશોને ભારતની સહિષ્ણુતા, માનવતા, પ્રગતિ અને એકજૂથતા આંખમાં કણાની જેમ ખટકે છે. આ કારણે ભારતમાંથી જુદો પડેલો દેશ પાકિસ્તાન પોતાની કાયરતા, અને કમજોરીના કારણે ભારત સાથે સીધી લડાઈમાં ક્યારેય જીતે તેમ નહીં હોવાથી આતંકવાદનો સહારો લઈ રહ્યો છે... સાથે બાંગ્લાદેશ પણ હવે આતંકવાદની ફેક્ટરી જેવા આ દેશનો સમય સમય પર ચીન અને અમેરિકા જેવી શક્તિશાળી અને ઘમંડી સત્તાઓ મહોરાની જેમ ઉપયોગ કરીને પોતાને ઉલ્લુ સિદ્ધ કરી રહી છે. આ કારણે પાકિસ્તાનની પ્રજા પાયમાલ થઈ રહી છે અને લોકતાંત્રિક દેશ હોવા છતાં ત્યાં મોટા ભાગે સેનાધ્યક્ષોનું શાસન જ રહ્યું છે. ચૂંટાયેલા વડાપ્રધાનો ત્યાં સેનાની કઠપૂતળી જેવા જ રહ્યા છે, અને ત્યાં રાષ્ટ્રપતિ પદનું કોઈ બહુ મહત્ત્વ રહ્યું નથી. આ માયકાંગલા પડોશી દેશનો ભારતીય પ્રતિનિધિઓ યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઈઝેશન(યુ.એન.ઓ.)માં નકાબ ચીરી નાખ્યા પછી ચીનમાં સર્જાયેલી શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠકમાં ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે પાકિસ્તાનને રોકડુ પરખાવ્યું અને સંયુક્ત ઘોષણાપત્રમાં પહલગામ આંતકી હૂમલાનો ઉલ્લેખ નહીં કરાતા તેમાં હસ્તાક્ષર ન કર્યા, તે પછી હવે ભારતની ઓપરેશન સિંદૂર ફેઈમ કાર્યવાહીથી ફફડતું પાકિસ્તાન વૈશ્વિક સંસ્થાઓ પાસે રહેમની ભીખ માંગવા હડિયાપટ્ટી કરવા લાગ્યું છે. બીજી તરફ ઈઝરાય-લઈરાન યુદ્ધમાં સામેલ થયા પછી બે-ત્રણ દિવસમાં જ અમેરિકાએ યુદ્ધ આટોપી લીધું, પરંતુ રશિયા-યુક્રેન યુદ્ધ અટકી જાય, તે માટે બહુ પ્રયત્નો કરવાના બદલે માત્ર પ્રોપેગેન્ડા કર્યો, તેની પાછળ ટ્રમ્પના બિઝનેસ માઈન્ડની બૂ આવે છે. હકીકતે હથિયારો તથા યુદ્ધસામગ્રીના અમેરિકન ઉત્પાદકોના હિતાર્થે અમેરિકા પહેલા કોઈપણ મુદ્દે વિવાદગ્રસ્ત બે દેશો વચ્ચે પહેલા યુદ્ધ ભડકાવે છે, અને તે બંને દેશોને અમેરિકા, રશિયા, ફ્રાન્સ જેવા દેશોને હથિયાર સામગ્રી યુદ્ધ જહાજો વગેરે વેચે છે ને તેમાંથી મબલખ કમાણી કરે છે. તેથી વિશ્વ સમુદાયમાં એક કોન્સેપ્ટ એવો પણ વ્યાપક રીતે ફેલાઈ રહ્યો છે કે જો દુનિયામાં કાયમી શાંતિ રાખવી હોય તો વિશ્વના તમામ દેશોએ માત્ર પરમાણુ બોમ્બ જ નહીં, પરંતુ દરેક પ્રકારના હથિયારો, યુદ્ધ સામગ્રી, તથા યુદ્ધ જહાજો, વિમાનોનું ઉત્પાદન જ બંધ કરી દેવું જોઈએ, અને મૌજૂદ પુરવઠાનો યોગ્ય રીતે નાશ કરી નાખવો જોઈએ. અત્યારે જે સ્થિતિ છે, તે જાળવી રાખીને તમામ પ્રકારના વિવાદાસ્પદ મુદ્દાઓ માટે યુદ્ધ નહીં પરંતુ એક વૈશ્વિક પ્લેટફોર્મ કે દ્વિપક્ષીય વાટાઘાટો કરીને ઉકેલવા જોઈએ. જો વિસ્ફોટક યુદ્ધ સામગ્રી, હથિયારો કે સાધનોનું ઉત્પાદન જ નહીં થાય, તો યુદ્ધ જ નહીં થાય. જો કે, કોન્સેપ્ટ ભલે સ્વીકારવા જેવો લાગતો હોય, પરંતુ તેનો અમલ કરવો અઘરો છે. હથિયારોનું ઉત્પાદન માત્ર દેશો વચ્ચેના યુદ્ધો માટે નહીં, પરંતુ બદમાશો, માફિયાઓ, ગુંડાઓ, ગુનાખોરો, ઉગ્રવાદીઓ તથા ત્રાસવાદીઓ સામે લડવા માટે પણ થતો હોય છે. ખુદ ભગવાનને પણ માનવ અવતાર ધારણ કર્યો, ત્યારે તીરકામઠાથી લઈને સુદર્શનચક્ર સુધીનો ઉપયોગ કરવો પડ્યો હતો, તેથી શસ્ત્રોનું ઉત્પાદન સદંતર બંધ થઈ જાય તે સંભવ જણાતું નથી, કારણ કે આંતરિક અને બાહ્ય સુરક્ષા માટે આ શસ્ત્ર સરંજામ જરૂરી પણ હોય છે, તેથી આ પ્રકારના ઉત્પાદનો તદ્દન બંધ કરી દેવાના બદલે તેને અંકુશિત કે નિયંત્રિત કરવા માટે અમેરિકા, રશિયા, ચીન જેવી મહાસત્તાઓ સ્વયંશિસ્ત જાળવવું જોઈએ, અને તે માટે પોતાના સ્વાર્થે બેવડા ધોરણો અપનાવવાની નીતિ સમાપ્ત થવી જોઈએ.

# ૧૨% GST સ્લેબ નાબૂદ થવાની શક્યતા


**કે**ન્દ્ર સરકાર ટૂંક સમયમાં GSTમાં મોટી રાહત આપી શકે છે. સરકાર ટેક્સમાં ફેરફાર કરવાનું વિચારી રહી છે. મધ્યમ અને ઓછી આવક ધરાવતા પરિવારોમાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી આવી વસ્તુઓ પર રાહત આપી શકશે. હાલમાં તેમના પર ૧૨% GST વસૂલવામાં આવે છે. સરકાર ૧૨% GST યાદીમાં મોટાભાગની વસ્તુઓને ૫% સ્લેબમાં મૂકવા અથવા ૧૨% સ્લેબને જ સમાપ્ત કરવાનું વિચારી રહી છે. સામાન્ય લોકો દ્વારા રોજિંદા ઉપયોગમાં લેવાતી મોટાભાગની વસ્તુઓ આ શ્રેણીમાં આવે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, GST કાઉન્સિલની આગામી બેઠકમાં આ અંગે નિર્ણય લઈ શકાય છે. આ બેઠક આ મહિને યોજાઈ શકે છે. બેઠક માટે ૧૫ દિવસની નોટિસ આપવાની રહેશે. GST એટલે કે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ દેશભરમાં એક કર પ્રણાલી તરીકે રજૂ કરવામાં આવ્યો હતો જેથી વિવિધ કરને એકસાથે જોડી શકાય. પરંતુ હવે ૮ વર્ષ પછી, સરકાર બીજો મોટો ફેરફાર કરવા જઈ રહી છે, જેનો સીધો ફાયદો સામાન્ય લોકોને થઈ શકે છે. સરકાર હવે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) સિસ્ટમમાં મોટો ફેરફાર કરવા જઈ રહી છે. ૧૨% ટેક્સ સ્લેબને દૂર કરવાની અને તેની હેઠળ આવતી ઘણી વસ્તુઓને ૫% ટેક્સ હેઠળ લાવવાની યોજના છે. આના કારણે, ચંપલ, મીઠાઈઓ, કેટલાક કપડાં અને ડેરી ઉત્પાદનો જેવી ઘણી વસ્તુઓ સસ્તી થઈ શકે છે. આ સાથે, કાર, તમાકુ, પાન મસાલા, ઠંડા પીણા વગેરે જેવી મોંઘી વસ્તુઓ પર વધારાના કરને સીધા GST દરમાં સમાવવાની યોજના છે.




આ ફેરફાર સાથે, રોજિંદા વસ્તુઓ સસ્તી થઈ શકે છે, ટેક્સ ચૂકવવાનું અને વર્ગીકરણ સરળ બનશે. સરકાર અને રાજ્યોને કરનો વધુ હિસ્સો મળશે, ઉદ્યોગપતિઓ માટે જટિલતા ઓછી થશે. આ ઉપરાંત, લોકોને કિંમતોમાં પારદર્શિતા જોવા મળશે. જો બધા રાજ્યો સંમત થાય, તો આગામી મહિનાઓમાં દેશભરમાં ઘણી વસ્તુઓ સસ્તી થઈ શકે છે.

# જાલંધરનાં પત્ની વૃંદાએ ભગવાનને શ્રાપ આપ્યો હતો..




## હિન્દુ પૌરાણિક ગ્રંથોમાં વર્ણવેલ મુખ્ય પંદર શ્રાપ..
ભાગ-૨
આલેખન:
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા. શહેરા, જિ. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

**હિ**ન્દુ પૌરાણિક ગ્રંથોમાં અનેક વરદાન અને શ્રાપોનું વર્ણન જોવા મળે છે. આ શ્રાપ અને વરદાનોની પાછળ કોઈને કોઈ વાર્તા અને કારણ હોય છે. આ શ્રાપ અને વરદાનોની પાછળ ભવિષ્યમાં ઘટનાર ઘટના કારણભૂત હોય છે. નિરાકાર પ્રભુ પરમાત્માને સંતપ્રેમ આકાર આપે છે. નિર્ગુણનિરાકાર પરમાત્મા સંતો ભક્તો માટે સગુણસાકાર બને છે, પરમાત્મા ધરતી ઉપર નિરાકારમાંથી સાકાર થાય છે.

રામચરીત માનસમાં ભગવાન શ્રીરામના અવતાર લેવાના પાંચ કારણ બતાવ્યા છે એમાંનું ભગવાનના અવતાર લેવાનું બીજું કારણ જાલંધરનાં પત્ની વૃંદાએ ભગવાનને શ્રાપ આપ્યો હતો તે બતાવતાં યાજ્ઞવલ્ક્યજી કહે છે કે જાલંધર નામનો રાક્ષસ ઉત્પન્ન થયો. એ તમામ દેવતાઓને ત્રાસ આપવા લાગ્યો. એની પત્ની વૃંદા મહાન સતી હતી અને એના સતીત્વના લીધે જાલંધર કોઈથી મરતો નહોતો. ભગવાન વિષ્ણુ પાસે ફરીયાદ ગઈ કે જાલંધર કોઈનાથી મરતો નથી. એની પત્ની વૃંદામાં બહુ સતિત્વ છે. દેવતાઓનું કાર્ય કરવા માટે ભગવાન વિષ્ણુએ કપટ કર્યું. સતીના સતીત્વમાં વિક્ષેપ થયો. જાલંધરના ગળામાં ફુલની માળા કરમાઈ ગઈ. શિવજી વગેરે દેવતાઓએ હુમલો કર્યો અને જાલંધરનું મૃત્યુ થયું. આ પ્રસંગ ઘણાને ગમતો નથી. ઘણાં કહે છે કે ઈશ્વર કપટ કરે એ બરાબર ન કહેવાય. એક સતીનું સતીત્વ તોડવા ભગવાન વિષ્ણુએ કપટ કર્યું એ શું યોગ્ય છે?

જાલંધર સાક્ષાત અધર્મ છે પણ એ પોતાની પત્ની વૃંદાના ધર્મને બહાને જગતને પરેશાન કરતો હતો. ધર્મનાં કપડાં પહેરીને કોઈ અધર્મનું આચરણ કરતો હોય તો એવા ધર્મને તોડવામાં વાંધો આવતો નથી. વૃંદાનું સતીત્વ તોડીને જાલંધરને માર્યો ના હોત તો દુનિયામાં કોઈ સતીનું સતીત્વ સલામત ન રહેતું. એક સતીનું સતીત્વ તોડીને ભગવાન વિષ્ણુએ ભવિષ્યની તમામ સતીઓના સતીત્વને સલામત કરી દીધું. એક વ્યક્તિને મારીને સંસાર આખાનો ધર્મ બચી શકતો હોય તો ધર્મની આડશમાં, ધર્મના પડદામાં પોષાતા અધર્મને હણવામાં કોઈ પાપ નથી. જાલંધરનું મૃત્યુ થયું ત્યારે સતી વૃંદાને ખબર પડી ગઈ કે મારી સાથે દગો થયો છે અને જ્યારે તેમને બધી વાતની ખબર પડી ત્યારે વૃંદાએ ભગવાન વિષ્ણુને શ્રાપ આપી દીધો કે તમે મને મારા પતિની ગેરહાજરીમાં છેતરી છે. તમારે ધરતી ઉપર એકવાર મનુષ્યનો અવતાર લેવો પડશે. તમે રામ બનશો અને મારા પતિની ગેરહાજરીમાં મને દગો કર્યો છે તેથી તમે જ્યારે રામ બનશો અને જ્યારે તમારા પત્ની(સીતા) એકલાં હશે ત્યારે મારા પતિ જાલંધર રાવણ બનીને, પંચવટીમાં આવીને તમારી પત્ની સીતાને લઈ જશે ત્યારે આપણો હિસાબ બરાબર થશે. ભગવાને શ્રાપ માથે ચડાવ્યો.



જાલંધર કોન હતો? જાલંધરનો અર્થ થાય છે જે ચાલે છે અને તરે છે. એક સમયે ઈન્દ્રને પોતાના બળનું અજીર્ણ થવાથી ભગવાન શંકર પાસે જઈને તેમને રીઝવ્યા અને પોતાની સાથે લડી શકે તેવા યોદ્ધાની યાચના કરી. ભગવાન શંકરે પોતાનું ત્રીજું નેત્ર ખોલ્યું અને તેજમાંથી એક છોકરાનું રૂપ ધારણ કર્યું જે સમુદ્રમાં જઈને રહ્યો. સમુદ્રે તેને પોતાનો પુત્ર સમજી પોતાના અંતરમાંથી એક બેટ કાઢી આપ્યો અને ત્યાં જાલંધરનગર વસાવીને રહ્યો. જલંધર મોટો થતાં અસુર ગુરૂ શુક્રાચાર્ય દ્વારા તેને અસુરોનો સમ્રાટ બનાવવામાં આવ્યો. જલંધર અત્યંત શક્તિશાળી હતો અને તેને સર્વકાલીન સૌથી શક્તિશાળી અસુરોમાંનો એક માનવામાં આવતો હતો. જાલંધરે ગુરૂ શુક્રાચાર્ય પાસેથી તમામ વિદ્યાઓ શીખી વિશ્વ જીતી લીધું હતું. જાલંધરનું અસુર કાલનેમીની પુત્રી વૃંદા સાથે લગ્ન થયા હતા.

જાલંધર ન્યાય અને ખાનદાનથી શાસન કરતો હતો. એક દિવસ ગુરૂ શુક્રાચાર્યજી જાલંધરને મળવા આવ્યા અને જાલંધરને હિરણ્યકશ્યપુ અને વિરોચનની કથાઓ કહી તથા સમુદ્રમંથન સમયે વિષ્ણુએ રાહુનું માથું કેવી રીતે કાપી નાખ્યું હતું તેની કથા કહી, જે સાંભળી પોતાના સંદેશવાહક ઘસ્મરને ઈન્દ્ર પાસે મોકલ્યો અને તેને પોતાના પિતા સમુદ્રનો ખજાનો પાછો આપવા કહ્યું, જો કે ઈન્દ્રએ આપવાનો ઈન્કાર કર્યો તેથી છેલ્લે દેવો અને અસુરો વચ્ચે ભયંકર યુદ્ધ થયું જેમાં દેવોની હાર થતાં દેવતાઓ હતાશ થઈને ભગવાન વિષ્ણુને મદદ માટે વિનંતી કરી. જલંધર અને ભગવાન વિષ્ણુ વચ્ચે ભયંકર યુદ્ધ થયું તેમાં સમુદ્રપુત્રી માતા લક્ષ્મીજીએ વચ્ચે આવી પોતાના ભાઈ જાલંધરનો વધ ન કરવા વિનંતી કરતા ભગવાન વિષ્ણુએ પીછેહઠ કરતાં દેવોનો પરાજય થયો અને જાલંધર ત્રણેય લોકના સ્વામી બન્યા. તેમણે સમુદ્ર મંથન દરમિયાન દેવતાઓએ જે રત્નો એકઠા કર્યા હતા તે બધા જ જપ્ત કરી લીધા અને સદાચારી રીતે શાસન કર્યું, તેના રાજ્યમાં કોઈ બીમાર કે દુર્બળ નહોતું.

દેવો પોતાની હારથી તથા પોતાનો અધિકાર છીનવી લેવાથી નિરાશ થયા. દેવતાઓ સાથે સલાહ કરીને નારદમુનિ જાલંધરને મળવા ગયા અને તેનો નાશ થાય તે માટે યોજના બનાવી. તેમણે કૈલાશની સુંદરતાનું વર્ણન કર્યું. જવાબમાં જાલંધરે નારદને પોતાની સંપત્તિ બતાવી ત્યારે નારદજીએ કહ્યું કે તારી પાસે ભગવાન શિવ પાસે છે તેવી સુંદર સ્ત્રી નથી. આ સાંભળી જાલંધરે પોતાના દૂત રાહૂને શિવ પાસે મોકલ્યો અને પાર્વતીજીને પોતાને સોંપવાનો પ્રસ્તાવ મૂક્યો. આ અપમાન સાંભળીને શિવ એટલા ગુસ્સે થયા અને દૂતનો શિરચ્છેદ કરવા હુકમ કર્યો. દૂતે આજીજી કરતાં કહ્યું કે હે પ્રાણનાથ! મારો કોઈ અપરાધ નથી, હું તો ચિઠ્ઠીનો ચાકર છું માટે મને કૃપા કરી છોડી મુકો. ભગવાન શંકરે દયા કરી તેને છોડી મુક્યો, ત્યારબાદ દૈત્યરાજ જાલંધર ક્રોધિત થઈ શુભ નિશુંભને લઈને કૈલાશ ઉપર ચઢાઈ કરી. ભગવાન શિવે તેમની સામે યુદ્ધ કરી તેમને પાછા હટાવ્યા. ત્યારબાદ દૈત્યે પાર્વતીજી સાથે છળ કરવા શિવજીનો વેશ ધારણ કર્યો, પરંતુ માતા પાર્વતીજીને છળની જાણ થતાં તેમને ભગવાન વિષ્ણુનું સ્મરણ કર્યું એટલે તરત જ દૈત્ય જીવ લઈને ભાગ્યો. ત્યારે પાર્વતીએ ભગવાન વિષ્ણુને કહ્યું કે આ અધમ પાપીનો તરત નાશ કરો. ત્યારે ભગવાન વિષ્ણુએ કહ્યું કે હું પણ જાલંધરને મારી શકતો નથી, કેમ કે તેની પત્ની વૃંદા સતી છે. તેના સતીત્વ બળથી તમામ દેવો પણ ડરે છે. તમે જાણો છો કે સ્ત્રીનું પતિવ્રત એ એક ઉત્તમ ધર્મ છે. પતિવ્રતાના પુણ્ય પ્રતાપથી સઘળાં પાપ નાશ પામે છે. સતી વૃંદાના સતીત્વના પ્રતાપે દુષ્ટ ઘણું જોર અને સુખ પામ્યો છે. ભગવાન વિષ્ણુએ જાલંધરને મારવા માટે એક યોજના બનાવી. ભગવાન વિષ્ણુ એક ઋષિનું રૂપ ધારણ કરી સતી વૃંદા પાસે આવે છે. ભગવાને પોતાની માયાથી બે રાક્ષસો ઉત્પન્ન કરી તેમનો વધ કર્યો, એમની શક્તિ જોઈ સતી વૃંદાએ કૈલાશ પર્વત પર શિવજી સાથે યુદ્ધ કરી રહેલા પોતાના પતિ જાલંધર વિશે પુછ્યું. ભગવાન વિષ્ણુએ ફરીથી પોતાની માયાથી બે વાનર પ્રગટ કર્યા. એક વાનરના હાથમાં જાલંધરનું માથું હતું અને બીજાના હાથમાં એનું ધડ હતું. આ જોઈ સતી વૃંદા મૂર્છિત થઈ ગયાં. ભાનમાં આવતાં તેમને ઋષિને પોતાના યોગબળથી પોતાના પતિને જીવિત કરવા વિનંતી કરી.

ભગવાને પોતાની માયાથી જાલંધરનું મસ્તક અને ધડ જોડી દીધાં અને ભગવાન વિષ્ણુ જાલંધરના શરીરમાં પ્રવેશ કરી ગયા. સતી વૃંદાને એમ જ લાગ્યું કે આ તેના પતિ જાલંધર જ છે. માયાથી જાલંધર બનેલા ભગવાન વિષ્ણુ સાથે વૃંદા પત્ની તરીકે વ્યવહાર કરી દાંપત્ય સુખ માણવા લાગ્યાં. એનાથી એમના સતીત્વનો ભંગ થયો. સતીનું તેજ જતું રહેવાથી યુદ્ધમાં ભગવાન શિવે તેમના પગના અંગૂઠામાંથી બનાવેલા ચક્રથી તેનું માથું કાપી નાખ્યું, તેના મૃત્યુ પછી તેનો આત્મા શિવમાં ભળી ગયો.

સતી વૃંદાને જ્યારે ખબર પડી કે ભગવાન વિષ્ણુએ તેની સાથે છળકપટ કર્યું છે ત્યારે તેને ઘણો આઘાત લાગ્યો અને કહ્યું કે તમે યોગી બનીને મને છેતરી? આપ પ્રભુ થઈને અધર્મનું આચરણ કર્યુ? તમારૂં મન પત્થરની જેમ કઠોર છે, તમારામાં લેશમાત્ર દયા નથી, અને ક્રોધના આવેશમાં વૃંદાએ શ્રાપ આપ્યો કે તમે પાષાણ સ્વરૂપ (શાલીગ્રામ) બની જાઓ, તમારી સ્ત્રીનું પણ તપસ્વી રૂપે કોઈ હરણ કરશે તે સમયે ભગવાને પોતાનું ચતુર્ભૂજ રૂપ ધારણ કરી વૃંદાને દર્શન આપ્યા અને કહ્યું કે વૃંદા! તારા પતિ જાલંધરની બુધ્ધિ ભ્રષ્ટ થઈ હતી, તેને પાર્વતી તો એની માતા કહેવાય એમના ઉપર કુદ્રષ્ટિ કરી જેથી તેને પાછો વાળવા મારે આ કર્મ કરવું પડ્યું છે. તારો શાપ યથાર્થ છે, હવે હું પથ્થર રૂપે અવતરીશ અને મારી સ્ત્રીનું કોઈ તપસ્વી હરણ કરે એવા તારા શ્રાપ માટે મારે રામાવતાર લેવો પડશે.

ભગવાન વિષ્ણુએ વૃંદાના મનને શાંત કરવા ઘણા પ્રયાસો કર્યા પણ વૃંદાનું મન માનતું નથી અને તે કહેવા લાગી કે મેં એક ભવમાં બે ભવ કર્યા અને આપે મારો અંગીકાર કર્યો તેનું શું? જેથી ભગવાને કહ્યું કે બધા જીવો અંતે મારામાં જ સમાઈ જાય છે, તું નિષ્કલંક રહીશ, તું વનમાં તુલસી નામની વનસ્પતિ રૂપે અવતરીશ. એ વનસ્પતિ પ્રાણીઓની પીડા હરનારી અમૂલ્ય ઔષધિ બનશે. તારા પત્ર વિના જગત મને જે ભોગ ધરાવશે તેનો હું સ્વીકાર નહિ કરૂં. મૃત્યુ પામનારના મુખમાં મૂકાઈને તું મુક્તિદાતા બનીશ. મારા ભક્તો મારા નામનો જપ કરવા તારી માળા ધારણ કરશે, તું તુલસી અને હું શ્યામ શૈલરૂપે એટલે કે તુલસીશ્યામ રૂપે આપણી પૂજા કરશે. આપ મારા માટે લક્ષ્મીથી પણ વધારે પ્રિય બની ગયાં છો. હવે આપ તુલસી સ્વરૂપે સદાય મારી સાથે રહેશો. મારી પૂજા તમારા થકી જ થશે. જે મનુષ્ય તારાં મારી સાથે લગ્ન કરાવશે તેનું દામ્પત્ય અક્ષુણ્ણ રહેશે. પતિના વિરહમાં વૃંદાએ શરીરનો ત્યાગ કર્યો અને તેઓ જ્યાં બળીને ભસ્મ થયાં ત્યાં તુલસીના છોડ રૂપે જન્મ લીધો તથા શરીર છોડી દીધા પછી નદી રૂપે પરિવર્તિત થઈ ભારતવર્ષમાં પુણ્યરૂપા ગંડકી નામે પ્રસિદ્ધ થયાં અને શ્રીહરિ પણ શાપવશ શાલીગ્રામ રૂપે ગંડકી નદીમાં નિવાસ કરે છે. જ્યાં દૈત્યરાજ જાલંધરનું મસ્તક પડ્યું હતું તે જગ્યા પંજાબના ત્રણ મુખ્ય શહેરોમાં જલંધર શહેરનું નામાધિન થયેલ છે જે લવકુશની રાજધાની હતી.

# દાડમ ખાતી વખતે તમારે ટાળવી જોઈએ તેવી ૫ સામાન્ય ભૂલો

**દાડમ** એક સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ફળ છે જે સદીઓથી વિવિધ સંસ્કૃતિઓ દ્વારા પ્રિય છે. તેમના રત્ન જેવા બીજ અને મીઠા-ખાટા સ્વાદ સાથે, દાડમ સ્વાદનો ભરપૂર જથ્થો તેમજ એન્ટીઑક્સિડન્ટ, વિટામિન અને ફાઈબર જેવા ઘણાં સ્વાસ્થ્ય લાભો આપે છે. ભલે તે સારા ગુણોથી ભરપૂર હોય, ઘણાં લોકો તેને ખાતી વખતે સામાન્ય ભૂલો કરે છે, જેના કારણે પોષક લાભો ગુમાવી શકાય છે, ફળ બગડી શકે છે અથવા બગાડ પણ થઈ શકે છે. આ ફળ ખાવાની યોગ્ય રીત સમજીને, તમે તેનો સંપૂર્ણ આનંદ માણી શકો છો. દાડમ ખાતી વખતે તમારે ક્યારેય ન કરવી જોઈએ તેવી પાંચ ભૂલો અહીં બતાવાઈ છે.

**૧. બીજ યોગ્ય રીતે ન કાઢવા :** દાડમ ખાતી વખતે લોકો સૌથી સામાન્ય ભૂલ કરે છે તે બીજને યોગ્ય રીતે નહીં કાઢવાની. બીજ, અથવા એરિલ્સ, ફળનો ખાદ્ય ભાગ છે અને તેને દૂર કરવાની ઘણી રીતો છે. દાડમને અડધા ભાગમાં કાપીને બીજ દૂર કરવાની સામાન્ય પદ્ધતિ અવ્યવસ્થિત હોઈ શકે છે, જેના કારણે રસ બધે છલકાઈ જાય છે. તેના બદલે, દાડમને ક્વાર્ટરમાં કાપી લો અને બીજ કાઢવા માટે તેની છાલને હળવેથી ટેપ કરો અથવા છોલી લો. બીજી સરળ પદ્ધતિ એ છે કે ફળને કાપતા પહેલા તેને એક બાઉલમાં પાણીમાં પલાળી રાખો. આ બીજને કોઈપણ ગડબડ વિના પલ્પથી અલગ કરવામાં મદદ કરે છે અને બીજ તળિયે ડૂબી જશે, જેનાથી તે એકત્રિત કરવામાં સરળતા રહેશે.

**૨. સફેદ પલ્પ ફેંકી દેવા:** ઘણાં લોકો દાડમની અંદર રહેલો સફેદ પલ્પ ફેંકી દેવાની ભૂલ કરે છે, કારણ કે તેઓ માને છે કે તે ખાવા યોગ્ય નથી. જોકે પલ્પ કડવો હોઈ શકે છે, તે હાનિકારક નથી અને વાસ્તવમાં તેમાં વધારાનો ફાઈબર હોય છે, જે પાચનમાં મદદ કરે છે. તેને ફેંકી દેવાને બદલે, પલ્પને બીજથી અલગ કરવાનો પ્રયાસ કરો અને થોડી માત્રામાં ખાઓ. જો તમને તેનો સ્વાદ પસંદ ન હોય, તો તેને ખાવાનું ટાળવું શ્રેષ્ઠ છે, પરંતુ બીજા વિચાર કર્યા વિના તેને ફેંકી દેવાથી ફાઈબરના ફાયદા મેળવવાની તક ગુમાવી શકાય છે.

**૩. યોગ્ય માત્રામાં દાડમ ન ખાવા:** દાડમ પોષક તત્વો ભરપૂર હોય છે, પરંતુ તેને સંયમિત રીતે ખાવા જરૂરી છે. વધુ પડતું ખાવાથી પાચન સંબંધી સમસ્યાઓ થઈ શકે છે, ખાસ કરીને સંવેદનશીલ પેટ ધરાવતા લોકો માટે. એક સાથે ઘણાં બધા દાડમના બીજ ખાવાથી બ્લડ સુગરનું સ્તર પણ વધી શકે છે, તેથી તેની માત્રાનું ધ્યાન રાખવું જરૂરી છે. મુઠ્ઠીભર બીજ સામાન્ય રીતે સ્વાસ્થ્ય માટે સારા હોય છે, જે તમારા પાચનતંત્રને અસર કર્યા વિના તમને પુષ્કળ વિટામિન અને એન્ટીઑક્સિડન્ટ આપે છે.



**૪. ફળ ધોવાનું ભૂલશો નહીં:** દાડમ કાપતા પહેલા તેને સારી રીતે ધોવા મહત્ત્વપૂર્ણ છે. ફળની બાહ્ય ત્વચામાં બેક્ટેરિયા, જંતુનાશકો અને અન્ય દૂષકો હોઈ શકે છે જે કાપતી વખતે બીજમાં પ્રવેશી શકે છે. ભલે તમે ફક્ત બીજ ખાતા હોવ, દાડમ ધોવાથી ખાતરી થાય છે કે કોઈ અનિચ્છનીય ગંદકી અથવા રસાયણો તમારા સ્વાસ્થ્યને અસર ન કરે. ફળ કાપતા પહેલા તેને ઠંડા પાણીથી ધોઈ લો અને સ્વચ્છતા જાળવવા માટે તમારા હાથ અને વાસણો પણ ધોવાનું ભૂલશો નહીં.

**વધુ પડતું ખાવાથી પાચન સંબંધી સમસ્યાઓ થઈ શકે છે, ખાસ કરીને સંવેદનશીલ પેટ ધરાવતા લોકો માટે, એક સાથે ઘણાં બધા દાડમના બીજ ખાવાથી બ્લડ સુગરનું સ્તર પણ વધી શકે છે, તેથી તેની માત્રાનું ધ્યાન રાખવું જરૂરી છે**

**૫. દાડમનો ખોટી રીતે સંગ્રહ કરવો:** દાડમનો યોગ્ય રીતે સંગ્રહ કરવો એ તેમને યોગ્ય રીતે ખાવા જેટલો જ મહત્ત્વપૂર્ણ છે. ઘણાં લોકો તેને ખોટી સ્થિતિમાં સંગ્રહ કરવાની ભૂલ કરે છે, જેના કારણે ફળ બગડે છે અથવા તેની તાજગી ગુમાવે છે. તાજા દાડમને ઓરડાના તાપમાને લગભગ એક અઠવાડિયા સુધી સંગ્રહિત કરી શકાય છે, પરંતુ જો તમે તેમને લાંબા સમય સુધી રાખવા માંગતા હો, તો તેમને રેફ્રિજરેટરમાં રાખવું શ્રેષ્ઠ છે. બીજ કાઢી નાખ્યા પછી, તેમને ફ્રિજમાં હવાચુસ્ત પાત્રમાં સંગ્રહિત કરવા જોઈએ જેથી તેમનો સ્વાદ અને પોષક મૂલ્ય જળવાઈ રહે. જો તમારી પાસે દાડમના બીજ બચી ગયા હોય તો તેમને ફ્રીઝ કરવું એ તેમની શેલ્ફ લાઈફ વધારવાનો પણ એક શ્રેષ્ઠ માર્ગ છે. તમે ફ્રોઝન બીજનો ઉપયોગ સ્મૂધી, સલાડ અથવા મીઠાઈઓમાં કરી શકો છો.

દાડમ માત્ર સ્વાદિષ્ટ જ નથી પણ યોગ્ય રીતે ખાવાથી તમારા સ્વાસ્થ્ય માટે પણ ખૂબ ફાયદાકારક છે. આ પાંચ સામાન્ય ભૂલોને ટાળવાથી તમે સ્વાદ અને પોષણ બંને દ્રષ્ટિએ ફળનો સંપૂર્ણ આનંદ માણી શકશો. તમે દાડમના બીજ નાસ્તા તરીકે ખાતા હોવ, સલાડમાં ઉમેરી રહ્યા હોવ કે વાનગીમાં વાપરી રહ્યા હોવ, યોગ્ય તૈયારી અને વપરાશની પદ્ધતિઓ તમારા અનુભવને સુધારી શકે છે અને તમને દાડમના બધા આરોગ્ય લાભો મેળવવામાં મદદ કરી શકે છે. તેથી, આગલી વખતે જ્યારે તમે આ અદ્‌ભૂત ફળનો આનંદ માણો, ત્યારે આ સરળ ટિપ્સ યાદ રાખો જેથી તમે તેનો મહત્તમ લાભ લઈ શકો.

# સ્પોર્ટ્સ ન્યુઝ

## બીજી ટેસ્ટમાં કાળી પટ્ટી બાંધીને મેદાનમાં ઉતરી ટીમ ઈન્ડિયા



આવું કરીને ટીમ ઇન્ડિયા અને ઇંગ્લેન્ડના ખેલાડી ભૂતપૂર્વ ઇંગ્લિશ ક્રિકેટર વેન લાર્કિન્સને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૨ :** ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે બીજી ટેસ્ટ મેચમાં ઇંગ્લેન્ડની ટીમે ટોસ જીતીને પહેલા બોલિંગનો નિર્ણય કર્યો છે. એટલે કે શુભમન ગિલની કેપ્ટનશિપમાં ટીમ ઇન્ડિયા પહેલા બેટિંગ કરવા ઉતરી છે. આ મેચમાં ટીમ ઇન્ડિયા અને ઇંગ્લેન્ડ કાળી પટ્ટી બાંધીને મેદાને ઉતરી છે. આવું કરીને ટીમ ઇન્ડિયા અને ઇંગ્લેન્ડના ખેલાડી ભૂતપૂર્વ ઇંગ્લિશ ક્રિકેટર વેન લાર્કિન્સને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. જેનું નિધન ૨૮ જૂને થઈ ગયું હતું.

ઇંગ્લેન્ડ અને નોર્થમ્પ્ટનશાયરના ભૂતપૂર્વ બેટ્સમેન વેન લાર્કિન્સનું ૭૧ વર્ષની વયે બીમારીના કારણે નિધન થયું હતું. ૧૯૭૯ અને ૧૯૯૧ વચ્ચે, નેડ નામથી જાણીતા લાર્કિન્સે ૧૩ ટેસ્ટ અને ૨૫ વનડે ઇન્ટરનેશનલ મેચમાં ભાગ લીધો હતો. ઇંગ્લેન્ડ માટે તેનું બીજું પ્રદર્શન ૧૯૭૯ના વર્લ્ડ કપ ફાઈનલમાં હતું, જેમાં તેણે નંબર ૭ પર બેટિંગ કરી અને બે ઓવર બોલિંગ પણ કરી હતી.

ટીમ ઇન્ડિયા આ સિરીઝમાં ચોથી વાર કાળી પટ્ટી બાંધીને ઉતરી છે. આ પહેલા હેડિંગ્લીમાં પણ બંને ટીમ કાળી પટ્ટી બાંધીને ઉતરી હતી. પહેલી ટેસ્ટના પહેલા દિવસે ટીમ ઇન્ડિયાએ અમદાવાદમાં થયેલા વિમાન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યાર બાદ ત્રીજા દિવસે ભૂતપૂર્વ ક્રિકેટર ડેવિડ લોરેન્સને શ્રદ્ધાંજલિ અને પાંચમા દિવસે ભારતીય ટીમે ભૂતપૂર્વ ક્રિકેટર દિલીપ જોશીના નિધન પર શ્રદ્ધાંજલિ આપી હતી.

**બંને ટીમોની પ્લેઈંગ XI:**

ભારતીય ટીમ : યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, કરુણ નાયર, શુભમન ગિલ (કેપ્ટન), રિષભ પંત (વિકેટકીપર), નીતિશ કુમાર રેડ્ડી, રવીન્દ્ર જાડેજા, વોશિંગ્ટન સુંદર, આકાશ દીપ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણ.

ઇંગ્લેન્ડની ટીમ : જેક ક્રાઉલી, બેન ડકેટ, ઓલી પોપ, જો રૂટ, હેરી બ્રૂક, બેન સ્ટોક્સ (કેપ્ટન), જેમી સ્મિથ (વિકેટકીપર), ક્રિસ વોક્સ, બ્રાયડન કાર્સ, જોશ ટંગ, શોએબ બશીર.

કારપેન્ટરની દીકરીનો ઈંગ્લેન્ડમાં દબદબો

## અમનજોત કૌરે T20 મેચમાં ૬૩ રન ફટકારી રચ્યો ઈતિહાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લંડન, તા.૦૨ :** ઈંગ્લેન્ડમાં પાંચ T20 અને ત્રણ વનડે મેચ રમવા પહોંચેલી ભારતીય મહિલા ક્રિકેટ ટીમનો જલવો યથાવત છે. જણાવી દઈએ કે મહિલા ટીમે T20 સીરિઝની સતત બીજી મેચ પણ જીતી લીધી છે. આ જીત ૨૪ વર્ષીય ખેલાડી અમનજોત કૌરના શાનદાર પ્રદર્શનને કારણે સંભવ બની, જેને સ્મૃતિ મંધાનાએ ડેબ્યુ કેપ આપી હતી.



ભારતીય મહિલાઓએ બીજી T20માં ઈંગ્લેન્ડને ૨૪ રનથી હરાવી હતી. પહેલી બેટિંગ કરતાં ભારતે ૨૦ ઓવરમાં ૪ વિકેટના નુકસાને ૧૮૧ રન બનાવ્યા, જ્યારે ઈંગ્લેન્ડે ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૫૭ રન પર અટકી રહી. પહેલી T20માં ભારતની જીત સ્મૃતિ મંધાનાની ૧૧૨ રનની શાનદાર ઈનિંગને કારણે શક્ય બની હતી. પહેલી T20ની પ્લેયર ઓફ ધ મેચ સ્મૃતિ મંધાના રહી, જ્યારે બીજી T20માં અમનજોત કૌરે ઈતિહાસ રચીને ભારતને જીત અપાવી હતી.તેણે ૪૦ બોલમાં ૧૫૭.૫૦ની સ્ટ્રાઈક રેટથી ૬૩ રન ફટકાર્યા, જેમાં ૯ ચોગ્ગા સામેલ હતા.

બેટિંગ સિવાય તેણે બોલિંગમાં ૩ ઓવરમાં ૨૮ રન આપીને ૧ વિકેટ પણ લીધી હતી. T20 ઈન્ટરનેશનલમાં ૬૦ રન બનાવીને ઓછામાં ઓછી ૧ વિકેટ લેનારી તે પહેલી ભારતીય મહિલા ક્રિકેટર બની. જણાવી દઈએકે ૧૯ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ સ્મૃતિ મંધાનાએ અમનજોત કૌરને આંતરરાષ્ટ્રીય T20 માટે ડેબ્યૂ કેપ પહેરાવી હતી.

ઈંગ્લેન્ડ સામેની બીજી T20માં ભારતની જીતમાં અમનજોત કૌર પ્લેયર ઓફ ધ મેચ તો બની, પરંતુ તેની આ સફળતાનો રસ્તો સરળ ન હતો. અમનજોતની ક્રિકેટની શરૂઆત ગલી ક્રિકેટ રમતા થઈ હતી, શાળામાં પણ તે છોકરાઓ સાથે ક્રિકેટ રમતી હતી. તેના પિતા ભૂપિંદર સિંહ એક સામાન્ય કાર્પેન્ટર હતા, દીકરીના ક્રિકેટ પ્રત્યેનો લગાવ જોઈ પિતા ભૂપિંદરએ ૧૫ વર્ષની ઉંમરે અમનજોતને ક્રિકેટ એકેડમીમાં દાખલ કરાવી, શહેર પણ બદલ્યુ અને અંતે ચંદીગઢમાં અમનજોતને ક્રિકેટની સારી તાલીમ મળી. દીકરી સફળતા માટે પિતા ભૂપિંદરએ પોતાના કામમાં કપાત કરી. આજે ભૂપિંદરના ત્યાગનું પરિણામ છે કે અમનજોતે ઈંગ્લેન્ડમાં ભારતને જીત અપાવી અને ઈતિહાસ રચ્યો.

બર્મિંગહામમાં શંકાસ્પદ પેકેટ મળતાં

## ટીમ ઈન્ડિયા એક કલાક હોટલમાં જ ‘કેદ’ રહી

પહેલી મેચમાં ભારતનો પાંચ વિકેટથી પરાજય થયો હતો, શુભમન ગિલની કેપ્ટન્સીમાં આ મેચ ટીમે જીતવી પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૨ :** બીજી જુલાઈ, ૨૦૨૫થી બર્મિંગહામમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે સીરિઝની બીજી ટેસ્ટ મેચની શરૂઆત થવાની છે. જોકે આ મેચ પહેલા એવી ઘટના થઈ જેના કારણે ફેન્સની ચિંતા વધી ગઈ હતી. શહેરના સેન્ટેનરી સ્ક્વેરમાં એક શંકાસ્પદ પેકેટ મળ્યા બાદ બર્મિંગહામ સિટી સેન્ટર પોલીસ તાત્કાલિક એક્શનમાં આવી અને હોટલમાં રોકાયેલા ખેલાડીઓને બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવી. મંગળવારે બપોરે ૩ વાગ્યે પોલીસને એક શંકાસ્પદ પેકેટ મળ્યાની સૂચના પ્રાપ્ત થઈ હતી. જે બાદ આસપાસના સમગ્ર વિસ્તારનસ સીલ કરી દેવામાં આવ્યો. પોલીસે અગમચેતી દાખવી અને આસપાસની ઈમારતો પણ ખાલી કરાવી દીધી. તથા લોકોને પણ તે વિસ્તારમાંથી પસાર ન થવાની સૂચના આપવામાં આવી.

ન્યૂઝ એજન્સી PTIના અહેવાલ અનુસાર પોલીસે ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડી તથા અન્ય સદસ્યોને પણ હોટલમાં જ રહેવા સૂચના આપી હતી. જોકે આ પ્રતિબંધ એક કલાક માટે જ હતો. એક કલાકની તપાસ બાદ પોલીસે ફરીથી ખેલાડીઓને હોટલ બહાર જવાની છૂટ આપી દીધી હતી. નોંધનીય છે કે, ઘણીવાર એક દેશથી બીજા દેશમાં ક્રિકેટ મેચ રમવા ગયેલા ખેલાડીઓ ફરવા માટે પણ નીકળતા હોય છે. એવામાં ભારતીય ખેલાડીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને પોલીસે આ અપીલ કરી હતી. પાંચ મેચોની ટેસ્ટ સીરિઝમાં બીજી મેચ ટીમ ઈન્ડિયા માટે મહત્ત્વપૂર્ણ રહેશે. પહેલી મેચમાં ભારતનો પાંચ વિકેટથી પરાજય થયો હતો. શુભમન ગિલની કેપ્ટન્સીમાં આ મેચ ટીમે જીતવી પડશે, તો જ સીરિઝમાં ૧-૧ની બરાબરી શક્ય થશે.

# આંતકવાદ વિરૂદ્ધ QUADની ‘એકતા’ : ક્વાડના વિદેશ મંત્રીઓએ પહલગામ હુમલાની કરી નિંદા

અમે પીડિતોના પરિવારો પ્રત્યે અમારી સંવેદના વ્યક્ત કરીએ છીએ અને તમામ ઘાયલોને ઝડપથી અને સંપૂર્ણ સ્વસ્થ થવાની આશા રાખીએ છીએ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૨**

QUAD દેશો એટલે કે અમેરિકા, ભારત, જાપાન અને ઓસ્ટ્રેલિયાએ બુધવારે એક સંયુક્ત નિવેદનમાં 22 એપ્રિલના રોજ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી હતી. આ આતંકવાદી હુમલામાં આતંકવાદીઓએ 26 નિર્દોષ લોકોની નિર્દયતાથી હત્યા કરી હતી. ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓએ આ ઘટનાને નિંદનીય ગણાવી હતી.

ક્વાડના વિદેશ મંત્રીઓના સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ‘ક્વાડ સરહદ પારના આતંકવાદ સહિત તમામ પ્રકારના આતંકવાદ અને હિંસાની નિંદા કરે છે. અમે તેના તમામ સ્વરૂપોમાં નિંદા કરીએ છીએ અને આતંકવાદ સામે લડવામાં સહયોગ કરવાની અમારી પ્રતિબદ્ધતા વ્યક્ત કરીએ છીએ. અમે 22 એપ્રિલ, 2025 ના રોજ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની સખત નિંદા કરીએ છીએ, જેમાં 25 ભારતીય નાગરિકો અને એક નેપાળી નાગરિક માર્યા ગયા હતા જ્યારે ઘણા ઘાયલ થયા હતા.’

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ‘અમે પીડિતોના પરિવારો પ્રત્યે અમારી સંવેદના વ્યક્ત કરીએ છીએ અને તમામ ઘાયલોને ઝડપથી અને સંપૂર્ણ સ્વસ્થ થવાની આશા રાખીએ છીએ. અમે માંગ કરીએ છીએ કે આ નિંદનીય કૃત્યના ગુનેગારો, આયોજકો અને નાણાકીય સહાયકોને કોઈપણ વિલંબ વિના ન્યાયના કઠેડામાં લાવવામાં આવે અને સંયુક્ત રાષ્ટ્રના તમામ સભ્ય દેશોને આંતરરાષ્ટ્રીય કાયદા અને સંબંધિત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ઠરાવો હેઠળ તેમની જવાબદારીઓ અનુસાર આ સંદર્ભમાં તમામ સંબંધિત અધિકારીઓ સાથે સક્રિયપણે સહયોગ કરવા હાકલ કરીએ છીએ.’ વોશિંગ્ટનમાં ક્વાડ સભ્ય દેશોના વિદેશ મંત્રીઓની બેઠક પહેલા વિદેશ મંત્રી એસ. જયશંકરે મંગળવારે કહ્યું હતું કે, ‘આપણે બધા ખુલ્લા અને સ્વતંત્ર ઈન્ડો-પેસિફિક ક્ષેત્રને સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ. ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના દેશોને પસંદગીની સ્વતંત્રતા હોવી જોઈએ જેથી તેઓ વિકાસ અને સુરક્ષા અંગે યોગ્ય નિર્ણયો લઈ શકે. છેલ્લા કેટલાક મહિનામાં આપણે ક્વાડ પહેલમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.’

વિદેશ મંત્રી જયશંકરે કહ્યું હતું કે, ‘દુનિયાએ આતંકવાદ પ્રત્યે ઝીરો ટોલરન્સ દાખવવું જોઈએ. આતંકવાદનો ભોગ બનેલા લોકોની સરખામણી ક્યારેય આતંક ફેલાવનારાઓ સાથે ન કરવી જોઈએ. ભારતને તેના લોકોનું રક્ષણ કરવાનો સંપૂર્ણ અધિકાર છે અને અમે આ અધિકારનો ઉપયોગ કરીશું.’



અમેરિકા અને ચીનને રાજનાથ સિંહનો રોકડો જવાબ

## ભારતને પોતાના બચાવ માટે પહેલા હુમલો કરવાનો અધિકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૨**

ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ આતંકવાદને લઈને દુનિયાને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, જો ભારત પર હુમલો થશો તો તેનો જવાબ મોટા હુમલા દ્વારા આપશે.

રક્ષા મંત્રી રાજનાથ સિંહે આ અઠવાડિયે તેમના અમેરિકી સમકક્ષ પીટ હેગસેથ સાથે લગભગ ૨૦ મિનિટ સુધી વાતચીત કરી હતી. આ દરમિયાન રક્ષા મંત્રીએ હેગસેથને કહ્યું હતું કે, ભારત પાકિસ્તાન દ્વારા શરૂ કરાયેલા સરહદ પારના આતંકવાદી હુમલાઓ સામે પોતાનો બચાવ કરવા માટે પહેલા હુમલો કરવાનો અધિકાર છે. આ સાથે તેમણે પાકિસ્તાનના રેકોર્ડને લઈને કહ્યું કે, ભારતનો પાડોશી દેશ આતંકવાદીઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન બની ગયો છે. તાજેતરમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાની સેનાના પ્રમુખ આસિમ મુનીરને લન્ચ માટે વ્હાઈટ હાઉસ આમંત્રિત કર્યા હતા. તેવામાં રાજનાથ સિંહની આ પ્રકારની ટિપ્પણીને ભારત તરફથી એક મજબૂત સંદેશના રૂપમાં જોવામાં આવી રહ્યો છે. જમ્મુ કાશ્મીરના પહલગામ આતંકી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર લોન્ચ કર્યું હતુ અને જવાબી કાર્યવાહીમાં પાક.ના આતંકી ઠેકાણાઓને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. જેને લઈને રાજનાથ સિંહે કહ્યું કે, મે મહિનામાં પાકિસ્તાન સાથે ૧૦૦ કલાક ચાલેલા સંઘર્ષ દરમિયાન ભારતની કાર્યવાહી માપદંડ મુજબની, બિન-ઉશ્કેરણીજનક, પ્રમાણસર અને કેન્દ્રિત હતી. જ્યારે પાકિસ્તાને નાગરિકોને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

## બાંગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીનાને ઝટકો લાગ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઢાકા, તા.૦૨**

જીવ બચાવવા માટે દેશ છોડીને ભાગનારા બાંગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીનાને એક કેસમાં છ મહિનાની કેદની સજા સંભળાવવામાં આવી છે. હસીના પર બાંગ્લાદેશમાં હાલમાં ૧૦૦થી વધારે કેસ ચાલી રહ્યા છે. આ અત્યાર સુધીનો પહેલો એવો કેસ છે, જેમાં તેમને સજા સંભળાવવામાં આવી છે. હસીના પર કોર્ટની અવમાનનાના કેસમાં આ સજા સંભળાવવામાં આવી છે.

ઢાકા ટ્રિબ્યૂન અખબારે કહ્યું કે, ન્યાયાધીશ મોહમ્મદ ગુલામ મુર્તજા મજૂમદારની અધ્યક્ષતામાં આંતરરાષ્ટ્રીય અપરાધ ન્યાયાધિકરણની ત્રણ સભ્યોની પીઠે આ નિર્ણય લીધો છે. આ નિર્ણયમાં ન્યાયાધિકરણે ગૈબાંધામાં ગોબિંદગંજના શકીલ અકંદ બુલબુલને બે મહિનાની જેલની સજા સંભળાવી છે. પ્રધાનમંત્રી પદેથી હટવા અને ૧૧ મહિના પહેલા દેશ છોડ્યા બાદ પહેલી વાર અવામી લીગના નેતાને કોઈ કેસમાં સજા થઈ છે.

આ દરમ્યાન એ પણ જણાવી દઈએ કે, બાંગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીનાની પાર્ટી વિરુદ્ધ વચગાળાની સરકારના પ્રમુખ મોહમ્મદ યૂનુસ પહેલા જ મોટી કાર્યવાહી કરી ચુક્યા છે. શેખ હસીનાની પાર્ટી આવામી લીગને બાંગ્લાદેશમાં પ્રતિબંધ કરી દીધો છે. યૂનુસે આ કાર્યવાહી આતંકવાદ વિરોધી કાયદા અંતર્ગત કરી હતી.

બાંગ્લાદેશમાં શેખ હસીના પર કેટલાય કેસ ચાલી રહ્યા છે. હસીના પર ભ્રષ્ટાચારથી લઈને હત્યાઓના ગંભીર આરોપ છે. બાંગ્લાદેશની યૂનુસ સરકાર ઘણી વાર ભારતને શેખ હસીનાને પાછા મોકલવાનો અનુરોધ કરી ચુકી છે. ભારત સરકારે અનુરોધનો કોઈ જવાબ આપ્યો નથી.

## ઓલિમ્પિક ૨૦૩૬: પહેલીવાર સત્તાવાર રીતે મેજબાનીની રેસમાં સામેલ થયું ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૨**

ભારત પહેલી વાર ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવા પહેલ કરી રહ્યું છે. આ મુદ્દે સમયાંતરે ચર્ચાઓ થઈ રહી છે. અમદાવાદમાં ઓલિમ્પિક માટે તૈયાર થઈ રહેલા સ્ટેડિયમની કામગીરી પણ લગભગ પૂર્ણ થવાના આરે છે. ભારતે સત્તાવાર રીતે ૨૦૩૬ ઓલિમ્પિકની યજમાની કરવા નિર્ણય લીધો હોવાનું જણાવ્યું છે.

સ્વિટ્ઝર્લૅન્ડના લુઝાનમાં મંગળવારે ભારતીય પ્રતિનિધિમંડળે ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC)ના અધિકારીઓની મુલાકાત કરી ભવિષ્યમાં ઓલિમ્પિક રમતોનું આયોજન કરવાનો પ્રસ્તાવ સત્તાવાર રીતે રજૂ કર્યો હતો.

આ દાવો રજૂ કરવાનો સમય ખૂબ જ મહત્વપૂર્ણ છે. IOC એ તાજેતરમાં જાહેરાત કરી હતી કે હાલમાં તે ભવિષ્યની ઓલિમ્પિક રમતો માટે યજમાન દેશની પસંદગી પ્રક્રિયા અટકાવી રહ્યું છે. તેના આ નિવેદન બાદ ભારતીય પ્રતિનિધિમંડળની IOC સાથે બેઠક થઈ હતી.

ભારતીય પ્રતિનિધિમંડળમાં ભારતીય ઓલિમ્પિક સંઘની અધ્યક્ષ પીટી ઉષા ઉપરાંત કેન્દ્રીય રમત મંત્રાલય અને ગુજરાત સરકારના પ્રતિનિધિ સામેલ હતાં. પ્રતિનિધિમંડળે ઔપચારિક રીતે અમદાવાદને યજમાન શહેર તરીકે રજૂ કર્યું હતું. ઈતિહાસમાં પ્રથમ વખત ભારતે ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી સમક્ષ સત્તાવાર રીતે તેના એક શહેરનું નામ યજમાન શહેર તરીકે રજૂ કર્યું છે. ૨૦૩૨ ઓલિમ્પિક રમતો બ્રિસ્બનમાં યોજાવાની છે, ભારતની નજર ૨૦૩૬ની ઓલિમ્પિકના આયોજન પર છે.

ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના પ્રમુખ પીટી ઉષાએ આ અંગે જણાવ્યું હતું કે, ભારતમાં ઓલિમ્પિક રમતોનું આયોજન માત્ર એક ભવ્ય કાર્યક્રમ જ નહીં પરંતુ ઈતિહાસમાં પ્રથમ વખત યોજાનારી ઈવેન્ટ છે. જેની અસર તમામ ભારતીયો પર પડશે. પીટી ઉષાએ લુઝાનમાં ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીના અધિકારીઓ સાથે ભારતીય પ્રતિનિધિમંડળની મુલાકાતનો ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. તેમણે આ વાતચીતને અર્થપૂર્ણ ગણાવી છે.

# બાંગ્લાદેશ દ્વારા અદાણીના વીજ ખરીદી કરાર અને ચકવણીની ચિંતાનો ઉકેલ

ધિરાણકર્તાઓને APLનું ક્રેડિટ રેટિંગ AA+ સુધી સુધરવાનો વિશ્વાસ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**અમદાવાદ, તા.૦૨**

બાંગ્લાદેશ દ્વારા અદાણીના વીજ ખરીદી કરાર અને ચુકવણીની ચિંતાનો સકારાત્મક ઉકેલ આવ્યો છે. બાંગ્લાદેશે જૂન મહિનામાં USD 437 મિલિયનની તેની સૌથી મોટી ચુકવણી કરી વીજ ખરીદી કરારની બાકી રકમ ચૂકવવામાં આવી છે. સૂત્રો પ્રમાણે બાંગ્લાદેશે અદાણી પાવરને વહન ખર્ચ સહિતની બાકી રકમ ચૂકવી દીધી છે. ચુકવણી સંબંધિત બાબતોને ઉકેલાઈ ગઈ હોવાથી બાંગ્લાદેશે અદાણી પાવરને BPDB (બાંગ્લાદેશ પાવર ડેવલપમેન્ટ બોર્ડ) શેડ્યૂલ મુજબ વીજળી સપ્લાય કરવા કહ્યું છે.

બાંગ્લાદેશના અધિકારીઓ દ્વારા પીપીએમાં તપાસ સંબંધિત ઉઠાવવામાં આવેલી ચિંતાઓનું નિરાકરણ કરવામાં આવ્યું છે, જેમાં કોઈ પ્રતિકૂળ પાસાં મળ્યા નથી. ભારતીય સમૂહની સંપત્તિને દેશની વધતી ઉર્જા જરૂરિયાતોને પહોંચીવળવા તે વિશ્વસનીય અને સ્પર્ધાત્મક વીજ સ્રોત તરીકે પુષ્ટિ આપે છે. ધિરાણકર્તાઓને APLનું ક્રેડિટરેટિંગ વર્તમાન AA થી AA+ સુધી સુધરવાનો વિશ્વાસ છે.

જાણકારોના મતે બાંગ્લાદેશ હવે ચુકવણીમાં નિયમિત થઈ રહ્યું છે. છેલ્લા ૩-૪ મહિનામાં બાંગ્લાદેશે દર મહિને ૯૦-૧૦ કરોડ ડોલર ચૂકવ્યા છે. જૂનમાં તેણે ૪૩૭ મિલિયન ડોલર ચૂકવ્યા હતા. વધારાની સુરક્ષા સ્થાપિત થતાં તમામ બાકી રકમ માટે લગભગ બે મહિનાના બિલિંગ અને સોવરિન ગેરંટીનું



એલસી (લેટર ઓફ ક્રેડિટ) સ્થાપિત કરવામાં આવ્યું છે.

અદાણી પાવર ઝારખંડના ગોડ્ડા જિલ્લામાં સ્થિત ૧૬૦૦ મેગા વોટના સમર્પિત પ્લાન્ટમાંથી બાંગ્લાદેશને વીજળી પૂરી પાડે છે. અગાઉ ૨૦૧૭ના કરાર હેઠળ તેની ચુકવણી જવાબદારીઓ પૂર્ણ કરવામાં બાંગ્લાદેશ સંઘર્ષ કરી રહ્યું હતું. ચૂકવણી સમયસર ન થતા અદાણીએ ગત વર્ષે તેનો વીજ પુરવઠો અડધો કરી દીધો હતો, અને માર્ચ ૨૦૨૫માં દેશની માસિક ચૂકવણીઓ દ્વારા કેટલાક લેણાં આવરી લેવાનું શરૂ થતા વીજ પુરવઠો પુનઃ શરૂ કરવામાં આવ્યો હતો.

ગોડ્ડા એસેટ હવે બાંગ્લાદેશ પાવર સિસ્ટમમાં સફળતાપૂર્વક સંકલિત થઈ ગઈ છે. કરાર મુજબ અદાણી પાવરના ગોડ્ડા પાવર પ્લાન્ટે ૨૫ વર્ષ માટે ૧૦૦ ટકા વીજળી બાંગ્લાદેશને પૂરી પાડવાની હતી. જો કે ચુકવણીમાં ડિફોલ્ટ થયા બાદ નવેમ્બર ૨૦૨૪માં તે પુરવઠો અડધો કરી દીધો હતો.

અદાણી પાવર ઉપરાંત NTPC લિમિટેડ અને PTC ઈન્ડિયા લિમિટેડ જેવી ભારતીય સરકારી કંપનીઓ પણ બાંગ્લાદેશને વીજળી વેચાણ કરે છે.

# અમેરિકામાં ઈસ્કોન મંદિર પર હુમલો, ૨૦થી ૩૦ રાઉન્ડ ફાયરિંગ કરાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સ્પેનિશ ફોર્ડ, તા.૦૨**
અમેરિકાના ઉટાહ રાજ્યના સ્પેનિશ ફોર્ડમાં ઈસ્કોન શ્રી શ્રી રાધા કૃષ્ણ મંદિર પર હુમલો કરાયો હતો. હુમલાખોરોએ મંદિરને ટાર્ગેટ કરીને ૨૦થી ૩૦ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. તેનાથી મંદિરને નુકસાન થયું છે. જોકે કોઈ જાનહાનિનના અહેવાલ મળ્યાં ન હતાં.

સાન ફ્રાન્સિસ્કો સ્થિત ભારતના કોન્સ્યુલેટ જનરલે આ હુમલાની આકરી નિંદા કરીને ઝડપથી કાર્યવાહી કરવા અમેરિકાના સત્તાવાળાને અનુરોધ કર્યો હતો. કોન્સ્યુલેટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમે ઈસ્કોન શ્રી શ્રી રાધા કૃષ્ણ મંદિરમાં થયેલી ગોળીબારની ઘટનાની સખત નિંદા કરીએ છીએ. કોન્સ્યુલેટ તમામ ભક્તો અને સમુદાયને સંપૂર્ણ સમર્થન આપે છે અને સ્થાનિક અધિકારીઓને ગુનેગારો સામે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરે છે. આ મંદિર પર છેલ્લા ઘણા દિવસોમાં વારંવાર હુમલાં થયા છે. મંદિરની ઈમારત અને આસપાસના મેદાનો પર ૨૦થી ૩૦ રાઉન્ડ ગોળીઓ ચલાવાઈ છે. ઈસ્કોને સોશિયલ મીડિયા પર ફાયરિંગની ઘટનાઓને પુષ્ટિ આપી હતી અને આ ઘટનાઓને નફરતના ગુનાઓ તરીકે વર્ણવી હતી. ભક્તો અને મહેમાનો





મંદિર પરિસરમાં હતાં ત્યારે રાત્રિના સમયે ફાયરિંગની ઘટના બની હતી. આ ઘટનાઓને કારણે મંદિરના હાથથી કોતરેલા કમાનો સહિત હજારો ડોલરનું માળખાકીય નુકસાન થયું છે.

## ૧૯૧ લોકોના જીવ તાળવે ચોંટી ગયા

# ૧૦ મિનિટમાં ૨૬૦૦૦ ફૂટ નીચે આવી ગયું વિમાન

**જાપાનના ટોક્યો જઈ રહેલા બોઈંગ ૭૩૭ વિમાનમાં ચીનથી ઉડાન ભર્યા પછી તરત જ ટેકનિકલ ખામી સર્જાઈ**




(સંપૂર્ણ સમાચાર સેવા)
**ટોક્યો, તા.૦૨**
જાપાનમાં એક બોઈંગ ૭૩૭ વિમાન અકસ્માતમાંથી માંડ બચી ગયું. આ બોઈંગ વિમાન ચીનથી જાપાનની રાજધાની ટોક્યો જઈ રહ્યું હતું. શાંઘાઈમાં ઉડાન ભરતાંની સાથે જ વિમાનમાં ખામી સર્જાઈ અને અચાનક નીચે આવવા લાગ્યું. વિમાનને લગભગ ૨૬ હજાર ફૂટ ઉપરથી નીચે પડતું જોઈને મુસાફરોએ સોશિયલ મીડિયામાં મેસેજો લખવાના શરૂ કરી દીધા હતા. આખરે એ વિમાનને સફળતાપૂર્વક લેન્ડ કરાયું હતું.

સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ અનુસાર, આ બોઈંગ વિમાનમાં ૧૯૧ મુસાફરો હતા. ક્રૂ મેમ્બર સહિત લગભગ ૨૦૦ લોકો પ્લેનમાં હતા. મોટાભાગના મુસાફરો ચીનના હતા, જેઓ જાપાનના ટોક્યો જઈ રહ્યા હતા.

જાપાન સરકારના જણાવ્યા મુજબ, કેબિનમાં કોઈ ટેકનિકલ ખામી સર્જાઈ હતી. આ સમય દરમિયાન વિમાન ૧૦ મિનિટમાં ૨૬૦૦૦ ફૂટની ઊંચાઈથી નીચે આવી ગયું હતું. પ્રારંભિક અહેવાલોમાં કહેવામાં આવ્યું હતું કે, વિમાન કેબિનમાં હવાનું દબાણ જાળવી રાખતી પ્રેશરાઈઝેશન સિસ્ટમમાં ખામી અંગે ચેતવણી જારી કરી હતી. આ બાદ પાઈલોટ્સે એર ટ્રાફિક કંટ્રોલરનો સંપર્ક કર્યો હતો. ફ્લાઈટ નીચે ઉતરતાંની સાથે જ એર હોસ્ટેસે ચેતવણી જારી કરી હતી. ચેતવણી સાંભળતાની સાથે જ ફ્લાઈટમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. લોકો બૂમો પાડવા લાગ્યા હતા. કેટલાક લોકોએ તરત જ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવાનું શરૂ કર્યું. તે જ સમયે, કેટલાક લોકોએ વસિયત લખવાનું પણ શરૂ કરી દીધું હતું. એક મુસાફરે વિમાનને નીચે પડતું જોઈને લખ્યું - મારું શરીર હજી પણ અહીં છે. મારા પગ ધ્રૂજી રહ્યા છે. જ્યારે તમે જીવન કે મૃત્યુનો સામનો કરો છો, ત્યારે બાકીનું બધું તુચ્છ લાગે છે. લેન્ડિંગ પછી વિમાનને લગભગ ૧ કલાક સુધી જેમનું તેમ રાખવામાં આવ્યું હતું. આ પછી જ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. જાપાન એરલાઈન્સનું કહેવું છે કે તેણે તમામ મુસાફરોને વળતર તરીકે લગભગ ૧૦ હજાર રૂપિયાની ઓફર કરી હતી.

# ૭૦% મુસ્લિમ વસ્તી ધરાવતા કઝાકિસ્તાનમાં બુરખા પર પ્રતિબંધ

**કઝાકિસ્તાનમાં જાહેર સ્થળોએ ચહેરો ઢાંકવા પર પ્રતિબંધ મૂક્યો છે, જેને રાષ્ટ્રપતિ ટોકાયેવે મંજૂરી આપી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કઝાકિસ્તાન, તા.૦૨**
મહિલાઓ હવે જાહેર સ્થળોએ નકાબ કે ચહેરો સંપૂર્ણપણે ઢાંકતા કપડાં પહેરી શકશે નહીં. રાષ્ટ્રપતિ કાસિમ-જોમાર્ટ ટોકાયેવે સોમવારે આ નવા કાયદા પર હસ્તાક્ષર કર્યા.

આ કાયદો તમામ નાગરિકોને જાહેર સ્થળોએ ચહેરો ઢાંકવા પર પ્રતિબંધ મૂકે છે. આ નિર્ણયની ખાસ વાત એ છે કે કઝાકિસ્તાનની ૭૦ ટકા વસ્તી મુસ્લિમ છે અને ઈસ્લામમાં મહિલાઓ માટે હિજાબ કે નકાબ પહેરવાની પરંપરા છે. જોકે, સરકારે તેના કાયદામાં કોઈ ધર્મ કે ધાર્મિક પોશાકનો સીધો ઉલ્લેખ કર્યો નથી. પરંતુ તેમ છતાં, એવું માનવામાં આવે છે કે આ નિયમ ખાસ કરીને ધાર્મિક પોશાકને અસર કરી શકે છે. આ કાયદામાં કેટલીક છૂટ પણ આપવામાં આવી છે. ઉદાહરણ તરીકે, જો કોઈ બીમાર હોય, હવામાન ખૂબ ખરાબ હોય, રમતગમત કે સાંસ્કૃતિક કાર્યક્રમ હોય, તો આવા કિસ્સાઓમાં ચહેરો ઢાંકવાની મંજૂરી આપવામાં આવશે.

કઝાકિસ્તાન પહેલા, તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન અને તુર્કમેનિસ્તાન જેવા કેટલાક અન્ય દેશોએ પણ નકાબ અથવા બુરખા પહેરવા પર પ્રતિબંધ મૂક્યો છે. હવે કઝાકિસ્તાને પણ તે દેશોના રસ્તે ચાલ્યું છે. સરકારના આ નિર્ણય પર ત્યાંના ધાર્મિક સંગઠનો તરફથી પ્રતિક્રિયા આવવાની શક્યતા છે.

કઝાકિસ્તાનના રાષ્ટ્રપતિ ટોકાયેવે ચહેરો ઢાંકવા અંગેના નવા કાયદાને દેશની પરંપરાગત ઓળખને પ્રોત્સાહન આપતો ગણાવ્યો છે. તેમનું કહેવું છે કે, ચહેરો ઢાંકતા કપડાંને બદલે, લોકોએ દેશના પરંપરાગત કપડાં પહેરવા જોઈએ, જે આપણી સંસ્કૃતિને સારી રીતે દર્શાવે છે. તેમણે એમ પણ કહ્યું કે, દેશની બિનસાંપ્રદાયિકતા જાળવી રાખવી મહત્વપૂર્ણ છે. અગાઉ, ૨૦૨૩માં, સરકારે શાળાઓમાં હિજાબ અને નકાબ પહેરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. ઘણી છોકરીઓએ પણ આ નિર્ણયનો વિરોધ કર્યો હતો.

## ટ્રમ્પ બન્યા જાની દુશ્મન

# મસ્કની દુકાન બંધ કરાવી આફ્રિકા તગેડી મૂકવા ધમકી

**મસ્કે DOGEમાંથી રાજીનામું આપ્યા પછી બંને વચ્ચેના સંબંધોમાં આવેલી તિરાડ દેખાઈ હતી**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૦૨**
અમેરિકામાં પ્રમુખ પદની ચૂંટણી સમયે વિશ્વના ટોચના ધનિક એલન મસ્ક અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની જોડી જય-વીરુ જેવી લાગતી હતી. ટ્રમ્પે સત્તા સંભાળ્યા પછી તો બંને જીગરજાન મિત્રોએ અમેરિકા સહિત વિશ્વભરમાં રીતસરની સટાસટી બોલાવી દીધી હતી. જો કે આ જોડી લાંબુ ચાલી નહીં અને તેમાં ટ્રમ્પનું મહત્ત્વાકાંક્ષી 'બિગ બ્યુટીફુલ બિલ' કારણભૂત બન્યું. યુએસ સરકારની કાર્યદક્ષતા વધારવા અને ખર્ચ કાપ માટે નવા બનેલા DOGEના વડા પદેથી એલન મસ્કે રાજીનામું ધરી દીધું અને ટ્રમ્પના પ્રસ્તાવિત બિલનો જાહેરમાં વિરોધ શરૂ કર્યો. જિગરી દોસ્તમાંથી જાની દુશ્મન બનેલા મસ્કે ટ્રમ્પને પડકારવા નવો રાજકીય પક્ષ બનાવવાની ધમકી આપ્યા પછી વળતા જવાબમાં ટ્રમ્પે મસ્કની દુકાન બંધ કરાવી આફ્રિકા તગેડી મૂકવાની ચીમકી આપી દીધી.

મસ્કે DOGEમાંથી રાજીનામું આપ્યા પછી બંને વચ્ચેના સંબંધોમાં આવેલી તિરાડ દેખાઈ હતી. ત્રણ દિવસ પહેલા મસ્કે એક્સ પોસ્ટમાં જણાવ્યું હતું કે, ટ્રમ્પનું બિગ બિલ રિપબ્લિકન પાર્ટી માટે રાજકીય આત્મહત્યા સાબિત થશે. ખર્ચ કાપ અને કર રાહતોની મોટી જોગવાઈઓ ધરાવતી દરખાસ્ત સંદર્ભે અમેરિકી સેનેટમાં મંગળવારે પણ ચર્ચા ચાલી હતી. આ બિલનું સમર્થન કરી રહેલા સેનેટર્સની ટીકા કરતા મસ્કે જણાવ્યું હતું કે, સરકારી ખર્ચમાં કાપ મૂકવાનું કેમ્પેઈન ચલાવનારા કોંગ્રેસના દરેક સભ્યએ તરત જ ઈતિહાસમાં સૌથી વધુ દેવું વધારવા માટે મત આપ્યો હતો. આ હરકત બદલ તેમનું માથું શરમથી ઝૂકી જવું જોઈએ. આ દુનિયામાં સૌથી છેલ્લું કામ કોઈ કરવાનું હોય તો આ તમામને પ્રાથમિક ચૂંટણીમાં હરાવવાનું પસંદ કરીશ. સ્પેસ એક્સના સીઈઓ મસ્કની આ પોસ્ટને 26 મિલિયન વ્યૂ મળ્યા હતા. કેટલાક કલાકો બાદ મસ્કે નવી પોસ્ટ મૂકી હતી અને બુદ્ધિ વગરનું ખર્ચ બિલ પસાર થાય તો બીજા જ દિવસે રાજકીય પક્ષ અમેરિકા પાર્ટી બનાવવાની ચીમકી તેમણે આપી હતી. લોકોનો અવાજ સંભળાય તે માટે ડેમોક્રેટ-રિપબ્લિકન ઉપરાંત ત્રીજા વિકલ્પની જરૂરિયાત હોવાનું તેમણે જણાવ્યું હતું. અમેરિકન પાર્ટી અંગેની મસ્કની પોસ્ટ 32 મિલિયન વખત જોવાઈ હતી.

મસ્કની આ પોસ્ટનો આક્રમક જવાબ આપતાં ટ્રમ્પે મસ્કના EV (ઈલેક્ટ્રિક વ્હિકલ) અને સબસિડીને ટાર્ગેટ કર્યા હતા. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર મંગળવારે સવારે પોસ્ટ મૂકી હતી કે, માનવ ઈતિહાસમાં કોઈએ મેળવી હોય તેના કરતાં વધારે સબસિડી કદાચ મસ્કને મળી શકે, પરંતુ સબસિડી ન મળે તો ટ્રમ્પે પોતાની દુકાન બંધ કરી પોતાના ઘર દક્ષિણ આફ્રિકા પરત જવાની ફરજ પડશે.

યુએસ સરકારના સેટેલાઈટ-રોકેટ લોન્ચ અને EVથી સૌથી વધારે લાભ મસ્કની કંપનીને થવાનો હતો. મસ્કની આવકના મુખ્ય સ્રોત પર જ તરાપ મારવાનો ઈરાદો વ્યક્ત કરતા ટ્રમ્પે જણાવ્યુ હતું કે, રોકેટ લોન્ચ, નવા સેટેલાઈટ કે ઈલેક્ટ્રિક કાર પ્રોડક્શન હવે નહીં થાય અને તેનાથી દેશની તિજોરી બચી જશે. કદાચ આ મામલે સારા અને નક્કર પગલા લેવા આપણે DOGEની જરૂર પડશે. આપણે બહુ બધા નાણાં બચાવવાના છે. આ પોસ્ટ મૂક્યાના કલાકો પછી ટ્રમ્પ ફ્લોરિડા રવાના થયા હતા. તે પહેલા વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પે અગાઉની પોસ્ટને વધારે આક્રમકતા સાથે આગળ લંબાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, તે (મસ્ક) ખૂબ દુઃખી છે. એલનને તેના કરતા ઘણાં વધારે નાણા ગુમાવવા પડશે.




# રાજકુમાર રાવની ફિલ્મ 'માલિક'નું ધમાકેદાર ટ્રેલર રિલીઝ કરાયું




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૨**
રાજકુમાર રાવની ફિલ્મ 'માલિક'નું ધમાકેદાર ટ્રેલર રિલીઝ થઈ ગયું છે, રાજકુમાર રાવ એક ગેંગસ્ટારનની ભૂમિકામાં ખૂબ જ ખૂંખાર અંદાજમાં જોવા મળી રહ્યો છે. ટ્રેલરમાં એક બાહુબલીનું રાજકારણમાં આવવાથી શહેરમાં ખૂનખરાબી કેવી રીતે વધે છે, તેની ઝલક પણ જોવા મળે છે. ઘણા દિવસો પછી એવું ટ્રેલર આવ્યું છે જેના ડાયલોગ્સથી રૂંવાડાં ઊભા થઈ જશે. જણાવી દઈએ કે રાજકુમારને પહેલા આવા ખૂની અને બેખૌફ અંદાજમાં ક્યારેય નહીં જોયા હોય 'માલિક'માં રાજકુમાર રાવ સાથે ફિમેલ લીડમાં માનુષી છિલ્લર જોવા મળશે. ફિલ્મમાં સૌરભ શુક્લા, પ્રોસેનજીત ચેટર્જી, સ્વાનંદ કિરકિરે અને હુમા કુરૈશી પણ છે, ફિલ્મમાં તેનો એક આઈટમ સોંગ પણ છે. જોકે, ટ્રેલરની શાનદાર વાત તેના દમદાર ડાયલોગ્સ છે, જે બેકગ્રાઉન્ડ મ્યુઝિક સાથે વધુ પ્રભાવશાળી લાગે છે. અહીં કેટલાક શાનદાર ડાયલોગ્સનો ઉલ્લેખ છે.




પહેલો ડાયલોગઃ રાજકુમાર રાવના પિતા કહે છે 'એક મજબૂર બાપ કા બેટા હો તુમ, જો નહીં હો, વો બનને કી કોશિશ મત કરો' તેના જવાબમાં 'મજબૂર બાપ કા બેટા હૈ, કિસ્મત થી હમારી, ઔર આપકો મજબૂત બેટા કા બાપ બનના પડેગા, યે કિસ્મત હૈ આપકી' બીજો ડાયલોગઃ લોહી લુહાણ હાલતમાં રાજકુમાર કહે છે, 'માલિક પૈદા નહીં હુએ તો ક્યા? બન તો સકતે હૈ' ત્રીજો ડાયલોગઃ માનુષી છિલ્લર (રાજકુમારની પત્ની તરીકે) કહે છે, 'હમારા હિસ્સા કી ખુશી ઠીક સે આયા નહીં હમારે પાસ, જો હૈ પતા નહીં કબ તક રહેગા' તેના જવાબમાં રાજકુમાર રાવ કહે છે.

'શાલિન હમે મારને વાલા અભી તક પૈદા નહીં હુઆ' ચોથો ડાયલોગઃ એક દ્રશ્યમાં રાજકુમાર કહે છે 'વિદ્યાયક કા કુર્સી ન, જિંદગીભર ચબૂતરા પર ચિપકા નહીં રહેગા. ઔર રહેગા ભી તો ચબૂતરા કાટ કે નિકાલના આતા હૈ હમકો' પાંચમો ડાયલોગઃ ગેંગના સભ્ય અંશુમાન પુષ્કર રાજકુમારને કહે છે, 'તુમ ચુનાવ મે ખડા હુઆ ન, બહુત ખૂન બહેગા ઈલાહાબાદ મે' છઠ્ઠો ડાયલોગ એક દ્રશ્યમાં રાજકુમાર ગેંગના સભ્યોને કહે છે, 'ઈતના ગોલી મારો, જિતના પ્રદેશ કે ઈતિહાસમે આજ તક ન ચલા હો' 'માલિક' ક્યારે રિલીઝ થશે? ફિલ્મનું દિગ્દર્શન પુલ્કિતે કર્યું છે, આ ફિલ્મ 'ટિપ્સ ફિલ્મ્સ લિમિટેડ અને નોર્ધન લાઈટ્સ ફિલ્મ્સ'ના બેનર હેઠળ બનાવવામાં આવી છે. કુમાર તૌરાણી અને જય શવકર્મણીએ ફિલ્મ પ્રોડ્યૂસ કરી છે. આ ફિલ્મમાં સંગીત સચિન-જિગરે આપ્યુ છે, જે ખૂબ જ શાનદાર છે, ખાસ કરીને ટાઈટલ સોન્ગ. ફિલ્મ ૧૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ મોટા પડદા પર રિલીઝ થશે.

## ફિલ્મનું ૩ મિનિટ લાંબુ ટીઝર તૈયાર


# ૮૩૫ કરોડના ખર્ચે બનતી રામાયણની ઝલક ૨ દિવસ પછી જોવા મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૨**
ચાહકો નિતેશ તિવારીની મેગા બજેટની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'રામાયણ' ની એક ઝલક જોવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. અહેવાલો અનુસાર, ૮૩૫ કરોડની આ ફિલ્મ અંગે એક મોટી અપડેટ આવી છે. જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, રણબીર કપૂર અને સાઈ પલ્લવીની ફિલ્મનો ફર્સ્ટ લુક અથવા લોગો બે દિવસ પછી શેર કરવામાં આવશે. નિર્માતાઓ ૩ જુલાઈ, ૨૦૨૫ ના રોજ આ ફિલ્મનો લોગો અથવા ફર્સ્ટ લુક અનાવરણ કરશે. જોકે, તેના વિશે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. આ ફિલ્મનું ટીઝર ૩ મિનિટ લાંબુ છે જે તૈયાર છે. પરંતુ નિર્માતાઓ તેને ટૂંક સમયમાં રિલીઝ કરવાની યોજના બનાવી રહ્યા નથી કારણ કે ફિલ્મ હજુ થિયેટરોમાં પહોંચવાથી ઘણી દૂર છે. નીતેશ તિવારીની 'રામાયણ' ફિલ્મમાં રણબીર કપૂર, સાઈ પલ્લવી, યશ સન્ની દેઓલ, રવિ દુબે, લારા દત્તા અને રકુલ પ્રીત જેવા મજબૂત સ્ટાર્સ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મ બે ભાગમાં આવશે. પહેલો ભાગ ૨૦૨૬માં દિવાળી પર આવશે અને બીજો ભાગ ૨૦૨૭માં આવશે. ફિલ્મના પહેલા ભાગમાં સીતાનું અપહરણ બતાવવામાં આવશે. જોકે, આ વાતની પણ હજુ સુધી સત્તાવાર પુષ્ટિ થઈ નથી. ગયા વર્ષે, આ ફિલ્મના નિર્માતા નમિત મલ્હોત્રાએ કહ્યું હતું કે, 'મેં એક દાયકા પહેલા આ મહાકાવ્યને મોટા પડદા પર લાવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. જેણે ૫૦૦૦ વર્ષથી વધુ સમયથી અબજો હૃદય પર રાજ કર્યું છે. આજે તેને આકાર લેતા જોઈને હું ખૂબ ખુશ છું. આ મહાન મહાકાવ્ય જોવા માટે તૈયાર રહો. ભાગ ૧ દિવાળી ૨૦૨૬ અને ભાગ ૨ દિવાળી ૨૦૨૭. આ ઉપરાંત નમિતે ફિલ્મનું પોસ્ટર પણ શેર કર્યું. જેમાં વચ્ચે એક તીર જોવા મળ્યું. જેમાં 'નમિત મલ્હોત્રા રામાયણ' લખ્યું હતું.

## હું આજે જે કંઈ છું એ મારા પેરેન્ટ્સના કારણે જ છું

# ખ્યાતિ સાથે ટીકા અને નિંદા આવે જ છે : શનાયા કપૂર

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૨**
સંજય કપૂર અને મહીપ કપૂરની દીકરી શનાયા કપૂર બોલિવૂડમાં ડેબ્યુ કરવાની તૈયારીઓ કરી રહી છે. વિક્રાંત મેસ્સી સાથે તે 'આંખો કી ગુસ્તાખિયાં'માં કામ કરી રહી છે. ત્યારે તેણે એક ઈન્ટરવ્યુમાં તેને મળી રહેલી ખ્યાતિ અને તેની સાથે થતી ટીકાઓ અને નિંદા અંગે પણ વાત કરી હતી. તેણે પોતાની સામેના પડકારો વિશે પણ વાત કરી હતી. તેણે કહ્યું કે, તે ફિલ્મોમાં આવી તે પહેલાંથી તે ટીકાનો સામનો કરી રહી છે.



અનુભવથી ટીકાનો સામનો કરતા શીખવા બાબતે શનાયાએ કહ્યું કે તે ટીકા પર ધ્યાન પણ આપે છે અને તેનો હકારાત્મક રીતે સામનો કરે છે. તેણે કહ્યું કે, તે આ સફરમાં સતત શીખતી રહી છે. તેણે કહ્યું, "જે કંઈ ખ્યાતિ મળે કે પ્રેશર આવે, એ બધું ટીકા અને નિંદા સાથે જ આવે છે. મેં તેને હકારાત્મક રીતે જ લીધું છે, પ્રતિભાવ તરીકે લઈને તેમાંથી શીખ્યું છે, તેમાંથી આગળ વધી છું." તેણે પોતાના આ વિશ્વાસ માટે પોતાના ઉછેરને પણ શ્રેય આપ્યો છે. તેણે કહ્યું કે, તેના માતા પિતાએ તેનો એવો ઉછેર કર્યો છે કે તેનામાં ક્યારેય પરિવર્તન આવશે નહીં.

શનાયા કહે છે, "હું આજે જે કંઈ છું એ મારા માતાપિતાના કારણે જ છું. તેમણે એક ચોક્કસ રીતે મારો ઉછેર કર્યો છે. હા, મારું વાતાવરણ એવું હતું, પરંતુ આજે મને નથી લાગતું કે મારે બીજા કોઈ વાતાવરણની જરૂર પણ હતી, કારણ કે હું જે છું એમાં મને વિશ્વાસ છે." પોતાની સફર અંગે વાત કરતાં શનાયાએ કહ્યું, "આજે હું જે સ્તર પર પહોંચી છું, એ મેં અત્યાર સુધીમાં જે કર્યું એના પરિણામે જ છે. અહીં પહોંચવાની મારી એક અલગ સફર રહી છે." શનાયા માને છે કે જે કંઈ થાય છે, એની પાછળ કોઈ કારણ હોય છે, તે જે રીતે થાય છે, તેની પાછળ સારા પરિણામ રહેલાં હોય છે. શનાયા કહે છે, "હું ખુશ છું અને ઉત્સુક છું." શનાયા એવું પણ સ્વીકારે છે કે અન્ય કલાકારોની સરખામણીએ તેની સફર સરળ રહી છે. શનાયા અને વિક્રંતની ફિલ્મ આંખો કી ગુસ્તાખિયાં ૧૧ જુલાઈએ થિએટરમાં રિલીઝ થશે.

# કાજોલની ફિલ્મ 'મા' અને અક્ષયની 'કનપ્પા'ની કમાણી ઘટતી ચાલી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૦૨**
કાજોલે તેની તાજેતરની ફિલ્મ 'મા' સાથે પહેલીવાર હોરર-થ્રિલર શૈલીમાં પ્રવેશ કર્યો છે. આ ફિલ્મ એક માતાની વાર્તા છે જે તેની પુત્રીને ગામના રાક્ષસનો શિકાર બનતા બચાવવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરે છે, જેની સામે ત્યાં જન્મેલી છોકરીઓનું બલિદાન આપવામાં આવે છે. તે જ સમયે, અક્ષય કુમાર તેલુગુ ફિલ્મ 'કનપ્પા'માં ભગવાન શિવની ભૂમિકામાં દેખાયા છે, જેમાં તેમના સિવાય વિષ્ણુ મંચુ, પ્રભાસ, મોહનલાલ, કાજલ અગ્રવાલ, મોહન બાબુ જેવા ઘણા મહાન કલાકારો છે.

આ બે ફિલ્મો ઉપરાંત, બ્રેડ પિટની હોલીવુડ ફિલ્મ 'એફ ૧' પણ સિનેમાઘરોમાં પોતાની છાપ છોડવાનો પ્રયાસ કરી રહી છે. મુકેશ કુમાર સિંહ દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'કનપ્પા' બનાવવા માટે લગભગ ૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

આ ફિલ્મ એક સામાન્ય નાસ્તિક આદિવાસી કન્નપ્પા નામના શિવ ભક્ત બનવાની વાર્તા છે. આ ફિલ્મની વાર્તા થિનાડુ (વિષ્ણુ મંચુ) ની આસપાસ ફરે છે જે એક આદિવાસી છે અને બાળપણથી જ દેવી-દેવતાઓમાં શ્રદ્ધા ગુમાવી દે છે કારણ કે તેણે નાની ઉંમરે પોતાના મિત્રનું બલિદાન આપતા જોયા છે. જ્યારે તે નાસ્તિક બને છે, ત્યારે પાર્વતી કૈલાશ પર્વત પર ભગવાન શિવ (અક્ષય કુમાર) ને થિનાડુના નાસ્તિકતા વિશે પૂછે છે અને પૂછે છે કે શું તે ક્યારેય આસ્તિક બનશે? આ સાથે, થિનાડુના જીવનમાં કંઈક એવું બને છે કે વાર્તા પલટાઈ જાય છે.

'કનપ્પાની કમાણી પહેલા જ સોમવારે ભારે ઘટી ગઈ હતી. અહેવાલ મુજબ, આ ફિલ્મે ચોથા દિવસે ૨.૫૦ કરોડની કમાણી કરી હતી જેમાં તમિલથી તેલુગુ, હિન્દી, કન્નડ અને મલયાલમ સુધીની પાંચેય ભાષાઓનો સંગ્રહ શામેલ છે. એકંદરે, સ્થાનિક બોક્સ ઓફિસ પર કમાણી લગભગ ૨૫.૯૦ કરોડ રહી છે. બીજી તરફ, જો આપણે આ ફિલ્મના વિશ્વવ્યાપી કલેક્શન પર નજર કરીએ તો, તેણે ત્રણ દિવસમાં ૩૧.૫૦ કરોડની કમાણી કરી હતી, જે ચોથા દિવસે લગભગ ૩૪ કરોડ થઈ ગઈ છે.

જો આપણે ફક્ત વિદેશમાં કમાણીની વાત કરીએ તો, આ આંકડો ૪.૦૦ કરોડને વટાવી ગયો છે. ગયા શુક્રવારે રિલીઝ થયેલી વિશાલ ફુરિયા દ્વારા નિર્દેશિત હોરર-થ્રિલર ફિલ્મ 'મા' ની કમાણી પણ આવી જ સ્થિતિમાં રહી છે. કાજોલની હોરર-થ્રિલર ફિલ્મ 'મા' ની વાર્તા ગામમાં રાક્ષસ સામે દીકરીઓનું બલિદાન આપવાની પરંપરા વિરુદ્ધ વણાયેલી છે, જેને એક અલગ શૈલીમાં ડરામણી વાર્તા સાથે વણાયેલી છે.

કાજોલના અભિનયના વખાણ થઈ રહ્યા છે, પરંતુ હોરરના નામે, આ ફિલ્મ લોકોને ડરાવવામાં નિષ્ફળ ગઈ છે. તેના પતિના મૃત્યુ પછી, અંબિકા (કાજોલ) ની પુત્રી શ્વેતા (કરિન શર્મા) ગામ જવા માંગે છે, પરંતુ આ નિર્ણય ઘણી મુશ્કેલીઓને આમંત્રણ આપી રહ્યો છે. લગભગ ૫૫-૬૦ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મ પહેલા સોમવારે માત્ર ૨.૨૫ કરોડની કમાણી કરી શકી. તેણે કુલ ૧૯.૯૦ કરોડનું કલેક્શન કર્યું છે.

ત્રણ દિવસમાં, ફિલ્મે વિશ્વભરમાં ૨૪.૫૦ કરોડની કમાણી કરી છે. ચોથા દિવસે, આ કલેક્શન લગભગ ૨૭ કરોડ સુધી પહોંચી ગયું છે. બ્રૅડ પિટની હોલીવુડ ફિલ્મ સુપરફાસ્ટ બનીઆ બે ફિલ્મોની સાથે, બ્રૅડ પિટની હોલીવુડ ફિલ્મે પણ એન્ટ્રી કરી છે, જે એક અમેરિકન સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ 'એફ ૧' છે.

આ ફિલ્મ અન્ય બે ફિલ્મો પર મજબૂત પકડ જાળવી રહી છે. પહેલા સોમવારે આ ફિલ્મે ૩.૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી અને ભારતમાં કુલ ૨૪.૬૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે.

# વલસાડ ખેરગામ રોડ ઉપર ઘડોઈ ફાટક નજીક વિચિત્ર ટ્રિપલ અકસ્માત સર્જાયો: કાર, ટેમ્પો અને બાઈક ભટકાઈ



**કાર ચાલક તથા બાઈક ચાલકને ગંભીર ઈજાઓ થતાં સ્થાનિકોએ તાત્કાલિક ૧૦૮ દ્વારા સારવાર માટે ખસેડ્યા**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૨**

વલસાડ ખેરગામ રોડ ઉપર આજે બુધવારે સવારે વિચિત્ર ટ્રીપલ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં આઈશર ટેમ્પો, કાર અને બાઈક ધડાકાભેર ભટકાતા ગંભીર અકસ્માત થયો હતો. અકસ્માતમાં બાઈક ચાલક અને કાર ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા સ્થાનિકોએ ૧૦૮ દ્વારા તાત્કાલિક સારવાર માટે ખસેડ્યા હતા.

ટ્રીપલ અકસ્માતની વિગતો મુજબ આજે સવારે વલસાડ ખેરગામ રોડ ઉપર ઘડોઈ ફાટક પાસે આઈશર ટેમ્પો નં. જીજે-૧૫-એક્સએક્સ-૯૯૬૦ની સામે અલ્ટો કાર નં. જીજે-૧૫-સીકે-૨૯૪૨ ભટકાઈ હતી. તે દરમિયાન પાછળ આવી રહેલ ટીવીએસ બાઈક નં. જીજે-૧૫-ડીએસ-૮૬૪૭ ભટકાઈ હતી. સર્જાયેલા ટ્રીપલ અકસ્માત બાદ સ્થાનિકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ૧૦૮ને જાણ કરી હતી. અકસ્માતમાં કાર અને બાઈ ચાલક ગંભીર રીતે ઘવાયા હતા. કાર ચાલક અંદર ફસાઈ ગયો હતો તેને સલામતપૂર્વક બહાર કાઢીને બન્ને વાહનોના ચાલકોને ૧૦૮ દ્વારા સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માતની સંપૂર્ણ ઘટના નજીકના સી.સી.ટી.વી. કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

# પારડી સોના દર્શનના પાર્કિંગમાંથી મોટરસાયકલ ચોરાઈ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૦૨**

પારડી હાઈએ સ્થિત સોના દર્શન સોસાયટી ડી-૧માં રહેતા અને કૌશિક બોરવેલ ચલાવતાં બીપીનભાઈ ભાલ ડાયાભાઈ બકોરીએ તારીખ ૨૭/૬/૨૦૨૫ના રોજ સાંજે પોતાના બિલ્ડીંગના પાર્કિંગમાં પોતાની હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલ નંબર જીજે-૧૫-ઈએફ-૪૮૪૮ પાર્ક કરી ઘરે ગયા હતા. બીજે દિવસે સવારે પાર્કિંગમાં આવી જોતા પોતાની મોટરસાયકલ નજરે ન ચડતા તેઓએ આજુબાજુ પણ તપાસ કરી હતી છતાં મોટરસાયકલ મળી ન આવતા સોસાયટી દ્વારા લગાવવામાં આવેલ સીસીટીવી કેમેરા ચેક કરતા તારીખ ૨૭/૬/૨૦૨૫ની મોડી રાત્રે ૧૨:૩૦ કલાકે કોઈ અજાણ્યો ઈસમ ડુપ્લીકેટ ચાવીથી મોટરસાયકલ ચોરી જતો નજરે પડ્યો હતો.

બીપીનભાઈએ પોતાની ૪૫૦૦૦ની મોટરસાયકલ ચોરાઈ જતાં પારડી અને વાપી પોલીસ સ્ટેશન ખાતે બે ત્રણ દિવસમાં મળી જવા હોવાની આશાએ તપાસ કરવા છતાં પોતાની મોટરસાયકલ મળી ન આવતા તારીખ ૧/૭/૨૦૨૫ના રોજ પારડી પોલીસ સ્ટેશન ખાતે મોટરસાયકલ ચોરી થયેલ હોવાની ફરિયાદ નોંધાવી હતી.



# વલસાડમાં ભાજપ અને સાંસદ કાર્યાલયમાં ઉમરગામ તાલુકાના વિજેતા સરપંચોની શુભેચ્છા મુલાકાત યોજાઈ





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૨**

લોકસભાના દંડક, વલસાડ-ડાંગના સાંસદ શ્રી ધવલભાઈ પટેલના જનસંપર્ક કાર્યાલય 'શ્રી અટલ જનસેવા કેન્દ્ર' ખાતે આજરોજ ઉમરગામ તાલુકા ભાજપના પ્રમુખ ડો. શ્રી નિરવભાઈ શાહની આગેવાનીમાં હાલમાં યોજાયેલ ઉમરગામ તાલુકાની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં વિજેતા થયેલા ૨૧ જેટલા સરપંચશ્રીઓએ ભારતીય જનતા પાર્ટીની વિચારધારાને સમર્થન આપી શુભેચ્છા મુલાકાત કરી હતી.

સાંસદ શ્રી ધવલભાઈ પટેલે વિજેતા થયેલ તમામ સરપંચશ્રીઓને શુભકામનાઓ પાઠવી હતી અને તમામ સરપંચશ્રીઓને માર્ગદર્શન આપતા જણાવ્યુ હતું કે, રાજ્ય અને દેશના વિકાસમાં દરેક ગામનો સિંહફાળો હોય છે અને તમામ ગામના વિકાસકાર્યો માટે એમના સંપૂર્ણ સહકારની બાંહેધરી આપી હતી.

# વાપી કેબીએસ કોલેજના વિદ્યાર્થીઓએ સ્ટેટ ગ્રેપલિંગ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યા

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૨**




નવસારી ખાતે યોજાયેલ ૫મી ગુજરાત સ્ટેટ ગ્રેપલિંગ એનઓ-જીઆઈ(પુરુષ) ચેમ્પિયનશીપમાં વાપી કેબીએસ કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ વજન કેટેગરીમાં મેડલ જીતીને શાનદાર સફળતા હાંસલ કરી છે.

આ ચેમ્પિયનશીપલમાં દિવાકર અનુજ (ટી.વાય.બી.કોમ) એ ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે અનુરાગ મિશ્રા (ટી.વાય.બી.કોમ), આશિષ સિંહ (ટી.વાય.બી.સી.એ.), અંશુ મિશ્રા (ટી.વાય.બી.સી.એ.) અને સાહિલ અલી શાહ (એફવાય બી.કોમ) એ સિલ્વર મેડલ જીત્યો હતો.

આજ સુધી રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે વિવિધ રમતગમત સ્પર્ધાઓમાં પોતાની ઓળખ બનાવી ચૂકેલ કેબીએસ અને નટરાજ કોલેજે આ સફળતાથી ફરી એકવાર સાબિત કર્યુ છે કે તે શૈક્ષણિક નહીં પરંતુ રમતગમત ક્ષેત્રે પણ પ્રતિભા ઊભી કરતી સંસ્થા છે. વિજયી વિદ્યાર્થીઓને તેમજ કોલેજના શારીરિક વિભાગના શિક્ષકો ડો. મયુર પટેલ અને શ્રી રોહિતસિંહને કોલેજના પ્રિન્સીપાલ ડો. પૂનમ બી.ચૌહાણે અભિનંદન પાઠવ્યા હતા.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો.**
**સંજય તાડા : 99244 66899**

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY NAME FROM SHUKLA PANKAJKUMAR SUDHIR TO **NEW NAME PANKAJ SHUKLA** & I WILL BE KNOWN AS MY NEW NAME
**SD. PANKAJ SHUKLA**
ADD. FLAT NO. 05, BUILDING-B3, BASERA HOUSING COMPLEX, AMLI, SILVASSA- 396230 UT OF DNH&DD

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY BEFORE MARRIAGE OLD NAME FROM RENUKABEN BALUBHAI MAKWANA TO AFTER MARRIAGE NEW **NAME RENUKABEN HEMANT RATHOUR** & SHE WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
**SD: RENUKABEN HEMANT RATHOUR**
ADDRESS: - FLAT NO. 302/C-1, DEEP COMPLEX, PHASE 2, NAROLI, DADRA NAGAR HAVELI, PIN: 396235, DADRA AND NAGAR HAVELI, INDIA

**पावरग्रिड POWERGRID**

**નોટિસ**

૧. ઈલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ની કલમ ૭૯ (૧) (ડી) સાથે વાંચેલી કલમ ૬૨ હેઠળ અને સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (કન્ડક્ટ ઑફ બિઝનેસ) રેગ્યુલેશન્સ, ૨૦૨૩ના રેગ્યુલેશન ૧૫ (૧) (એ) અને રેગ્યુલેશન ૨૩ સાથે વાંચેલ સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (ટેરિફના રેગ્યુલેશનના નિયમો અને શરતો) ૨૦૨૪ હેઠળ ''પશ્ચિમ ક્ષેત્રમાં દહેગામ, રણછોડપુરા, સંથાલપુર રીપીટર, ભચાઉ, સીજીપીએલ મુન્દ્રાના એસટીએમ-૪ કોમ્યુનિકેશન લિંકને એસટીએમ-૧૬ ક્ષમતામાં અપગ્રેડ કરવાના પ્રોજેક્ટ હેઠળ દહેગામ, રણછોડપુરા, સંથાલપુર રીપીટર, ભચાઉ સીજીપીએલ મુન્દ્રાના એસટીએમ-૪ કોમ્યુનિકેશન લિંકને દહેગામ, રણછોડપુરા, સંથાલપુર રીપીટર, ભચાઉ સીજીપીએલ મુન્દ્રા ખાતે ૫ નંગ એસટીએમ-૧૬, ૫ એમએસપીની સ્થાપના દ્વારા એસટીએમ-૧૬ ક્ષમતામાં અપગ્રેડ કરવાના પ્રોજેક્ટ માટે ટેરિફ નક્કી કરવા માટેની અરજી.
ઉપરોક્ત ટ્રાન્સમિશન સિસ્ટમના લાભાર્થીઓ છેઃ (૧) એમપીપીએમસીએલ, જબલપુર (૨) એમએસઈડીસીએલ, મુંબઈ (૩) જીયુવીએનએલ, વડોદરા (૪) ઈલેક્ટ્રિસિટી ડિપાર્ટમેન્ટ, ગવર્નમેન્ટ ઓફ ગોવા, પણજી, (૫) ડીએનએચડીડીપીસીએલ, સિલવાસા (૬) સીએસપીડીસીએલ, રાયપુર.

૨. ટેરિફ વિગતોઃ
પ્રોજેક્ટનો એસસીઓડીઃ ૦૯.૦૭.૨૦૨૪
પ્રોજેક્ટ માટે એફઆર મંજૂર ખર્ચ : ₹ ૧૬૭.૩૭ લાખ
અંદાજિત પૂર્ણ ખર્ચ : ₹ ૧૫૩.૮૦ લાખ

૩. **૨૦૨૪-૨૯ ટેરિફ બ્લોક માટે ટ્રાન્સમિશન ટેરિફ**

₹ લાખમાં

| સંપત્તિ નં. | સંપત્તિનું નામ અને તેનું સ્થળ | સીઓડી | 2024-25 | 2025-26 | 2026-27 | 2027-28 | 2028-29 |
|---|---|---|---|---|---|---|---|
| 1 | દહેગામ, રણછોડપુરા, સંથાલપુર રીપીટર, ભચાઉ સીજીપીએલ મુન્દ્રા ખાતે ૫ નંગ એસટીએમ-૧૬, ૫ એમએસપીની સ્થાપના દ્વારા દહેગામ, રણછોડપુરા, સંથાલપુર રીપીટર, ભચાઉ સીજીપીએલ મુન્દ્રાના એસટીએમ-૪ કોમ્યુનિકેશન લિંકને એસટીએમ-૧૬ ક્ષમતામાં અપગ્રેડ કરવામાં આવશે. | 28.03.2025 | 0.11 | 26.30 | 41.77 | 39.92 | 38.06 |

PG/CC/Notice-25/Advt-29/2025-26 Contad

૪. ટેરિફ નક્કી કરવા માટે કરેલી અરજીની નકલ અરજદારની વેબસાઈટ **www.powergrid.in** પર પોસ્ટ કરવામાં આવી છે.

૫. અરજીમાં સમાવિષ્ટ ટેરિફ નક્કી કરવા માટેની દરખાસ્તો અંગે સૂચનો અને વાંધાઓ, જો કોઈ હોય તો, લાભાર્થી સહિત કોઈપણ વ્યક્તિ દ્વારા સેક્રેટરી, સેન્ટ્રલ ઈલેક્ટ્રિસીટી રેગ્યુલેટરી કમિશન, છટ્ઠો, ૭મો અને ૮મો માળ, ટાવર બી, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, નૌરોજી નગર, નવી દિલ્હી - ૧૧૦૦૨૯ (અથવા અન્ય સરનામું જ્યાં કમિશનની ઓફિસ આવેલી છે) સમક્ષ રજૂ કરી શકે છે, જેની એક નકલ ઉપરોક્ત અરજદારની કોર્પોરેટ કચેરીના સરનામે આ નોટિસ પ્રસિદ્ધ થયાના ૩૦ દિવસની અંદર મોકલી આપવી.

**સ્થળઃ** ગુરૂગ્રામ
**તારીખઃ** ૨૬.૦૬.૨૦૨૫

**સહી/-**
**ડીજીએમ (કોમર્શિયલ)**

**POWER GRID CORPORATION OF INDIA LIMITED**
(A Government of India Enterprise)
**Corp. Office:** "Saudamini", Plot No. 2, Sector-29, Gurugram-122001, (Haryana)
**Regd. Office:** B-9, Qutab Institutional Area, Katwaria Sarai, New Delhi-110 016, www.powergrid.in, **CIN:** L40101DL1989GOI038121
**A MAHARATNA PSU**

**HINDUJA HOUSING FINANCE**

**કોર્પોરેટ ઓફિસ : નંબર ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ, સૈદાપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૧૫.**
**બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્ફકો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ, પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શીવરંજની ચાર રસ્તા પાસે, સેટલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.**
સૌરભકુમાર નાપીત મો. ૭૮૭૪૮૨૮૭૮૯, વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, હીતેષકુમાર પટેલ મો. ૭૦૪૮૩૩૬૬૦૧, સુશીલ ચૌધરી મો. ૯૧૧૯૮૧૯૧૬૦, નિતીન સમુદ્રે મો. ૯૧૨૮૩૧૦૬૭૮ શિવમ મીશ્રા મો. ૯૦૩૩૦૧૫૨૭૭,
E-mail auction@hindujahousingfinance.com

**ફિઝિકલ (પ્રત્યક્ષ) પઝેશન નોટિસ - પરિશિષ્ટ ૪ મુજબ**

ધી સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શ્યલ એસેસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સેક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩ (૧૨) ના નિયમ ૩ હેઠળ મળેલી સત્તા સાથે સિક્યુરીટી ઇન્ટરેસ્ટ (ઇન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ મુજબ હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ ના અધિકૃત અધિકારી દ્વારા મોકલાયેલ ડિમાન્ડ નોટિસ નીચે આપેલ ટેબલ પ્રમાણે ઉધારકર્તા/સહ-ઉધરકર્તા અને જામીનદારો ( સંયુક્ત રીતે ઉધારકર્તાઓ) ને નોટિસ મોકલયાના ૬૦ દિવસમાં ચુકવવામાં જણાવવામાં આવ્યું હતું. પરંતુ ઉધારકર્તા/સહ-ઉધરકર્તા અને જામીનદારો (સંયુક્ત રીતે ઉધારકર્તાઓ) ને નોટિસમાં જણાવેલ રકમ ચુકવવામાં થતા, ઉધારકર્તા/સહ-ઉધરકર્તા અને જામીનદારો ( સંયુક્ત રીતે ઉધારકર્તાઓ) અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે સદરહુ અધિનિયમથી સિક્યુરીટી ઇન્ટરેસ્ટ (ઇન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ ની પેટા કલમ (૪) એન્ડ કલમ ૧૩ તથા નિયમ ૮ હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે જણાવેલ કોષ્ટક પ્રમાણે સ્થાવર મિલકતનો ફિઝિકલ (પ્રત્યક્ષ) કબ્જો લઇ લીધેલ છે. વધુમાં ઉધારકર્તા/સહ-ઉધરકર્તા અને જામીનદારો (સંયુક્ત રીતે ઉધારકર્તાઓ) ને જણાવવામાં આવે છે કે સદરહુ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) માં જણાવ્યા મુજબની સમય મર્યાદામાં ઉધારકર્તા/સહ-ઉધરકર્તા અને જામીનદારો (સંયુક્ત રીતે ઉધારકર્તાઓ) તેઓની સુરક્ષિત સ્થાવર મિલકતના બાકી લેણાંની રકમ ભરપાઈ કરી તેઓની સુરક્ષિત સ્થાવર મિલકત ને પાછી મેળવી શકે છે. ઉધારકર્તા/સહ-ઉધરકર્તા અને જામીનદારો (સંયુક્ત રીતે ઉધારકર્તાઓ) તથા જાહેર જનતાને આ નોટિસ દ્વારા વિશેષ સૂચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો કોઈ પ્રકારનો સોદો કરવો નહિ અને છતાં કોઈપણ સદરહુ મિલકતનો સોદો કરશે તો તે હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ નીચે કોષ્ટકમાં જણાવેલ મુજબની બાકી લેણાંની રકમ તથા ત્યાર પછીના વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

| નં. | ઉધારકર્તાઓ, અને સહ-ઉધારકર્તાઓ અને જમીનદારો ના નામ | ડિમાન્ડ નોટિસ તારીખ, રકમ અને લોન ખાતા નંબર | તારીખ અને પઝેશનનો પ્રકાર | SCHEDULE OF THE PROPERTY |
|---|---|---|---|---|
| ૧ | ઉધારકર્તા :- લતીફ શેખ સહ-ઉધારકર્તા :- જાવેદ શેખ | Date. 17/11/2024 & Rs. 9,20,846/- & A/c No. GJ/VPI/VAPI/A000000266 | 28-06-2026 ફિઝિકલ (પ્રત્યક્ષ) પઝેશન | હાલમાં લતીફ શેખ ની માલિકી અને કબ્જા હેઠળ રહેણાંક ફ્લેટ નં. ૩૦૨ નો આખો ભાગ અને હિસ્સા સાથેની , જે આશરે ૮૨૫.૦૦ ચોરસ ફૂટનો છે, જે ૭૬.૬૬ ચોરસ મીટર સુપર બિલ્ટ અપ એરિયા જેટલો છે, જે 'શ્રી હરસિદ્ધિ એપાર્ટમેન્ટ' તરીકે ઓળખાતી ઇમારતના ત્રીજા માળે સ્થિત છે, જે N.A જમીન ધરાવતા સર્વે નં. ૨૭૮/૧ પાઈકી પ્લોટ નં. ૧૧ પર બાંધવામાં આવ્યો છે, જે લગભગ ૧૯૫.૦૯ ચોરસ મીટર અને પ્લોટ નં. ૧૨ લગભગ ૧૯૫.૦૯ ચોરસ મીટર છે, જે કુલ ૩૯૦.૧૮ ચોરસ મીટર છે. જે ગામ ડુંગરા, તા. વાપી, જિલ્લા ખાતે સ્થિત છે. વલસાડ, ગુજરાત રાજ્ય અને ઉપરોક્ત ફ્લેટ, જેમાં ગ્રાહક નંબર N.A અને મકાન નંબર ૧૩/૧૪૬૬/૦ છે, ઉપરોક્ત ફ્લેટના સંદર્ભમાં તમામ હકો, હિત, પડોશહક વગેરે સાથે, જે નીચે મુજબ સીમા ધરાવે છેઃ પૂર્વઃ ફ્લેટ નંબર ૨૦૪ પશ્ચિમઃ ખુલ્લી જગ્યા ઉત્તરઃ પેસેજ દક્ષિણઃ ફ્લેટ નંબર ૩૦૧ દ્વારા |
| ૨ | ઉધારકર્તા :- મોહંમદ લતીફ ખાન સહ-ઉધારકર્તા :- સાઈસતા ખાન | Date. 17/11/2024 & Rs. 9,34,749/- & A/c No. GJ/VPI/VAPI/A000000021 | 28-06-2025 ફિઝિકલ (પ્રત્યક્ષ) પઝેશન | 'લોટસ એપાર્ટમેન્ટ' તરીકે ઓળખાતી યોજનામાં, રહેણાંક ત્રીજા માળનો ફ્લેટ નં. ૩૦૫, ૬૭.૯૪ ચોરસ મીટરનો સુપર બિલ્ડ-અપ વિસ્તાર ધરાવતો, પ્લોટ નં. ૭૩, એરિયા ૧૬૭.૪૫ ચોરસ મીટર, પ્લોટ નં. ૭૪, એરિયા ૧૬૭.૪૫ ચોરસ મીટર, પ્લોટ નં. ૭૫, એરિયા ૧૬૭.૪૫ ચોરસ મીટર, પ્લોટ નં. ૭૬, એરિયા ૧૬૭.૪૫ ચોરસ મીટર, પ્લોટ નં. ૭૩, ૭૪, ૭૫ અને ૭૬ નો કુલ જમીન વિસ્તાર, લગભગ ૬૬૯.૦૮ ચોરસ મીટર, જમીનનો અવિભાજિત હિસ્સો ધરાવતો, બિન-કૃષિ સ્થાવર મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સા સાથે છે. માઉન્ટ્સ, ઉત્તર-પૂર્વમાં નવા સર્વે નં. ૧૦૮૯, (જૂનો મહેસૂલ સર્વે નં. ૧૬૧/૪૧), પાઈકી જમીન પર સ્થિત, ગામ- છરવાડા, તાલુકો- વાપી, જિલ્લો- વલસાડ, ગુજરાત રાજ્ય ( સાઈસ્તા ખાન લતીફ ખાન પત્ની દ્વારા ખરીદવામાં આવેલ) ખાતે સ્થિત છે, જે નીચે મુજબ સીમાઓ ધરાવે છેઃ પૂર્વ લિફ્ટ પશ્ચિમ ફ્લેટ નં. ૩૦૬, ઉત્તર પેસેજ અને ફ્લેટ નં. ૩૦૮, દક્ષિણ ખુલ્લી જગ્યા |

**વલસાડ ના ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ દ્વારા તા. 02-06-2025 ના રોજ કોર્ટના હુકમ મુજબ પ્રત્યક્ષ (ફિઝિકલ) કબ્જો લેવામાં આવ્યો છે.**

**સ્થળ : વાપી-વલસાડ** **તારીખ : ૦૩-૦૭-૨૦૨૫** **અધિકૃત અધિકારી : હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

torrent POWER DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દમન અને દીવ ઈલેક્ટ્રીસીટી ડીપાર્ટમેન્ટે નેટવર્ક (ટ્રાન્સમિશન) મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૦૪/૦૭/૨૦૨૫ શુક્રવાર સમય : સવાર : ૯-૦૦ થી બપોર : ૧-૦૦ સુધી | ભીમપોર | ૧૧ કેવી પાંચાલ ઈન્ડ. | ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર |
| | | ૧૧ કેવી વાંકડ | ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર |
| | | ૧૧ કેવી સાંઈ(બી એચ) | પાંચાલ ઉદ્યોગ નગર |
| ૦૪/૦૭/૨૦૨૫ શુક્રવાર સમય : સવાર : ૧૧-૦૦ થી બપોર : ૧૨-૦૦ સુધી | ભીમપોર | ૧૧ કેવી જલારામ | પાંચાલ ઉદ્યોગ નગર |
| | | ૧૧ કેવી રોંચ | પાંચાલ ઉદ્યોગ નગર |
| | | ૧૧ કેવી પીવીસી-૧ | પાંચાલ ઉદ્યોગ નગર |
| | | ૧૧ કેવી સ્વિટ્ઝ એન્ડ વિશાલ | સ્વિટ્ઝ ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ, વિશાલ એન્જિનિયરિંગ |
| | | ૧૧ કેવી કુલડેક + જાલાન એક્સપ્રેસ | જાલાન વાયર પ્રા. લિ., કુલડેક ઈન્ડ. પ્રા.લિ. |
| | | ૧૧ કેવી યુનિક એક્સપ્રેસ | યુનિક ફાર્માસ્યુટિકલ લેબ, જે.બી કેમિકલ્સ લિ. |
| | | ૧૧ કેવી ભીમ પોલીફેબ | ભીમ પોલીફેબ ઈન્ડ., શ્રી સાંઈ ટ્રેડિંગ કંપની, સ્વિટ્ઝ ઈન્ટરનેશનલ પ્રા.લિ. |
| | | ૧૧ કેવી પાંચાલ ઈન્ડ. | ગ્રામ્ય વિસ્તાર |
| | | ૧૧ કેવી વાંકડ | ગ્રામ્ય વિસ્તાર |
| ૦૪/૦૭/૨૦૨૫ શુક્રવાર સમય : સવાર : ૯-૦૦ થી બપોર : ૧-૦૦ સુધી | દલવાડા | ૧૧ કેવી જયસિંહ વાયર (ડીએલ) એક્સ. | પોલીકેબ ઈન્ડિયા લિ. |
| | | ૧૧ કેવી સ્કોટ કૈશા એક્સપ્રેસ | સ્કોટ કૈશા ઈન્ડસ્ટ્રીયલ |
| | | ૧૧ કેવી સિલ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ | સિલ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ |
| | | ૧૧ કેવી સુપ્રીમ | સુપ્રીમ ઈન્ડ. એસ્ટેટ |
| | | ૧૧ કેવી બાસુકીનાથ | પ્લાસ્ટિબ્લેન્ડ્સ ઈન્ડિયા લિ., મહારાષ્ટ્ર પ્લાસ્ટિક ઈન્ડ. |
| | | ૧૧ કેવી ભારત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ | ભારત ઈન્ડ. એસ્ટેટ, સુપર નીટ ઈન્ડ. |
| | | ૧૧ કેવી સુઝલોન | દમણ ઈન્ડ. એસ્ટેટ, કડૈયા ઈન્ડ. એસ્ટેટ |
| | | ૧૧ કેવી અવી ગ્લોબલ એક્સપ્રેસ | અવી ગ્લોબલ પ્લાસ્ટ પ્રા. લિ. |
| | | ૬૬ કેવી પરફેક્ટ ફિલામેન્ટ | પરફેક્ટ ફિલામેન્ટ્સ લિમિટેડ |
| ૦૪/૦૭/૨૦૨૫ શુક્રવાર સમય : સવાર : ૧૧-૦૦ થી બપોર : ૧૨-૦૦ સુધી | દલવાડા | ૧૧ કેવી ફાઈબરવેબ એક્સપ્રેસ | ફાઈબર વેબ ઈન્ડિયા પ્રા. લિ. |
| | | ૧૧ કેવી ભીમપોર | બ્રાહ્મણ ફળિયા, ભીમપોર ચાર રસ્તા, ડોરી ગામ, પટેલ ફળિયા-ભીમપોર, કુંડ ફળિયા |
| | | ૧૧ કેવી મરવડ | પીડબલ્યુડી પંપ હાઉસ-મરવડ, પ્રકાશ ફળિયા-દલવાડા, માહ્યાવંશી ફળિયા-મરવડ, એરપોર્ટ રોડ- દલવાડા, પટેલ ફળિયા અને મોટાઘર ફળિયા-મરવડ, સી વ્યૂ અને શિવ શક્તિ બંગ્લોઝ, હોટેલ સિલ્વર સૈંડ |
| | | ૧૧ કેવી કડૈયા | દમણ ઈન્ડ. એસ્ટેટ, દોરી કડૈયા ગામ |
| | | ૧૧ કેવી દેવકા | કડૈયા માછીવાડ, દેવકા તાઈવાડ, દેવકા ભંડારવાડ, મંગેલવાડ ફળિયા, સેન્ડી મેઈન રોડ, કબ્રસ્તાન, લક્ષ્મીનગર-દલવાડા, કડૈયા પંચાયત |
| | | ૧૧ કેવી રાધે | દમણ ઈન્ડ. એસ્ટેટ- કડૈયા, ભારત ઈન્ડ. એસ્ટેટ, દમણ રોટો, ઈલાઈટ ઈન્ડસ્ટ્રીઝ |
| | | ૧૧ કેવી પાટલીયા | સુરા ફળીયા, પટેલ ફળીયા, કુંડ ફળીયા, સ્કુલ ફળીયા |
| | | ૧૧ કેવી પીવીડી એક્સપ્રેસ | પીવીડી પ્લાસ્ટ ઈન્ડ., માર્સ પેકેજિંગ, રાધા માધવ ઈન્ડ., બાંસવાડા ઈન્ડ., સુપ્રીમ ટ્રેવ્સ ઈન્ડ. |
| | | ૧૧ કેવી દમણ પોલીથ્રેડ એક્સપ્રેસ | દમણ પોલીથ્રેડ લિ. |
| | | ૧૧ કેવી એનર્કોન + પીવીએન એક્સપ્રેસ | સિલ્વર ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ, કંદોઈ યુનિટ ઈન્ડસ્ટ્રીઝ |
| | | ૧૧ કેવી પારસ લુબ્રિકન્ટ્સ લિમિટેડ એક્સપ્રેસ | પારસ લુબ્રિકન્ટ્સ લિમિટેડ |
| ૦૪/૦૭/૨૦૨૫ શુક્રવાર સમય : સવાર : ૯-૦૦ થી બપોર : ૧-૦૦ સુધી | વરકુંડ | ૧૧ કેવી ભેંસલોર ગામ | ભેંસલોર ઈન્ડ. વિસ્તાર |
| | | ૧૧ કેવી કેએલજે | વડ ચોકી વિસ્તાર, ભેંસલોર ઔદ્યોગિક વિસ્તાર |
| ૦૪/૦૭/૨૦૨૫ શુક્રવાર સમય : સવાર : ૧૧-૦૦ થી બપોર : ૧૨-૦૦ સુધી | વરકુંડ | ૧૧ કેવી બિબ્લોસ | બિબ્લોસ, મ્યુનિસિપલ માર્કેટ વિસ્તાર, ધોબીતલાવ વિસ્તાર, ખાટકીવાડ, ટેક્ષી સ્ટેન્ડ, બ્રિજ વિસ્તાર-ખારીવાડ પાસે, લાઈફ કેર હોસ્પિટલ પાસે |
| | | ૧૧ કેવી બાંદોડકર | ઝિલ હિલ બાર, મનોજ માર્બલ, મીતનાવાડ, પટેલ ફળિયા-ખારીવાડ |
| | | ૧૧ કેવી સચિવાલય | ખારવાડ, બસ-સ્ટોપ, પ્રભુ ફળિયા, રાણા શેરી, વાણીયાવાડ, વાડી ફળિયા, બ્રાહ્મણ ફળિયા, સાંઈ બાબા મંદિર વિસ્તાર, કંસારવાડ |
| | | ૧૧ કેવી પાવર હાઉસ | મારવાડ હોસ્પિટલ, નારાયણ પાર્ક, ગોવા બેંક, દિવાળી નગર, દિલીપ નગર, દાભા શેરી, બોરજીવા શેરી, ચીનીયા શેરી, દાજીની વાડી |
| | | ૧૧ કેવી ક્રિકેટ ગ્રાઉન્ડ એક્સપ્રેસ | ધ આસિસ્ટન્ટ એન્જિનિયર એસ.એસ |
| | | ૧૧ કેવી દુનેથા | આદર્શ નગર, ડ્યુન્સ રેસીડેન્સી, અભિષેક ટાવર, ગ્રીન પાર્ક, રાધા માધવ, સાઈ કૃપા-૧, જેમ પ્લાઝા, જાનુ ની વાડી-દુનેથા ગામ |
| | | ૧૧ કેવી વરકુંડ | વરકુંડ ગામ વિસ્તાર, વીરા દા ધાબા, પોલીટેકનિક ક્વાર્ટર, ઓઆઈડીસી ગોડાઉન, મોટા ફળિયા, ભૂરી ફળિયા, મેરી ફળિયા |
| | | ૧૧ કેવી ભેંસલોર ગામ | ભેંસલોર ગામ વિસ્તાર |
| | | ૧૧ કેવી ગુરુકૃપા | સી ફેસ રોડ વિસ્તાર, વાડી ફળિયા, ખારવાડ, છપલી શેરી, મોટેગામ શેરી, આંધિયા શેરી, લુહાર ફળિયા, માસ્ટર શેરી, ફકીરજીવા શેરી, બાટલી શેરી, કોટાપથ શેરી, નવી ઓરી, સત્યનારાયણ મંદિર વિસ્તાર |
| | | ૧૧ કેવી એરપોર્ટ | પોલીસ હેડ ક્વાર્ટર,આરટીઓ ઓફિસ, સાંઈ કૃપા-૩ અને ૪, ધનહારી એપાર્ટમેન્ટ, વિસ્તાર, મશાલ ચોક |
| | | ૧૧ કેવી હાઈવે | દુનેથા કોસ્ટલ હાઈવે, નોબલ ઈન્ડ. વિસ્તાર, તલાવ ફળિયા-દુનેથા |
| | | ૧૧ કેવી મશાલ ચોક | રાધા માધવ એપ્ટ, અમર અકબર એન્થોની, જલધારા, પોલીસ ક્વાર્ટર્સ-૧ અને ૨, મલબારી એપાર્ટ, રિદ્ધિ સિદ્ધિ એપાર્ટ., મંગલ મૂર્તિ, અભિષેક ટાવર, દર્શનમ પાર્ક ખારીવાડ, મહાદેવ એપાર્ટ., ફોર્ચ્યુન, ખુશી રેસિડેન્સી |

**અસુવિધા બદલ દિલગીર છીએ**

**આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ**
**તમારા પરિવારની સુરક્ષાની ખાતરી**
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો
અને સુરક્ષિત રહો
**એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે**



**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

# વાપી જીઆઈડીસી થર્ડ ફેઝ વિસ્તારમાં આવેલી કંપનીમાં ભિષણ આગ લાગતા અફરા તફરી સર્જાઈ

## કેમોફ્લેક્સ વાઈપર સિસ્ટમ કંપનીમાં આગ લાગતા આજુબાજુમાં આવેલ વાઈટલ અને સરના કંપનીના જીવ પડીકે બંધાયા





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૨**

વાપી જીઆઈડીસી કાર્યરત કંપનીઓમાં અવારનવાર આગ લાગવાના બનાવો લગાતાર બનતા રહે છે તેવો વધુ એક બનાવ આજે બુધવારે બન્યો હતો. જીઆઈડીસીના થર્ડ ફેઝ વિસ્તારમાં કાર્યરત કંપનીમાં આજે સવારે ૧૦ વાગ્યાના સુમારે ભિષણ આગ લાગતા દોડધામ સાથે અફરાતફરીનો માહોલ સર્જાઈ જવા પામ્યો હતો.

વાપી જીઆઈડીસી થર્ડફેઝ વિસ્તારમાં કાર્યરત કેમોફલેક્સ વાઈપર સિસ્ટમ નામની કંપનીમાં આજે સવારના સુમારે અચાનક ભિષણ આગ લાગી હતી. આગના બનાવની જાણ નોટિફાઈડ ફાયર બ્રિગેડને થતાની સાથે ત્રણથી ચાર ફાયરની ગાડીઓ ઘટના સ્થળે ધસી આવી હતી. કલાકોની જહેમત બાદ આગને બુઝાવી દેવાઈ હતી. આગ લાગવાનું કારણ સંપુર્ણ તપાસ બાદ જ જાણી શકાશે. પરંતુ આગના બનાવમાં કોઈ જાનહાની કે અપ્રિય બનાવ બન્યો નહોતો. ફરજ પરના કર્મચારીઓ સલામત અંતરે દોડી ગયા હતા. કેમોફલેક્સ કંપનીની આજુબાજુમાં વાઈટલ અને સરના કંપનીઓ આવેલી છે. બન્ને કંપનીના જીવ પડીકે બંધાયા હતા. નથી ને ક્યાંક આગ વધુ આગળ પ્રસરે અને અન્ય કંપનીને પણ લપેટમાં લઈ લે પરંતુ આગ બુઝાતા તમામે રાહતનો શ્વાસ લીધો હતો. આગમાં સંપુર્ણ કંપની ખાખ થઈ ગઈ હતી તેથી લાખોનું નુકશાન થયાનું નજરાતું હતું.

# વલસાડ હાઈવે ઉપર પડેલા જોખમી ખાડામાં બાઈક પટકાતા ઘાયલ યુવાન ખાડામાં ધરણા ઉપર બેસી જતા પોલીસ દોડતી થઈ

## હાઈવે ઉપર પડી ચુકેલા જીવલેણ ખાડામાં જીજ્ઞેશ ઠાકુરની બાઈક પટકાતા ઘાયલ થયો હતો








**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૨**

વલસાડ જિલ્લામાં પ્રથમ વરસાદે નેશનલ હાઈવે અને આંતરિક રોડો ઉપર મસમોટા જીવલેણ ખાડાઓની હારમાળા સર્જાઈ ચૂકી છે. રોડ ઉપરના પડી ગયેલા ખાડાઓ થકી અકસ્માત પણ શરૂ થઈ ગયા છે. આજે બુધવારે વલસાડ હાઈવે ઉપર બાઈક લઈને પસાર થઈ રહેલા યુવકની બાઈક ખાડામાં પટકાઈ જતા યુવક ખાડામાં પટકાયો હતો. અકસ્માતમાં યુવકના હાથ-પગે ગંભીર ઈજા પહોંચી હતી.

વલસાડ હાઈવે ઉપર જીજ્ઞેશ ઠાકુર નામનો યુવાન કોઈ કામ હેતુ ઘરેથી બાઈક લઈને નિકળ્યો હતો તે દરમિયાન અચાનક કમ્મરતોડ ખાડામાં પટકાતા બાઈક સવાર જીજ્ઞેશ રોડ ઉપર પટકાયો હતો. અકસ્માતમાં તેના હાથ-પગે વાગ્યું હતું. ત્યારબાદ જીજ્ઞેશ સીધો ખાડા વચ્ચોવચ ધરણા ઉપર બેસી ગયો હતો. ઘટનાની જાણ પોલીસને થતા પોલીસ દોડી આવી યુવકને સમજાવીને સારવાર માટે ખસેડ્યો હતો. જો કે જીજ્ઞેશના આ વિરોધને લોકોએ આવકાર્યો હતો.

# રાજ્યના ખરાબ રસ્તાઓ તાત્કાલિક રિપેર કરવા મુખ્યમંત્રીએ આપી સૂચના





(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ,તા.૦૨**

રાજ્યમાં ભારે વરસાદને પગલે અનેર રોડ-રસ્તાઓની હાલત ખસતા છે. ત્યારે આજે મળેલી કેબિનેટની બેઠકમાં રાજ્યના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે તાત્કાલિક તમામ તુટેલા રોડ અને રસ્તાઓ પર પડેલા ખાડાઓને રિપેર કરવા માટે અધિકારીઓનેસૂચના આપીછે.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં વરસેલા ભારે વરસાદને પગલે અનેક જગ્યાઓ પર પાણી ભરાવવાની સમસ્યાઓ પણ સામે આવી છે અને જેને પગલે સ્થાનિકોને હાલાકી પડી રહી છે.

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કેબિનેટ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વરસાદની સ્થિતિને લઈ સમીક્ષા કરવામાં આવી અને રાહત બચાવ, જળાશયોની સ્થિતિ પર ચર્ચા કરવામાં આવી છે. કૃષિ વિભાગ દ્વારા વાવેતર સહિતની બાબતો કેબિનેટની બેઠકમાં રજૂ કરવામાં આવી છે. આ સિવાય શાળા પ્રવેશોત્સવમાં મંત્રીઓ તથા અધિકારીઓને થયેલા અનુભવો સહિતની વિગતો પર સમિક્ષા કરવામાં આવી છે. સાથે જ રાજ્ય સરકારના આગામી આયોજનો અને નીતિગત વિષયો પર સમિક્ષા કરવામાં આવી છે.

બીજી તરફ સચિવાલય સંકુલમાં બોટલિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. ઝસ ભૂપેન્દ્ર પટેલના હસ્તે બોટલિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. સખીનીર મિનરલ વોટર બોટલ પ્લાન્ટની સ્થાપના કરાઈ છે. સચિવાલયમાં રીયુઝેબલ ગ્લાસ બોટલિંગ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે, જ્યાં પ્લાસ્ટિક બોટલના સ્થાને ગ્લાસ બોટલનો રીયુઝ થશે.

# પારડીના ટુકવાડાથી ૧૮ વર્ષીય યુવતી ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૦૨**

પારડી તાલુકાના ટૂકવાડા ગામ બાવરી મોરા ફળિયા ખાતે રહેતી ૧૮ વર્ષીય યુવતી દીપાકુમારી વિજયકુમાર સરોજ તારીખ ૧/૭/૨૦૨૫ના રોજ ઘરે કોઈને પણ કશું કર્યા વિના ચાલી જતા પિતા વિજય કુમારે પારડી પોલીસ સ્ટેશન ખાતે પોતાની પુત્રી ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.

ગુમ થનાર દીપા કુમારીની માતા ગુડિયા કુમારી ટૂકવાડા ખાતે શિક્ષકની નોકરી કરતી હોય ત્યાંથી સાંજે ચાર વાગ્યે પરત ઘરે આવી જોતા પોતાની પુત્રી નજરે ન ચડતા તેઓએ પતિ વિજયકુમારને ઘરે પુત્રી નહીં હોવાનું કહેતા તેઓએ સંબંધીઓને ફોન કરી જાણ કરતા દિપા કુમારી ત્યાં આવી ન હોવાનું જણાવ્યું હતું. પરંતુ પડોશમાં રહેતી અને વેલસ્પન કંપનીમાં નોકરી કરતી પૂજાબેન નામની મહિલાએ દિપાકુમારીને હાઈવે પર ઊભેલી જોઈ હતી

દીપાકુમારી ઘઉંવર્ણની ૪.૫ ફૂટ ઊંચાઈ ધરાવતી હોય શરીર કાળા કલરનું જીન્સ અને સફેદ કલરનું ટોપની સાથે રંગબેરંગી ઓઢણી ઓઢી હોય, પગમાં સેન્ડલ પહેર્યા છે કોઈને પણ આ યુવતી અંગે જાણ થાય કે મળી આવે તો પારડી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવાયું છે.

# સાચો નેતા પોતાની પદવીથી નહીં, પરંતુ પોતાના નૈતિક મૂલ્યોથી ઓળખાવો જોઈએ

## ગુલઝારીલાલ નંદા દૃઢપણે માનતાં કે, 'સાચી સેવા ફળની અપેક્ષા વગરની હોવી જોઈએ, રાષ્ટ્રસેવા અધિકાર, મોટાઈ કે સ્વાર્થ માટે નહીં, પરંતુ જનહિત માટે થવી જોઈએ, ક્ષણિક સત્તાને કારણે ચારિત્ર્યને લાંછન ન લાગે તેમ નેતાઓએ વર્તવું જોઈએ'

૧૯૯૦ના દાયકાના મધ્યની આ વાત છે.

ઈન્ડિયન એક્સપ્રેસનો રાજ કાન્વર નામનો એક પત્રકાર દિલ્હીની ડિફેન્સ કોલોનીમાં પસાર થઈ રહ્યો હતો, ત્યારે અચાનક એક દ્રશ્ય જોઈને તે વિસ્મિત થઈ ગયો.

વાત એમ હતી કે, એક ઘરમાલિક લગભગ ૯૪ વર્ષના એક વૃદ્ધને મકાન ભાડું ન ચૂકવવા બદલ તેના સામાન સાથે બહાર કાઢી રહ્યો હતો. સામાનમાં એક પલંગ, એક પ્લાસ્ટિકની ડોલ, થોડાં અલ્યુમિનિયમના વાસણો અને બે-પાંચ જોડી કપડાં. પેલો વૃદ્ધ મકાનમાલિકને બે હાથ જોડી કરગરીને વિનવી રહ્યો હતો કે, 'થોડાં દિવસની મહેતલ આપો. હું તમારું સંપૂર્ણ ભાડું ચૂકવી દઈશ!'

પેલાં વૃદ્ધની વિનમ્ર વાણીમાં સચ્ચાઈ નિતરતી હતી, પરંતુ મકાનમાલિકનો ગુસ્સો સાતમે આસમાને ચડી ગયેલો. પેલાં વૃદ્ધ તો શાંતચિત્તે અપશબ્દોની અનરાધાર વર્ષાથી ભીંજાતા રહ્યાં. તમાશાને તેડું ન હોય! આજુબાજુ લોકોનો મેળાવડો જમા થઈ ગયો. પાડોશીઓની દરમ્યાનગીરીથી મામલો શાંત પડ્યો. મકાનમાલિક કમને થોડાં સમયની રાહત આપવા માન્યો! પેલાં વૃદ્ધે પાડોશીની મદદથી પોતાનો સામાન ફરી નાનકડાં ઘરમાં ગોઠવ્યો.

પેલો પત્રકાર મૂક સાક્ષી બની આ પ્રસંગને જોતો રહ્યો! તેને ગાંધીવાદી વેશથી પરિસજ્જ, કેડથી વળી ગયેલી તે વૃદ્ધની દયામણી કાયા પરિચિત લાગી. તેણે ઝીણી આંખ કરી પેલાં વૃદ્ધના ચહેરાને સ્મૃતિપટ પર લાવવા મથામણ કરી. પરંતુ કોણ છે તે સ્પષ્ટ થઈ ન શક્યું!

'સુથારનું મન બાવળીએ' તેમ સમાચારપત્રમાં 'પૈસાની લાલચમાં નિર્દય મકાનમાલિકે વૃદ્ધને ઘરમાંથી કાઢી મૂક્યો.' એવાં શીર્ષક સાથે એક સત્ય ઘટનાને આલેખવા પેલાં પત્રકારે તે વૃદ્ધ ભાડુઆત અને ઘરની તસવીરો લઈ સંતોષ મેળવ્યો.

ત્યારબાદ તે પત્રકાર પોતાની અખબારની ઓફિસે ગયો અને છાપાના માલિકને આ ઘટનાની માહિતી આપી. સમાચારપત્રના માલિકે તસવીરો જોઈ મોટો આંચકો અનુભવ્યો! તે વૃદ્ધ કોઈ બીજું નહીં પણ ભારતના બે-બે વાર પૂર્વ વડાપ્રધાન તરીકે રહી ચૂકેલાં ગુલઝારીલાલ નંદા હતા! સત્ય, સાદાઈ અને ત્યાગના ઉદાત મૂલ્યો જીવી ચૂકેલાં ખરા ગાંધીવાદી આ નેતા કેન્દ્રીય શ્રમ, ગૃહ અને આયોજન મંત્રાલયના મંત્રી તરીકે પણ સેવા આપેલી.



.BAPS સ્વામિનારાયણ સંસ્થાના સ્થાપક શાસ્ત્રીજી મહારાજ સાથે ગુલઝારીલાલ નંદા

બીજે દિવસે આ સમાચાર પત્રના પ્રથમ પાનાં પર મુખ્ય શીર્ષક સાથે છપાયાઃ ''ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન ગુલઝારીલાલ નંદા દુર્દશાગ્રસ્ત જીવન જીવી રહ્યા છે.''

આ સમાચારથી દેશભરમાં - ખાસ કરીને સરકારી આલમમાં ખળભળાટ મચી ગયો. ઘોડાં વછૂટી ગયાં પછી તબેલો બંધ કરવાના નિરર્થક પ્રયાસની જેમ તત્કાલીન વડાપ્રધાને ઘણા મંત્રીઓ અને અધિકારીઓને તેમના ઘેર મોકલ્યા. ઘણી વીઆઈપી સરકારી ગાડીઓ જોઈને મકાનમાલિક ચોંકી ઉઠ્યો! તેણે નંદાજીની માફી માંગી.

સરકાર તરફથી તેમને વૈભવી આવાસ અને અન્ય સુવિધાઓ આપવાનું આયોજન થયું પરંતુ નંદાજીએ નમ્રતાથી કહ્યું ''આ વૃદ્ધાવસ્થામાં આવા વૈભવનો શું ઉપયોગ?'' નંદાને રૂ.૫૦૦/- માસિક ભથ્થું મળતું હતું, પણ તેમણે આ સહાય પણ નકારી દીધેલી. છેવટે નિકટના મિત્રોના આગ્રહથી તે ભથ્થું તેમણે સ્વીકારી લીધું કારણ કે તેમની પાસે જીવન નિર્વાહ માટે બીજો કોઈ સ્રોત નહોતો. એ જ પૈસાથી તેઓ ભાડું ચૂકવીને જીવતા હતા. તેઓ કહેતા કેઃ ''હું આઝાદી માટે લડતો હતો, ભથ્થા માટે નહીં.'' કહેવાય છે કે આ પ્રસંગ બન્યો તે પહેલાં મકાનમાલિકને સમયસર ભાડું મળે તે માટે પૈસાની બચત માટે તેઓ જમવાનું પણ છોડી દેતાં!

તેઓ BAPS સંસ્થાના સંસ્થાપક સ્વામી યજ્ઞપુરુષદાસ - શાસ્ત્રીજી મહારાજના ચુસ્ત અનુયાયી હતાં. પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં તેમણે BAPS સંસ્થાના વિકાસકાર્યમાં લાંબા સમય સુધી સેવા આપેલી. ભગવાન સ્વામિનારાયણના આશ્રિત તરીકે તેઓ નિત્ય શિક્ષાપત્રી અને વચનામૃતનું પઠન કરતાં. પૂજા-પઠન પછી જ ભોજન ગ્રહણ કરવાના નિયમને તેઓ અંતિમ શ્વાસ વળગી રહ્યાં હતાં.

તેઓ દૃઢપણે માનતાં કે, 'સાચી સેવા ફળની અપેક્ષા વગરની હોવી જોઈએ. રાષ્ટ્રસેવા અધિકાર, મોટાઈ કે સ્વાર્થ માટે નહીં, પરંતુ જનહિત માટે થવી જોઈએ. ક્ષણિક સત્તાને કારણે ચારિત્ર્યને લાંછન ન લાગે તેમ નેતાઓએ વર્તવું જોઈએ.'

આવાં ઉમદા વિચારોથી જ તેમની પાસે કોઈ અંગત સ્થાવર કે જંગમ મિલ્કત નો'તી.

તેઓ દેશના વડાપ્રધાન રહી ચૂક્યા હતા - છતાં જીવનના અંતે એક સામાન્ય નાગરિકની જેમ શાંતિથી જીવ્યા. નવરંગપુરા-અમદાવાદમાં તેમની પુત્રી પુષ્પાબેન નાયકને ત્યાં તેમણે અંતિમ વર્ષો પસાર કરી ૯૯ વર્ષની જૈફ વયે ૧૫ જાન્યુઆરી, ૧૯૯૮ ના દિવસે આ દુનિયાની વિદાય લીધી!

આજના ઘણાં નેતાઓની વૈભવી જિંદગીથી નંદાજીની જીવન શૈલી વ્યાપક વિસંગતતા વાળી હતી! 'સાચો નેતા પોતાની પદવીથી નહીં, પરંતુ પોતાના નૈતિક મૂલ્યોથી ઓળખાવો જોઈએ.' એ વાત ભુલાવી ન જોઈએ.

તેમનો જન્મ ૪ જુલાઈ, ૧૮૯૮ ના રોજ સિયાલકોટ, પંજાબ પ્રાંત, બ્રિટિશ ભારતમાં (આજનું પાકિસ્તાન) થયો હતો. તેઓ ભારતના સ્વતંત્રતા ચળવળ, મજૂર સુધારા અને સ્વતંત્રતા પછીના શાસનમાં એક મુખ્ય વ્યક્તિ બન્યા - જીવનની ચડતી-પડતીમાં તેમણે હંમેશા સદાચારના મૂલ્યોને અગ્રિમ સ્થાન આપ્યું હતું.

વિશ્વની સૌથી મોટી લોકશાહીને માણતાં આજના નેતાઓ નંદાજીના જીવનમાંથી ઈમાનદારીના પાઠ શીખી, સાચું અર્ઘ્ય અર્પે તે જ અભ્યર્થના.

## સિક્કાની ત્રીજી બાજુ





**- સ્વામી ચિન્મયદાસ**

# કપરાડાના નાની પલસણ ગામની કરમ દુભાઈ: નદી પાર કરવા ટાયર ટ્યુબનો એક માત્ર સહારો

## વલસાડ જિલ્લાનો તરતો વિકાસ : શિક્ષણ, ખરીદી કે પ્રસુતિ જેવા કામ ટાયર ટ્યુબના સહારે ચોમાસા દરમિયાન નાની પલસણ ગામે થઈ રહ્યા છે









**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૨**

વિકાસની ગમે તેટલી ગુલબાંગો ભલે ફૂંકાતી રહે છે તે સર્વે પોકળ છે. વલસાડ જિલ્લાનો તરતો વિકાસ જોવો હોય તો કપરાડાના નાની પલસાણ ગામની વ્યથા અને દૈનિક જીવન જોવું રહ્યું ગામ મધ્યેથી દમણગંગા નદી વહે છે આ નદી પાર કરવા માટે સ્થાનિક રહીશો એક માત્ર ટાયર ટ્યૂબના સહારે નદી પાર કરવાની લાચારીનો સામનો ચોમાસાના ચાર ચાર મહિના કરી રહ્યા છે.

જિલ્લાના કપરાડા વિસ્તારમાં વસેલું નાની પલસાણ ગામ માટે ચોમાસું શ્રાપ લઈને આવે છે. ગામ બે ભાગમાં વહેંચાયેલું છે. વચ્ચેથી દમણગંગા નદી વહી છે. ગામનો એક હિસ્સો ફળીયા સામા કિનારે વસે છે. જેમાં ૫૦ થી ૬૦ જેટલા ઘરોમાં ૩૦૦ ઉપરાંત લોકો રહે છે. ગામના બીજા હિસ્સામાં સ્કૂલ, દુકાન, દવાખાનું આવેલા છે. ગામના નાના હિસ્સામાં વસતા પરિવારોના બાળકોએ સ્કૂલમાં જવું હોય, રાશન લેવું હોય, નાની મોટી બિમારી કે પ્રસૂતિનો પ્રસંગ ઊભો થતો હોય ત્યારે ગામના સ્થાનિક રહીશો ટાયર ટ્યૂબના સહારે તરીને બીજા ભાગ સુધી પહોંચે છે. જીવનનો કપરો સંઘર્ષ વેઠી રહેલા રહીશો માટે ચોમાસાના ચાર મહિના પસાર કરવા શ્રાપરૂપ સાબિત થાય છે. કારણ કે, દમણગંગા નદીમાં ચોમાસા ચારેય મહિના પાણી હોય છે. જીવના જોખમે લોકો ટાયર ટ્યુબના સહારે તરીને નાની પલસાણના મુખ્ય વિસ્તાર સુધી પહોંચે છે.

ગામના સરપંચ શ્રી વિષ્ણુભાઈ ભોયાના જણાવ્યા મુજબ અમે નદી ઉપર કોઝવે બનાવવાની વર્ષોથી માંગણી કરી રહ્યા છે પરંતુ તંત્ર સાંભળતું જ નથી. પરિણામે સામેના કિનારે રહેતા ઘોળપાડા ફળિયાના લોકો ચોમાસામાં મહામુસીબતનો સામનો કરી રહ્યા છે. કપરાડા વિસ્તારને ચેરાપૂંજી કહેવાય છે અતિશય વરસાદ પડે છે. લોકો આ વિસ્તારને ધરતીના સ્વર્ગ સમાન ગણે છે હોંસે હોંસે ફરવા આવે છે. પરંતુ નાની પલસાણ ગામવાસીઓ માટે આ સ્વર્ગ નહી પણ નર્ક સમાન સાબિત થઈ રહ્યું છે.

જિલ્લાના શહેરી વિસ્તારના બંગલા, ફલેટ, ઊંચી ઈમારતો ઝાકળઝોમ જીંદગી ભલે જીવાતી હોય પણ કડવી અને કરૂણ વાસ્તવિક્તા અંતરીયાળ ગામો છે. ક્યાંક કોઝવે નથી, ક્યાંક સ્મશાન નથી. પ્લાસ્ટિક કે છત્રીઓના સહારે અગ્નીદાહ અપાતા રહ્યાના કિસ્સા વારંવાર પ્રકાશમાં આવે છે. ત્યારે વિકાસની પરિભાષા શું હોઈ શકે તેનો જવાબ જિલ્લા વહીવટીતંત્રએ આપવો જ રહ્યો.